જરથોસ્તી કોન્ફરન્સના

આપખુંદ કામો સામે

ધરખમ પ્રોટેસ્ટોનો ધુંબારો.

છાપી પ્રગટ કરનાર

એક જરથોસ્તી.

મુંબઈ

ચદનવાડી નબર ૧૪૧ વાળાં મકાનમા

મુંબઈ વર્તમાન પ્રેસમાં

મનચેરજી હોશંગજી જાગોશી,—છાપી પ્રગટ કરયુ છે.

યઝદેજરદી સને ૧૨૮૦.

ઈસવી સન ૧૯૧૧.

દીબાચો.

મહેરબાન નેક જરથોસ્તી બાનુંઓ અને ગ્રહસ્થો, કેટલાક જુદદીન ઝગડો જગાડનારાઓ અને તેની હીમાયત કરનારાઓ કેટલેક વખત થયાં આપણી રાંક અને નેક ગરીબડી જરથોસ્તી કોમમાં ફેસ્તા, ફજેટી, કંકાશ, કજીઆ, સીધી યા આડકટરી રીતે કરાવતા રહયા છે, અને જેમ પેલી કહેવટ છે કે "હાર્યો જુગારી વધું ખેલે" તેમ પોતાની નેમમાં નહિ ફાવવાથી કોઇપણ રીતે કોમની ધર્મ ચુંસ્ત ઓરથોડોકશ પાર્ટીને હંફાવવાની તજવીજો કરી રહયા છે—અને ગયે સાલથી એક કોન્ફરન્સનું ધતીંગ કોમને નામે ઉભું થયું છે, અને તેમાં દીનદાર જરથોસ્તી-ઓને સામેલ કરી પોતાનું પાકીંયું કાંમ કરી લેવાને નેમો રાખી હતી, પણ તે દાદરનાં સુક્ર કરીશું કે, એ સુંધારાને નાંમે કુંધારો કરનારાઓનો ભરમ પુટીગ્યો છે, અને કમીટીમાં જે ધોરણ ઉપર કામ લેવામાં આવ્યું હતું તે ઉપરથી ખોલ્લી રીતે જણાઇ ગયું છે, કે કોઇપણ રીતે એ સાહેબોની નેમ-ધર્મ ઉપર ચુંઠણાં પાડવાની છે ત્યારે એક ધર્મચુસ્ત, પોતાનાં પેગમ્બરને માંન આપનાંર, ક્રીયાઓની જરૂર સ્વિકારનાર, પોતાનાં જાહોજલાલી પામી ગયેલા ન્યાગાંનોને પગલે ચાલનાંર, સચ્ચા જરથોસ્તીએ એક કાંમમાં સામેલ થવું એ તદન ગેરવાજબી છે, કોઇપણ રીતે આપણે એ કાંમમાં મદદ કરવી એ વાજબી લાગતું નથી, કારણ કે એઓ સાથ કાંમ કરનાંઓ કે જેઓ ઓરથો-ડોક્શ વીચાર ધરાવી પોતાના ન્યાગાંનોને પગલે ચાલનારાઓ છે તેઓએ એ સુંધારાને નામે કુંધારો કરનારાઓને સીધો માર્ગ અખત્યાર કરાવાને ઘણી મહેનતો અને કોશેશો કરી પણ તે સગલું નીશફળ નીવડયું. અને સગલું કાંમ એ **એકશત્રીમીશત** શાહેબોએ આપખુંદી ભરેલું, કાયદાઓથી ઉલટું, તદન ગેરવાજબી, પને પોતાની મતલબનું કરવા માડયું, એટલુંજ નહી પણ

પોતાનાં વીરૂધીઓને કચડી નાંખાવાને અને તેઓની ચાકરી નોકરી ધંધો ધાપામાથી ઉખેડી નાખવાની કોસેસો વટીક કરવામાં આવી, ત્યારે ઘણી દલગીરી સાથે એઓનાં આપખુંદી ભરેલા કાંમો તરફ, એઓની મતલબ સાધનાંરા કાંમો તરફ જાહેર અને આગેવાંન વર્તમાંન પત્રોએ અણુગમો જાહેર કર્યો, તેજ પ્રમાણે બહારગાંમની અનજુમન તરફથી ધીકકારની લાગણી પ્રશીધ થઇ, તેમજ કેટલાક ગ્રહસ્થો જેઓ સીખેલા, ભણેલા, બાહોશ આબરૂદાર હતા, તેઓ એ કાંમથી અલગ થઇ જઇ, જાહેરમાં એઓનાં આપખુંદ કામો તરફ અણુગમો દેખાડી પ્રોટેસ્ટો કર્યા છે, તેમજ કેટલાક દીનદાર જરથોસ્તીઓ ભવિશ્યમાં, એ એકશત્રેમીશત વીચારવાલાઓનાં વીચારો સામે કાયદાશર હીમટથી ઘટટા પગલાં લેવાને ખાહેશ રાખે છે, અને તે કીરતાર પાસ હુ ઇચ્છુંચ કે દરેક નેક જરથોસ્તીઓ એઓના આપખુંદ અને ગેરવાજબી કામો તરફ નાપસંદગીની લાગણી જાહેર કર્તા રહે, કારણ કે તેમ કરવાને એ પક્ષનાં સાહેબોએ આપણ દરેક જરથોસ્તીઓને ફરજ પાડી છે, જે આ ચોપડીમાં છપાવેલા ખોલાશાઓ અને ધરખમ, દુરઅંદેશી ભરેલા, લાયક ગ્રહસ્થોથી લખાયલા પ્રોટેસ્ટોનો અભ્યાશ કરી તમારી ખાતરી કરશોજી. અને તમો આં ચોપડી વાચનાંરા નેક જરથોસ્તી બાનુંઓ અને ગ્રહસ્થોએ આ ચોપડી વાચ્યા પછી એ આપખુંદ કામો તરફ કેવે પ્રકારની દીલસોજી દેખાડવી તે તમારી મુંશફી ઉપર હું રાખું છું. કોનફરસની કમીટીના ચોકસ વિભાગો જે આપખુદી ભરી, ગેર કાયદેસર વર્તણુક ચલાવી છે તે સામે દલીલોથી ભરપુર પ્રોતેસ્તો થવા છતાં તે સાહેબો તરફથી તેમજ તેમનાં વાજીંત્રો તરફથી એક બોલ પણ તેના જવાબમાં કહેવામાં યા લખવામાં આવ્યો નથી એ ખુલ્લી રીતે પુરવાર કરે છે કે પ્રોટેસ્ટોમાં જાહેર થયલી તકરારો વાજબી તથા વજુદદાર છે અને તેનો જવાબ કાંઇ પણ સામીબાજુવાલાથી અપાઇ સકાય તેવું નથી.

આપખુંદ કાંમો કરનાંરાઓને અને ધર્મ ચુથનારાઓને ખુદા નેક બુંધી બક્ષે એવું ઇચ્છતો તમારો તાબેદાર

લી૦ એક જરથોસ્તી.

સરૂઆતથીજ "જરથોસ્તી કોનફરંસ કયે ધોરણે કામ લે છે?

તે માટે પતેતી અંક અખબારમાં પ્રગટ થયલો ખોલાશો.

લખનાર—એરવદ જામાસપજી મોટાભાઈ બીલીમોરીઆ.

જત ગઈ તા૦ ૨૬ મી આગસટ ૧૯૧૦ ને દીને જે પહેલી જરથોસતી કોનફરંસે નેમેલી કમીટીની એક સભા કેંગ સ્કુલમાં મલી હતી. જે સભામાં કેવે પ્રકારનું કામ ચાલયું હતું, જે માટે થોડો ખોલાસો મારી જરથોસતી કોમ સમક્ષ રજુ કરૂં છું. જે ઉપરથી વાંચનારી આલમ જોઈ શકશે, અને વીચાર કરશે કે બીજા વરસની કોનફરંસની પહેલીજ સભામાં દરેક કામ અપક્ષપાત ચાલ્યુંચ, કે પક્ષપાત? મને મજકુર સભા માટે ખોલાશો આપવાની મકશદ એજ છે કે, કેટલાક કોનફરરંસના સુકાનીઓ, કેટલાક કોનપરંસને સીધે રસતે મુકી કોમનો વીશવાસ મેલવે એવી ઇચ્છાથી લકત ચલાવનારાઓને, કોનફ-રંસના દુશનનો છે આમ ગીતારે છે. માટે આ ખોલાસા ઉપરથી કોમ બરોબર જાણી શકશે કે કંઇ પક્ષ ઉલટું કામ કરે છે. અને કોણ કોનફરનસના દુશમનો છે.

તા૦ ૨૬ મીની સભામાં શરૂઆતમાં સભાનાં સરનશીન શેઠ મેરવાનજી કામા પાસે એક ખોલાસો માગવામાં આવયો હતો કે નામદાર જસટીસ મી૦ દાવર સાથ તમોએ શું પત્રવહેવાર કોનપરંસ માટે કરયો હતો અને જેનો જવાબ શું મલ્યો છે જે જણાવવું. જેના જવાબમાં જણાવયું કે તે ખાનગી પત્ર વહેવાર હતો. માટે કોનફરંસની મતા નહી કહેવાય, અને તે પત્રો હું જણાવી શકતો નથી. વલી જે વીચારને મી૦ દીનશાહ વાચ્છા જેવા એક અનુભવી માણસે પણ ટેકો આપયો, કે એ પત્રો ખાનગી કહેવાય માટે મી૦ કામાજીને જણાવવાની જરૂર નથી. વલી સાથે એવા દાનેશમંદો વધુ ટેકો આપવા લાગયા, જેથી હમારો સાચયો આવાજ બંધ કરવો પડયો. ત્યારે હું જાણવા માગું છું કે એ સાહેબોએ કયે નીયમે આમ કરવું દરસત ધારયું કારણકે તા૦ ૬ ઠીને દીને મીટીંગ બોલાવા માટે દરેક સભાસદો ઉપર કારડો મોકલ્યા હતા, અને સભામાં હાજર થવા આમંત્રણ કરયું હતું, અને પાછલથી એજ સેકરેટરીઓ મેસરસ દાદાચાનજી અને માદને તા૦ ૧લી આગસટ ૧૯૧૦ ને દીને બીજા કારડો મોકલી સભાસદોને જાહેર કરયું હતું કે તા૦ ૬ ઠીને દીને

પેહેલી જરથોસતી કોનફ્રરનસે નેમેલી કમીટીની એક સભા જે અમોએ બોલાવી છે **તે ચોકસ સબબોને લીધે** અમોને મુલતવી રાખવી પડી છે. બાદ તા૦ ૨૨ મી આગસટ ૧૯૧૦ નાં કારડોમાં એજ સેક્રેટરી સાહેબો જણાવે છે કે, કોનફ્રરનસની સભા **બીજા કારણોસર** મુલતવી રાખવામાં આવી હતી, તે આવતા શુક્રવાર તા૦ ૨૬ મી આગસટ ૧૯૧૦ ને દીને *** મલશે. ઉપલા ત્રણ કારડોનો સાર વાંચયા બાદ દાનેશમંદ શખસો જોઈ શકશે કે એક કમીટી હોય અને તે કમીટીની મીટીંગ એકવાર સેકરેટરીઓએ જાહેર કરી હોય, અને તે પાછલથી **ચોકસ સબબો**ને લીધે તેઓએ મુલતવી રાખી હોય તો તેજ મીટીંગના એક પણ સભાસદને તે કારડોમાં જણાવેલા **ચોકસ સબબો** જાણવા માટેનો શું અધીકાર નથી ? અને શું તેઓ સભાસદોને જાહેર કરેલા **ચોકસ સબબો** સેકરેટરીઓ જણાવવા માટે બંધાયલા નથી ? સાહેબો હું મારી અદનાં શકતી મુજબ જણાવું છું કે **તે ચોકસ સબબો અને સબબોના કારણો** એજ કોનફ્રરનસની કમીટીની મતા કહેવાય, અને તે બાબે દરેક સભાસદને જાણવાનો અને પુછવાનો અધીકાર રહેવોજ જોઇએ અને એ પત્રોનો વહેવાર કમીટીનાં રેકરડમાંજ રાખવું જોઇએ, ભલે જો મજકુર આમંત્રણ કારડો મોકલવા આગમચ મી૦ કામાજી અને જસટીસ મી૦ દાવરને ગમે એટલો ખાનગી પત્ર વહેવાર થયો હોય, જેની સાથ કોઇને પુછવાનો યા જાણવાનો અધીકાર નથીજ, પણ આએ એક વખત બોલાવેલી સભા કેમ મુલતવી રહી તે જાણવાનો સભાસદોનો હક રહેવોજ જોઇએ, અને **ચોકસ સબબો**નો કારડમાં જણાવેલા બોલો વીશે પુછપરછ થવીજ જોઇએ. હવે આ ઉપરથી તમો જોઈ શકશો કે જે હક સભાસદોનો હતો તે સાફ ના પાડવામાં આવયો જે તરફ બાહોશ ગ્રહસથો કે જેઓ સભાસદો હતા તેઓએ પણ આખવીચામણા કરયા તયારે સાહેબો શું એ સભાનું કામ અપક્ષપાત થયું કે પક્ષપાત થયું ? જેનો વીચાર કરવો તમારીજ મુનસફી ઉપરજ સોંપું છું કે કેળવાયલા વરગની તમો કીંમત કરી શકશો. શરૂઆતનીજ એવી ગડબડ અને ઘોંઘાટની અંદર બીજો દાખલો એ બનયો કે, કેટલાક કોનફરનસની કમીટીના સભાસદો માટે પુછપરછ ચાલી, જેમાં મેં મારા મીત્ર એરવદ ફીરોઝ મસાની માટે જણાવયું કે તેવણને આમંત્રણ કેમ નથી થયું. જેમાં કેટલાક સાહેબોએ જુદા જુદા વીચારો જણાવયા, બાદ મને સરનશીને અને એક સેક્રેટરીએ દીલાશો દીધો કે ગમે તો **પછીથી** તમે એરવદ ફીરોઝનું નામ ઉમેરજો હમણા બેસી જાઓ. જેથી સરનશીનના એવા હોકમને માન આપી હું બેસી ગયો, અને મેં આમ ધારયું કે હશે, કાંઈ બીજી વાદ વીવાદ થવાની હશે, અને તેજ પ્રમાણે મારા બીજા કેટલાક મીત્રોએ કમીટીમાં નામો વધારવાની દરખાસત કરવામાં

હતા, (જેમાં એરવદ પાલનજી પાવરીનું નામ પણ હતું.) પણ દરેક જણે, શરનશીને આપેલો જવાબ જે **પછીથી** ઉમેરજો જે જવાબથી સંતોષ પકડયો, અને અમોએ એમ ધારયું કે હાલ નામો વધારવા ના કહે છે. ને પાછલથી વધારવા જણાવે છે એટલે હાલ કાંઈ ઠરાવ નહીં મુકવાનાં હશે અને આગલી કોનફરનસની તવારીખ માટે બોલી દાનેશમંદો કામાજી અને દીનશાહ વાચ્છા કાંઇ ઉમદા તોર શોધી કાઢવાના હશે. પણ હમારા સઘળા વીચારપર પાણી ફરયું. અમુંને અંધારામાં રાખી મી૦ દીનશાહ વાચ્છા ઉઠીને એક ગોઠવી રાખેલો ઠરાવ કમીટી આગલ વાંચી ગયા. જેમાં ત્રણ સેકરેટરી એક સરનશીન અને બે ખજાનચીની નેમણુંકની દરખાસ કરી. જેમાં એક સેક્રેટરી મી૦ માદન માટે મી૦ પટેલે વાંધો રજુ કરયો જેમાં તેવણુની આગલી કોનફરનસના સેક્રેટરી તરીકેની વરતણુંક માટે બોલતા હતા જે સરનશીન સાહેબે નહી બોલવા દેતા તેવણુને બેસાડી મુકયા. બાદ એક બીજા વધુ દાનેશમંદ સેકરેટરી નેમવાને મી૦ ચોકશીએ દરખાસત કરી, જેમાં એરવદ પાલનજી પાવરીનું નામ સુચવયું પણ તે નામ હજુ કમીટીમાં દાખલ કરાવાનું એટલે મી૦ માદને જણાવયું કે તેવણનું કમીટીમાં નામજ નથી. એટલે તેવણુનું નામ લેવાય નહીં. જુવો સાહેબો અહીંયા કેવી કુનેહથી કામ થયું હશે, તે માલુમ પડી આવશે. જયારે હું ફીરોઝ મશાનીનું નામ સુચવવા ગયો તયારે શરનશીને જણાવયું કે તમે હમણાં બેસી જાવો **પછીથી** ઉમેરજો. તેવણુનાં સખુનને માન આપી હું બેસી ગયો, તયારે તેનો નતીજો અમોને ખમવો પડયો. જો હમો તેજ વખતે દબાણ કરી એરવદ ફીરોઝનું નામ ઉમેરાવતે, તો તે તદન કાયદાસર હમો ઉમેરાવી શકતે, અને તે પછી બીજા મારા મીત્રો જે સરનશીનનાં બોલો **પછીથી** ઉમેરાવજો કરી બોલેલા જેથીજ તેઓ પણ બેસી રહયા અને નાંમો નહીં ઉમેરાવયાં, તેઓ પણ તેજ વખતે મારી પુઠે તુરત બીજા નામો ઉમેરાવી શકતે, અને તેમાં એરવદ પાલનજી પાવરીનું નામ પણ આવી જતે, અને પછી જો મી૦ દીનશા વાચ્છા જો સેકરેટરીનો ઠરાવ મુકતે તો તેમાં હમો સહેલાઇથી એરવદ પાવરીનું નામ સેકરેટરી તરીકે ઉમેરાવી શકતે. તેવા દુરઅંદેશ અને બાહોશ ઠરેલ ઠંડા સવભાવનાં ગ્રહસથથી ખરેજ એ કોનફરંસને મોટો ફાયદો થતે અને ડા૦ સહીયાર અને એરવદ પાવરી એ બે સાહેબો ખરેજ એ કોનફરંસને કોમમાં એક આવકારદાયક ખાતું બનાવી શકતે અને હમારો આવાજ અને દરખાસત પણ અમલમાં રહેતે, પણ તેમ એ સુકાનીઓએ થવા દીધું નથી, અને સરનશીને પહેલેથી તકલીદી દીલાસો આપયો, ને કાંઈ બરોબર ખોલાસો કરયો નહી, અને અમોને નામો ઉમેરવાની ઘટતે વખતે સતા આપી નહી અને અંધારામાં રાખયા, અને મી૦ ચોકસીની દરખાસત જે અમારા

તરફનીજ હતી।તે સેક્રેટરીની દરખાસત હતી. તેવણનું નામજ નથી કરી ઉડારી મેલી, હવે જુઓ સાહેબો, કે એ કામ અપક્ષપાત થયું કે પક્ષપાત થયું ? જે માટે તમો ઉપલો ખોલાસો વાંચી બરાબર તોલ કરી શકશો, કારણકે મજકુર સભામાં આજે શું કામ થવાનું છે જે માટે શરૂઆતમાજ સરનશીન સાહેબે ખોલાસો કરવો હતો, યા તો જાહેર વરતમાન પત્રોમાં કામ શું થવાનું છે, દરખાસત કેમ અને કોણ તરફથી આવનાર છે, તે જાહેર કરવું હતું યા તો જે આમંત્રણ કારડ મોકલ્યા તેમાં એ બાબે ખોલાસો કરવો હતો, કે જેથી દરેક જણ પોતાની ગોઠવણોમાં રહે અને જો તેમ થતે તો ખચીત હમો દરેક સાહેબો હમો તરફના વધારાનાં નામો શરૂઆતથીજ ઉમેરાવી દેતે, કે પછી સેક્રેટરી તરીકે મી૦ પાવરીનું નામ પણ આવી શકતે પણ તેમ એ કોનફરંસના સુકાનીઓએ કરયું નથી, અને પોતાની મરજીની ગોઠવણો મુજબ કામ કરયું છે અને તમો સર્વે વાંચનારાઓ જોઈ શકશો કે એ સભામાં કામ અપક્ષપાત થયું છે કે પક્ષપાત ? જે માટેનો વીચાર કરવાનું વાંચનાર આલમની મુનસફી ઉપર સોંપું છું. ત્રીજું એ કે ચોકસ નેમો સાંધવાને માટે ચોકસ સુકાનીઓ પોતા તરફથી બીજા બાહેરના સખસને લાવયા હતા, એમ હતું કે નહી તે નીચલા ખોલાસા ઉપરથી તમો જોઈ શકશો, કે એ કમીટીમાં કોઇ ગ્રહસથ નહી સભાસદ હોય તો તે ગ્રહસથ તે સભામાં હાજરી આપી શકે કે ? જો કોઈ સભાસદ હોય અને તેણે આમંત્રણ કારડ નહી મલ્યો હોય તો તેનીથી પણ નહી આવી શકાય, પણ આજે સભામાં વગર આમંત્રણે ચોકસ ગ્રહસથ આવીને બીરાજયા હતા, અને બસે વલી બીરાજયા તોપણ વલી તયાં જે કામકાજ ચાલયું હતું તે કામકાજમાં હાથ ઉંચો કરી પોતાનું મત પણ આપવા લાગયા, અને તેમ થવાથી એક બે વધુ મતે કેટલાક ઠરાવો ઉડી ગયા હતા, અને એ બનાવાજોગ છે, કે જો એક વધુ મત પડે તો કેટલાક ઠરાવો ઉડી જઈ શકે, જે તમો સર્વે જાણો છો, તયારે સાહેબો એ શું સભાનું કામ વાજબી અને કાયદાસરનું કેહેવાય કે ? બીજાઓ એમ કાંઇ નહી કહી શકે કે જેમ એક ગ્રહસથ વગર આમંત્રણે આવી પોતાનું મત આપયું તેમ બીજાઓએ નહી આપયાં હોય, કાંઇ દરેક જણને કોઈ ઓલખી શકે નહી. તયારે એ સભાનું કામ અપક્ષપાત થયું કે પક્ષપાત જે વીચાર કરવા હું તમારીજ મુનસફી ઉપર સોંપું છું. ચોથું એ કે શરૂઆતમાં મી૦ વાચછાએ સેક્રેટરીઓ વીગેરેનાં નામો સુચવયા જેમાં મી૦ માદનનુ નામ મી૦ પટેલને વાંધાભરેલું લાગયું. ત્યારે મી૦ પટેલ બોલવા ઉઠયા અને આગલી કોનફરનસમાં મી૦ માદને કેવે પ્રકારનું કાર્ય્ય કરયું હતું જે ઉપર વીવેચન કરતા હતા તયારે તેઓને સરનશીન સાહેબે એકદમ બેસાડી મુકયા અને જણાવયું કે **આગળી કોનફરંસની બાબદ** બીલકુલ લાવવી નહી અને તે ઉપર કાંઈ બોલવું નહી. જે પછી મી૦ જીજીભાઈ

મીસ્ત્રીએ ખરડો ઘડવાની કમીટીનાં નામોનો ઠરાવ મુકયો જેની અંદર મેં કેટલાક નામો સુચવયા તેમજ બીજા સાહેબોએ બીજા નામો ઉમેરાવાને આગ્રહ કરયો તયારે ભલા અને બાહોશ ડા૦ સહીયાર ઉઠી બાપોકાર બોલ્યા કે આગે જે નામો સુચવયા છે તે નામોમાં કેટલાક એવા છે કે જેઓએ **આગળી કોનફરંસની** વીરૂધ ઘણું બોલ્યા છે અને તેઓ ઘણા વીરૂધ વીચારો જણાવે છે વીગેરે વીગેરે. હવે, સાહેબો **આગળી કોનફરંસના** બોલો બોલતાં ડા૦ સહીયારને શરનશીન તરફથી બેસાડી દેવામાં નહી આવયા જેમ મી૦ માણેકજી પટેલને એકવાર સરનશીને બેસાડી દીધા હતા અને જણાવયું કે આગલી કોનફરંસ માટે કાંઈજ બોલવું નહી. સાહેબો ડા૦ સહીયારના બોલો પાછા ખેંચાવી લેવાડવાને ગમે બદલાગી લેવી પડી. પણ સરનશીન સાહેબે તેમ કરયું નહી જેમ મી૦ પટેલ માટે કરયું હતું તેમ, પણ અખાડા કરી બેસી રહયા, તયારે શું એક સભાસદને એક ચીજ બોલવાનો હક નહી અને બીજાને હોય, એ વલી કયો કાયદો હશે અને જયારે એમજ દરેક કામ ચાલે તો એ સભાનું કામ અપક્ષપાત થયું કે પક્ષપાત થયું, જે વીચાર કરવો હું તમારા વાંચનારાઓની મુનસફી ઉપરજ સોંપું છું.

જયારે એવું કામ ચાલે તો કાંય નહી એ કામની વીરૂધ થઇ બીજાઓ સીધો રસતો દેખાડી શકે, કાંય નહી વાજબી બોલી શકે, અને જયારે એવા પક્ષપાત કામની સામે થઇ લડત ચલાવે તયારે તેમને કોનફરનસનાં વીરૂધી તરીકે ઓલખે છે, પણ સરવ વાંચનારાઓ જોઇ શકશે કે કોનફરંસ વીરૂધ ખરેખરા કોણ છે, અને ઉપલા ખોલાસા પછી આપણે જોઇ શકીશું કે કોનફરનસના સુકાનીઓજ કોનફરંસની વીરૂધી છે, અને કોનફરંસને તોડી પાડવા ઇચછે છે, અને એ સાહેબોને શીધે રસતે દોરવા માંગયે છીયે કે કોમની હીનપસતીમાં એ સાહેબો પણ નહી આવે અને હમો સાથે કામ કરનારાઓને પણ કોઇ કાંઇ બોલી નહી શકે. કેટલાક કોનફરનસના સુકાનીઓ કોમનો અવાજ દાબી દેવા માંગે છે, અને જણાવે છે કે લોકોના વીચાર સાથ હમોને દરકાર નથી. અમોને જે વાજબી લાગ તેજ કરીશું પણ મારા ભાઇઓ જયારે તમોને કોમની દરકાર નથી, કોમ સાથ સંબંધ નથી તયારે શા માટે તમો જરથોસતી કોનફરંસ કરો છો, અને બીજી ગમ છાતી ઠોકી બાપોકાર જાહેર કરો છે કે, હમો તો કોમમાં સુધારો કરીયે છીએ, કોમનું ભલુ કરીયેચ, એવી ઉકમાઇનાં બોલો શા માટે બોલોછો. જો તમો પાંચ પંદર માટેજ કોનફરનસ બનાવી છે તો પછી શા માટે કોમ બોલ વાપરો છો. અરે મારા મહેરબાનો, તમો તમારો ખરો રસતો ભુલયા છો, જયારે તમોને કોમની જો દરકાર નથી, તો પછી કોનફરનસજ શાને માટે જોઇએ, કોનફરનસની હસતીજ નહી જોઇએ, અને સુધારા (કુધારાઓ) શાને માટે અને કોણને માટે જોઇએ? પણ તમો ભુલો છો.

જ્યાં સુધી કોમનો આવાજ ધ્યાન ઉપર લેશો નહી, તે ઉપર દુર અંદેશાથી વીચાર કરશો નહી, અને કોમને માન આપશો નહી અને ચોકસ નીચે જણાવેલી કબુલાતો (વચન) કોમને આપશો નહી, તયાં સુધી કોમ તમારૂં કાંઈ સાંભલનાર નથી, અને તમારા કેહેવાતા સુધારાઓ, અને વરસ દહાડાની મહેનત પાણીના પરપોટાની મુવાફેક જાણુજો અને જરૂર જાણુજો. જેમ ગયે સાલ કોન્ફરન્સના ચોકસ કારોભારીઓનાં આપખુંદી ભરેલા કામોથી કોનફરનસે કોમનાં મોટા ભાગમાં બેદીલી ઉતપન કરી હતી, અને કોમમાં કચવાત પેદા કરયો હતો, તેમ આ સાલ પણ થશે એમ નીશચય જાણુજો; કારણ કે શરૂઆતથી ચીનહો ખોતા અને પક્ષપાત દેખાવા લાગા છે, નહી તો મારા દાનેશમંદ સુકાનીઓ તમો દુરઅંદેશી વાપરી કોમનો ચાહ અને ભલા આશીશ મેલવવા માંગતા હોવ તો અને સીધો રસતો પકડી કોમમાં ખરા સુધારાઓ તમો દાખલ કરવા માંગતા હોવ, ને તમારી ખરી જીવતોડ મહેનત નો બદલો મેલવવા માંગતા હોવ, કોમની રાહબરી કરવા માગતા હોવ, કોમની સેવા બજાવવા માગતા હોવ તો કોમના આવાજનેજ માન આપી ચાલો, અને કોમમાં જે શક ઉતપન થયો છે તે તમો સધીઆરો આપી વચન આપી દુર કરો, તો તમો સુધારકોને કોમ મદદ આપવાને તઇયાર થશે માટે નીચલો ખોલાસો જાહેર કરે કે, હમો કોનફરંસનાં કામમાં કોઈપણ દીવસ જુદદીન ઝઘડો જગાડીશુ નહીં. કોમેટોરીયમની હીમાયત કરીશું નહીં. અને બીડી ફુંકુઓની તરફદારી કરી તેઓને ઉતેજન આપીશું નહી, અને ધર્મની પવીત્ર ક્રીયાઓ સાથ ચેડા કાઢી તે બાબદ કોનફરંસમાં લાવીશું નહીં. જો એ કબુલાતો આપવામાં આવે અને કોનફરંસનો વહીવટ દાનેશમંદ પુરશોને સોંપવામાં આવે તો ખચીત હું હીંમતથી કહું છું, વગર સરાહગાતે કહું છું કે એ કોનફરંસ એક જુદાજ આકારમાં બદલાઇ જાય, અને તેમાં મેં ઉપર જણાવેલા ચાર ખોલાસા પ્રમાણે પક્ષપાત વહીવટ નહી પણ તદન અપક્ષપાત વહીવટ ચાલે તો, એ ખાતું કોમને ઘણુંજ મદદકરતા અને આવકારદાયક થઈ પડશે, એમાં કશો સંદેહ નથી, અને તેમ થવાથી એ મંડલમાં કામ કરનારાઓ કોમના હમેશ ભલા આશીશ મેલવતા રહેશે.

તમો અધીપતી તદન અપક્ષપાત પત્રકાર તરીકે અપક્ષપાત લખાણોને વારંવાર જગા આપો છો જે માટે તમોને ધનયવાદ ઈચ્છું છું. એવાં પત્રો લાંબી જીંદગી ભોગવજો.

લા૦ દુવાગીર,

એરવદ જામાસપજી મોટાભાઇ બીલીમોરીયા.

ધણાંક કેલવાયલા ગ્રહસ્થો તરફથી એક ખોલાશા વાર પ્રોટેસ્ટ.

શેઠ મેહરવાનજી મનચેરજી કામા,

જરથોસ્તી કોનફરન્સ કમીટીના સરનશીન, જોગ.

સાહેબ,

"જરથોસ્તી કોનફરન્સ" ના બંધારણ તથા કાયદા વીગેરેને માટે નેમાયલી સબ-કમીટીએ ધડી કહાડેલા ખરડા ઉપર વીચાર ચલાવવા કાજે તા૦ ૩ જી મે ૧૯૧૧ ને દિવસે કોનફરન્સની કમીટીની જે સભા મળી હતી તે ભસામાં જે ગેરરીતી, પક્ષપાતી અને ગેરઈનસાફીથી કામ લેવામાં આવ્યું હતું અને જેથી તેની સામે અમારા વાંધા (protest) અને નાપસંદગી (disapproval) ની લાગણી દર્શાવવા ત્યાં હાજર રહેલા અમો નીચે સહી કરનારા સભાસદોને તે બેઠક છોડી જવાની ફરજ પડી હતી, તે વાંધા (protest) અને નાપસંદગી (disapproval) ની નોંધ લેવાને અમો તમને અર્જ કરીએ છૈયે.

૨. કયા સંજોગો વચ્ચે અમને તે બેઠક એક "પ્રોટેસ્ત" દાખલ છોડી જવાની ફરજ પડી હતી તે અમે અતરે જણાવવાની રજા લઇએ છૈયે.

૩. મુંબઈમાં મળેલી કોનફરન્સની છેલ્લી બેઠક વેળાએ તેને માટે જાથુકનુ બંધારણ મુકરર કરવા માટે એક કમીટી નેમવામાં આવી હતી. આ બંધારણને માટે એક ખરડો ધડી કહાડવા તે કમીટીએ પોતામાંથી એક સબ-કમીટી નેમી હતી. કોનફરન્સના આગેવાનોએ માત્ર મી૦ વીમાદલાલ અને દા૦ દીનશાહ માસ્તર શિવાય બાકીના સધળા પોતાનીજ પક્ષમાના સભાસદોને મજકુર સબ-કમીટીમાં પોતે આગમચથી કરી રાખેલી ગોઠવણ મુજબ નેમાવ્યા હતા અને અમારા મધેના કેટલાક સભાસદોને તેમા દાખલ કરવાની દરખાસ્તો મુકાઈ હતી તે રદ કરી તેવા એકપણ સભાસદને સામેલ કરવામાં આવ્યો નહીં હતો.

૪. આ એકતરફી સબ-કમીટીએ ધડેલા ખરડાની પહેલી કલમ સર્વેથી વધારે અગતસની હતી કારણ કે તેમાં કોનફરન્સની નેમો તથા તે પાર પાડવાની

રીતિઓ દર્શાવવામાં આવી હતી. આ કલમમાં ધર્મ સંબંધી સવાલોને ઠરાવો, નિબંધો તેમજ બીજા કાયદા પુર્વક પગલાંઓ મારફતે આગલ વધારવાના ધોરણે હાથ ધરવાની નેમ પણ સમાવી લેવામાં આવી હતી.

૫. ધર્મ સંબંધી સવાલો વિશે લોક લાગણી હંમેશા તિક્ષણ રહે છે, અને તેને લગતાં જ્ઞાનની ઘટતી ખબર વગર અને તેના ગુહ્ય ભેદો વિગેરે સમજવાની અશકિતને લીધે તે સવાલો હાથ ધરવાનું કામ અતિશય જોખમ ભરેલું થઇ પડે છે. આ બાબદ કેવી નાજુક છે અને તેને હાથ ધરવા સામે કોમની સામાન્ય લાગણી કેવી છે તે તો કોનફરન્સની છેલ્લી બેઠક વેળાએ ખુલ્લું પ્રગટી આવ્યું હતું. ધર્મને લગતા આવા નાજુક સવાલો બાજુ મુકતાં આપણી કોમની બહેતરી માટે કેળવણીને લગતા તેમજ તેવા બીજા આર્થીક અને સંસારીક અનેક સવાલો ઉપાડી લેવા માટેનું આપણી સામે ખોહલું ખેતર પડેલું છે. એટલે અમારી અંતઃકરણ પુર્વક માન્યતા છે કે જો આપણે આ કોનફ્રન્સનો ઘટતો ઉપયોગ કરવા ચાહાતા હોઇએ અને તેના કામને ફતેહમંદ ઉતરવા માગતા હોઇએ તો તેમાંથી ધર્મને લગતા સવાલો, કાંઇ નહી તો હાલના સંજોગોમાં નિરાળાજ રાખવા જોઇએ છે કારણકે તેમ કીધા વગર કોનફરન્સ કોમનો વિશ્વાસ મેળવે એ અશકય છે અને તેવા વિશ્વાસ વગર તેના ધારેલાં કાંઇપણ કામનું પાર ઉતરવું એ અસંભવિત છે.

૬. આ અમારા વિચારો કમીટી સન્મુખ રજુ કરી તેના સંબંધમાં ઘટતો વાદવિવાદ ચલાવી સઘલા વિચારવાળાઓને સંતોષ આપે એવો કાંઇક તોડ કહાઢવાની અમે આશા રાખી હતી. અને આ હેતુ પાર પાડવાને માટે ધારર્મીક બાબદના સંબંધમાં ત્રણ એમેન્ડમેન્ટો અમોએ મુકયાં હતાં, કે જેથી કાંઇ નહી તો એક યા બીજી રીતે સાથે મળી, લોક લાગણીને અનુસરીને આપણે ઘટતા ઠરાવ ઉપર આવી શકીએ અને આપણા કામ તરફ કોમની દીલસોજી અને વિશ્વાસ ખેંચી શકીએ.

૭. પણ જેવી રીતે કમીટીની ઉપર જણાવેલી બેઠક વેળાએ કામ લેવામાં આવ્યું તેથી તે અમારી આશા અને કોશીશ વ્યર્થ ગઇ છે.

૮. ઉપલી બેઠક વેળાએ જે રીતે કામ લેવાવા માંડયું હતું તેજ ખુલ્લું દેખાડી આપે છે કે અમારી વિરુદ્ધ પક્ષવાળાઓ એવા ઠેરાવથીજ ત્યાં આવેલા હતા કે પોતાની ધારેલી બહુમતી, જે ત્યાં તે વેળાએ ભેગી કરવાની તેઓએ આગમચથી બનતી તજવીજ કરવાની સંભાળ લીધી હતી. તેના બળે

કાંઇ પણ કરીને કાંઇ નહી તો કોનફરન્સના બંધારણના ખરડામાં સમાયલો સર્વેથી અગત્યનો સવાલ તેજ બેઠકમાં કાંઇપણ વિચાર ચલાવ્યા કે દલીલો સાંભળ્યા વગર જરાપણ ફેરફાર વીના પસાર કરી નાખવો. અને અમને અતી દલગીરી સાથે કહેવાની ફરજ પડી છે કે પ્રમુખ તરીકે તમોએ તે તેમની મતલબ પાર પાડવાને એક રીતે ટેકો આપ્યો છે.

૯. કમીટીના સભાસદોની સંખ્યા ૧૪૨ ની હોવા છતાં અને પણી તે સંખ્યામાં પોતાની આગમચથી ગોઠવેળી બહુમતી હતી તે છતાં તેમાં હજી પણ વધારો કરવા કાજે ઉપલી સભામાં અમારી વિરૂદ્ધ પક્ષનાઓને પોતાના વિચારોને મળતા બીજા આઠ વધુ સભાસદો ઉમેરવાની જોગવાઇ કરી આપવામાં આવી, એટલુંજ નહી પણ તેઓમાંના કેટલાકોને આગમચથી ત્યાં હાજર રાખી તેમના મતોનો લાભ તેજ બેઠકમાં લેવાની તજવીજ રાખવામાં આવી હતી. એ વધારાનાં નામો અમારામાના મોટા ભાગની વિરૂદ્ધતા વગર પસાર થયા પછી જ્યારે અમારી પક્ષના સભાસદોએ કેટલાંએક નામો સુચવ્યાં ત્યારે સામી પક્ષે તે સામે પોતાનાં મતો આપી તે મોટે ભાગે રદ કરયાં.

૧૦. મી૦ જમશેદજી દલાલ પોતાની દરખાસ્ત મુકી રહ્યા પછી તે ઉપર વાદવિવાદ થવાની શરૂઆતમાંજ ડા૦ શરાફે ભાષણો કરવાનો વખત મુકરર કરવાની સુચના કીધી, અને જો કે તે વેળાએ તો પ્રમુખ તરીકે તમે તે સુચના નહી સ્વિકારવાનું ડહાપણ દેખાડયું, છતાં આ સુચનામાં "સુધારા" પક્ષની નેમ તથા તે પાર પાડવા માટે પ્રમુખની મદદની તેઓએ રાખેલી વકી ખુલ્લી માલમ પડી આવે છે.

૧૧. આ એક કમીટીની સભા હતી જે કોનફરન્સના બંધારણનો ખરડો તૈયાર કરવા ભેગી મળી હતી. અને આ બાબદ એટલી બધી અંગતયની હતી કે તે ઉપર ધીરજ અને શાંતપણે પુરેપુરો વિચાર ચલાવવાની જરૂર હતી. અને તેમ કરવા માટે સઘળાઓને પોતાના વિચાર કાંઇપણ અનઘટતા આંકોશ વગર દર્શાવવાની ટક આપવાનું અવસ્યનું હતું, કારણ કે આમ વિચારનો આવજો માવજો કીધાથી અને એક બીજાની જુદા જુદા પ્રકારની દલીલો સાંભલ્યા પછીજ સઘળાને અનુસરતો થઈ પડે એવો કાંઇ વચલો તોડ કહાઢી શકાય એમ છે.

૧૨. પણ પેલી બનાવતી (paoked) બહુમતીની કુમક ઉપર તેમ કશું બનવા દેવાની અમારી વીરૂદ્ધ પક્ષની કશી મતલબ હતીજ નહી. ત્યાં

તો પોતાનાજ વિચાર પ્રમાણેનો ખરડો પસાર કરાવી લેવાનો હતો એટલે પછી તે મતલબની વિરૂદ્ધનાઓના મોઢાં બંધ કરવા અને તેમને કાંઈ પણ કરી બોલતા અટકાવવાને હરેક પ્રકારના અનઘટતા, ગેરઈનસાફી ભરેલા, એક આબરૂદાર મંડળને ન છાજતા પગલાં લેવાવાં લાગ્યાં.

૧૩. પહેલુંજ એમેન્ડમેન્ટ મુકનાર મી. માણેકજી પટેલ તરફ શરૂઆતથીજ વીરૂદ્ધ પક્ષ તરફથી ન છાજતી નડતરો નખાવા માંડી અને તેમના બોલવામાં અનઘટતા ટાહુકા વિગેરેથી અડચણ કરી તેમને બેસાડી દેવાની ખુલ્લી તજવીજ થઇ. આમ કરતાં તેઓને વારવાને બદલે સરનસીન તરીકે તમો સાહેબે તો "ધર્મમાં સુધારો કરવાની નેમ કોઇની છેજ નહી" એમ કહી મી. પટેલને બોલતા અટકાવ્યા હતા. સરનશીન તરીકે તમો સાહેબે એમ અનેકવાર કહ્યું ખરૂં પણ બંધારણની પહેલી કલમનો દેખીતો ભાવાર્થ ધાર્મીક બાબદોમાં પણ સુધારો વધારો (progress) કરવાનો છે, એ તદન ખુલ્લું છે.

૧૪. એરવદ મસાની થોડાક શબ્દો બોલ્યાં કે તુરત મી. જીજીભાઈ મીસ્રી તરફથી વખતની બાધ મેલવાની સુચના થઈ જે એરવદ મસાનીના વાંધા છતાં તમે તુરત ઉપાડી લીધી અને તે પછી માત્ર પાંચ મીનીટ બોલવા દઇને તેમને બેસાડી દેવામાં આવ્યા, જો કે બોલનારાઓ માટે ચોકસ વખત ઠરાવવાની સભાની મનજુરીઆત કાયદા સર લેવામાં આવી હતી નહી.

૧૫. મી૦ મહાલક્ષ્મીવાલા એક એમેન્ડમેન્ટ ઉપર ઘણુંજ ટુંકમાં અને મુદ્દાસર વિવેચન કરતા હોવા છતાં તેમને પણ શરૂઆતમાં "ટુંકું કરો" કહી બોલતા અટકાવવાનું તમોએ વાજબી જોયું.

૧૬. અમુક એમેન્ડમેન્ટ મુકાયા પછી તે ઉપર કોઈ સભાસદોએ કાંઈ વિવેચણ કરવું છે કે કેમ તેને માટેની પુરતી છુટ અથવા ટક આપવાને બદલે તરત બીજાં એમેન્ડમેન્ટો મુકવાની માગણી કરવાની ઉતાવળ તમે તેમજ કેટલાક સભાસદો કરી રહ્યા હતા અને છેવટે જ્યારે ડાકટર દાજી બોલવા ઉઠયા ત્યારે તેમને પણ ઘણી આનાકાની સાથે માત્ર પાંચજ મીનીટ બોલવાની રજા આપવાનો તેમની ઉપર ઉપકાર કીધો હતો.

૧૭. વળી મી૦ શાપુરજી કાતરક, મી૦ શાંપુરજી હોડીલાવા, એરવદ સોહરાબ પંથકી, મી૦ દીનશા મસાની, મી૦ અરદેશર દલાલ વિગેરે સભાસદો પોતાના વિચારો દર્શાવાના હતા તેમને તે ટક આપવામાં આવી નહી. એ

પ્રમાણે સામી પક્ષ તરફથી અનેક વાર તમુને જાહેર રીતે કહેવામાં આવ્યું હતું કે એમેન્ડમેન્ટ મુકનાર તથા તેને ટેકો આપનાર વટીકને પણુ બીલકુલ બોલવા દીધા વગર તે માત્ર રજુ કરવાનીજ પરવાનગી આપવી તે સુચનાને અમુક દરજજે અનુસરીને તમો કામ લેતા હતા એ સીદ્ધ થયું હતું.

૧૮. એક અગત્યની બાબદ ઉપર વિચાર ચલાવવાને ભેગાં મળેલાં એક મંડળના સભાસદોને "ટુંકું કરો, કાંઇ નવું હોય તોજ બોલો, વધારે વાર હવે નહી બોલાશે. માત્ર પાંચ મીનીટજ બોલી શકાશે, બોલવાની કાંઈ જરૂર નથી" એવી રીતે બોલતાં અટકાવવામાં રેલવેની ઝડપે પોતાની ધારેલી મતલબ પાર પડે ખરી પણુ તેના સંબંધમાં સંભાળ ભરેલો વિચાર ચાલાવવા સામે ગેરઇનસાફી અટકાવ નાખેલો તો ખુલ્લે ખુલ્લોજ દેખાઈ આવે છે.

૧૯. વલી અમારી પક્ષનું જ્યારે કોઇ બોલવા ઉઠતું હતું ત્યારે સામી પક્ષવાલાઓ જે ન છાજતા ટીકાઓ કરી તેમના બોલવામાં ખલલ કરતા હતા ત્યારે પ્રમુખ તરીકે તેમને મક્કમપણે વારવાનું તમે દરૂસ્ત જોયુ નહી, જ્યારે અમારા ગમે એવા મુદ્દાસરના બોલવા સામે તમો અઘટીત અધીરાઇ ખુલ્લે ખુલ્લી દેખાડી રહયા હતા.

૨૦. આ તો સભાસદોના વિચારો દર્શાવવા સામે પ્રમુખ તરીકે તમે નાખેલા ગેરઇનસાફી ભરેલા અને પક્ષપાતી અટકાવના સંબંધમાં થયું પણુ તે કરતાં વિશેષ તો મતોની ગણુત્રીમાં અને "પોલ" નહી આપવાની તમારી વર્તણુકના સંબંધમાં બનેલું દીઠામાં આવે છે.

૨૧. છેલ્લાં એમેન્ડમેન્ટ ઉપર મત લેતાં તેની તરફેણુ તેમજ વિરૂદ્ધમાં તમે મત ગણ્યાં હતાં તેમાં અને અમારા માહેલા કેટલાકોની ગણુત્રીમા દેખીતો ફરક હતો. આ ઉપરથી મી. માનેકજી પટેલે "પોલ"ની લેખીત માગણી કીધી હતી તે સ્વીકારવામાં આવી નહી તો નહી પણુ મત ફરીથી ગણુવાની પણુ દરકાર કરવામાં આવી નહી અને ત્રીજા સુધારા ઉપર મત લેવા માંડયાં.

૨૨. ત્યાર પછી ત્રીજા અમેન્ડમેન્ટ ઉપર મત ગણુતાં ફરી અમારી ગણુત્રીથી જુદી પડી હતી અને વળી તે ઉપર તમારૂં લક્ષ ખેંચવામાં આવ્યુ પણુ તે ઉપર પણુ તમે કશું ધ્યાન આપ્યું નહી. મજકુર એમેન્ડમેટની તરફેણુમાં ૩૦ મત ગણેલાં પ્રમુખે જાહેર કરતાં વાર મી૦ પટેલ બોલી ઉઠયા કે "મે પણુ મત ગણ્યાં છે અને તેની સંખ્યા ૩૭ની થાય છે" આ રીતે તુરત વાંધો

ઉડાવ્યા છતાં તમે ફરી મત ગણવાની દરકાર કીધી નહી પણ મજકુર સુધારાની વિરૂદ્ધના મત તુરત ગણવા માંડયા અને તેની સંખ્યા ૩૬ ની જાહેર કીધી. આ ઉપરથી વળી મી૦ પટેલે જણાવ્યું કે તેમની ગણત્રી પ્રમાણે તેવાં મતોની સંખ્યા માત્ર ૨૮ ની છે. આમ છતાં જ્યારે તમે મતો નક્કી કરવાની દરકાર કીધી નહી ત્યારે મી૦ પટેલે ૭ શભાસદોની સહી સાથની "પોલ"ને માટેની લેખીત માગણી કીધી, જે પણ રદ કરવામાં આવી. મી૦ પટેલ ઉપરાંત મી૦ જાહાંગીર પુનેગરે પણ મજકુર એમેન્ડમેન્ટ ઉપર મતોની ગણત્રી કીધી હતી અને તેવણ ખાત્રીથી કહે છે કે મી૦ પટેલની ગણત્રી તદન ખરી હતી.

૨૩. તમો સાહેબે ગણેલાં મતોની સંખ્યા ખરેખર ખોટી હતી તેનો આ અચુક પુરાવો અમો રજુ કરીયે છીયે કે જ્યારે તમોએ છેલ્લાં એમેન્ડમેન્ટની તરફેણમાં માત્ર ૨૭ મતો ગણ્યાં હતાં ત્યારે ખરી રીતે તો નીચલા ૩૦ સભાસદોએ મજકુર એમેન્ડમેન્ટની તરફેણમાં હાથ ઉંચા કરી મત આપ્યું હતું એવી લેખીત સાહદત અમોએ મેલવી છે, અને એ ૩૦ સભાસદો ઉપરાંત બીજા કેટલાક સભાસદોએ પણ તેની તરફેણમાં મત આપ્યાં હોય એ બનવા જોગ છે. એ લેખીત સાહદત અમારામાંના દા૦ જા. ખ. દાજીના સ્વાધીનમાં છે જે તમો સનમુખ રજુ કરવાને તેવણ તૈયાર છે, આ મત આપનારાઓના નામ નીચે મુજબ છે:—

૧ મી૦ જહાનગીર જમશેદજી વીમાદલાલ, એમ. એ , એલ. એલ. બી. (સોલીસીટર.)

૨ ,, જહાંનગીર ખરશેદજી દાજી, એલ. એમ. એન્ડ એસ.

૩ ,, સોરાબ જમશેદજી બલસારા, એમ. એ. (અવસ્તા સ્કોલર.)

૪ ,, પાલનજી દોરાબજી પાવરી, બી. એ. (પ્રીન્સીપલ, બી. જે. ઈન્સ્ટીટયુટ.)

૫ ,, ફરામજી હોરમસજી અરજાની.

૬ ,, કાવસજી ધનજીભાઈ મહાલક્ષ્મીવાલા (સુપ્રીંટેન્ડંટ, વીકટોરીયા ગારડન્સ.)

૭ ,, ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ. (અવસ્તા સ્કોલર.)

૮ ,, ફરેદુન કેરસાસ્પ દાદાચાનજી, એમ. એ., એલ. એલ. બી. (સોલીસીટર.)

૯ ,, મનચેરજી ફરામજી ખાન.

૧૯ મી૦ બમનજી માનેકજી ઉનવાલા, બી. એ., એલ. એલ. બી.

૧૧ ,, ફરામજી બમનજી માસ્ટર, બી. એ. (પ્રીનસીપાલ ફોર્ટ એન્ડ પ્રોપ્રાયટરી હાઈ સ્કુલ.)

૧૨ ,, શાપુરજી બેરામજી કાટરક.

૧૩ બાઈ મોટીબાઈ એદલજી બાટલીવાલા.

૧૪ ,, બાઈજી રતનજી લીમજી પાંડે.

૧૫ મી૦ ફરામજી જમશેદજી બીલીયા, એલ. સી. ઈ. (એસીસટંટ એનજીનીઅર, ડ્રેનેજ, મુંબઈ મ્યુનીસીપાલીટી.)

૧૬ ,, જહાનગીર બમનશાહ વકીલ, બી. એ.

૧૭ ,, અરદેશર એદલજી દલાલ (સેક્રેટરી, સાસુન સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની.)

૧૮ ,, માનેકજી કાવસજી પટેલ.

૧૯ એરવદ ફીરોઝ શાપુરજી મસાની, એમ. એ. (અવસ્તા સ્કોલર.)

૨૦ ,, આદરબાદ દસ્તુર એદલજી મેહેરજીરાણા.

૨૧ ,, સોરાબ જામાસજી પંથકી.

૨૨ ,, ફરેદુન સોરાબ પંથકી.

૨૩ મી૦ બમન સોરાબજી બનાજી.

૨૪ ,, સોરાબજી નાનાભાઇ બનાજી.

૨૫ ,, મનચેરજી ફરામજી મોવરાવાલા, બી. એ., એલ. એલ. બી. (વકીલ, હાઇકોરટ.)

૨૬ ,, કેખશરૂ બરજોરજી ચોકસી.

૨૭ ,, દીનશાહ શાપુરજી મસાની, બી. એ.

૨૮ ,, જહાંગીર એદલજી પુનેગર.

૨૯ ,, દોસાભાઇ હોરમસજી દસ્તુર.

૩૦ ,, નેરીયોસંગ દાદાભાઈ મીરજાં.

સરનશીને કીધેલી મતોની ગણત્રી ભુલ ભરેલી હતી તેનો આ કરતાં વધારે ખુલ્લો પુરાવો શું હોઈ શકે? વળી ત્રીજા એમેન્ડમેન્ટ ઉપરના મતોની તમોએ કીધેલી ગણત્રી પણ એજ માફક ભુલ ભરેલી હતી એમ જણાવવાને અમોને પુરતાં કારણો છે.

૨૪. આ પ્રમાણે જ્યારે પક્ષપાતીથી અને ખુલ્લી ગેરઈનસાફીથી પ્રમુખ તરીકે તમે કામ લેવા માંડયુ ત્યારે મી૦ વિમાદલાલે છેવટે તમને અર્જ કીધી કે મતોની ગણત્રી બરાબર થઇ નથી માટે "પોલ" આપવાની જરૂર છે અને નહી તો આ પ્રમાણે સભાસદોની માગણીનો અનાદર કરવાથી પ્રમુખની ગેરરીતી સામેના "પ્રોતેસ્ત" દાખલ તે સભાસદોને સભા છોડી ચાલી જવું પડશે. પણ આ તો સામી પક્ષને અને તેની તરફ ઢળેલા પ્રમુખને પોતાની મતલબ પાર પાડવાને માટે જેવું જોઇએ તેવું થઈ પડયું એટલે "પોલ" માટેની લેખીત અર્જીનો મી૦ વિમાદલાલની ચેતવણી છતાં ખુલ્લો અનાદર કરવામાં આવ્યો અને તેથી અમારા માંના મોટા ભાગને સભા છોડી જવાની ફરજ પડી.

૨૫. મત ગણવાનું કામ કેવી દોડાદોડીથી ચાલતું હતું તે દેખાડવા નીચલો એક દાખલો જે અમારા માહેલા ડાકટર દાજીના દીઠામાં આવ્યો હતો તે પુરતો છે. એમેન્ડમેન્ટની તરફેણના મતો ગણાયા પછી વિરૂદ્ધના મતો ગણવાની એકદમ એટલી તો દોડા દોડી ચાલવા માંડી કે અમારા માહેલા એક મી. ચોકસીએ તેની તરફેણમાં ઉંચો કીધેલો હાથ હજીતો તેઓ નીચો કરે તે પહેલાં તે તેની વિરૂદ્ધમાં ગણી લેવામાં આવ્યો હતો !

૨૬. આ રીતે ત્યારે મતો ગણવાની ભુલ, તેને માટેના "પોલ" ની માંગણીના અસ્વિકારનો ગેરઈનસાફ અને સામી પક્ષની માની લીધેલી બહુમતીની કુમક ઉપર કાંઈપણ કરીને રેલવેની ઝડપે એકજ બેઠકમાં કોનફરન્સના બંધા-રણનો ખરડો પસાર કરાવી નાખવાની પક્ષપાતી સામેના એક "પ્રોતેસ્ત" તરીકે તે બેઠક છોડી જવામા અમે બેશક વાજબી હતા એમ અમે દેખાડી આપ્યું છે.

૨૭. અમો સભા છોડી જતી વખતે સામી પક્ષે પોતાનો હરખ ન છાજતા બોલોમાં જાહેર કરી થોડીક મીનીટમાં ૨૨ કલમોનાં બંધારણ અને ૧૭ કલમોના કાયદાકાનુનોનો અગત્યનો ખરડો એમનો એમ આખો *(en bloc)* પસાર કરી ઉઠયા તે ખુલ્લું દેખાડે છે કે કમીટીની આ સભા ખરડા ઉપર વિચાર ચલાવવા માટે બોલાવવામાં આવી હતીજ નહી, પણ તે એમનો એમ દોડાદોડી કરી પસાર કરી જવાની સઘળી ગોઠવણ આગમચથી રાખવામાં આવી હતી.

૨૮. કોનફરન્સનું કામ કેવાઓના હાથમાં જઈ પડયું છે અને ભવિ-ષ્યમા તેની તરફથી આપણે કેવી આશા રાખવી તે ઉપલો હેવાલ વધારે ખુલ્લી

રીતે દેખાડી આપે છે, પણ તમો સાહેબ જેવા એક માનવંત ગ્રહસ્થ એવું ગેરકાયદાસર કામ કરશો એવી વકી અમોએ રાખી હતી નહીં.

૨૯. કોનફ્રરન્સના આગેવાનોની અને કમીટીના સરનશીનની આવી વળણુ, અને તેની સભાઓમાં થતાં કામની આવી ગેરવાજબી રૂઢી પછી જો કોઇ કોમહિતકારી ગ્રહસ્થ એ સંસ્થામાં સામેલ થતા અટકે તો તેમાં કાંઇપણ અચરત થવા જેવું નથી.

૩૦. અમારામાના કેટલાકો મુંબઇની બહાર લાંબો વખત સુધી ગયલા હોવાથી આ પ્રોટેસ્ટ મોકલવામા ઢીલ થઈ છે.

લા૦ સેવકો,

(સહી)

જહાંનગીર ખરસેદજી દાજી
જહાંનગીર જમસેદજી વીમાદલાલ
માણેકજી કાવશાજી પટેલ
જાઈજી રતનજી પાંડે
ફ્રરેદુન કેરસાસ્પ દાદાચાનજી
ફ્રરાંમજી જમશેદજી બીલીઆ
શાપુરજી કાવશાજી હોડીવાલા
નરીયોસંગ દાદાભાઇ બનાજી
સોહરાબ જમશેદજી બલશારા
કેખશરૂ બરજોરજી ચોકસી
બહમન શેરાબજી બનાજી
ખરશેદજી મનચેરજી મવડાવાલા
જેહાંગીર બહમનશાહ વકીલ

એરવદ ફીરોજ શાપુરજી મસાની
પાલનજી દોરાબજી પાવરી
ખોદાબક્ષ એદલજી પુનેગર
અરદેશર એદલજી દલાલ
કાવશજી ધનજીભાઈ મહાલક્ષ્મીવાલા
જેહાંનગીર એદલજી પુણેગર
એરવદ ફ્રરેદુન સોરાબજી પંથકી
શાપુરજી બેહેરાંમજી કાતરક
ડોશાભાઇ હોરમસજી દસતુર
આદરબાદ દશતુર એદલજી મેહરજી-રાણાના
એરવદ સોહરાબ જામાસ્પજી પંથકી
બમનજી માણેકજી ઉનવાવા

પેલી કેહવાતી જરથોસ્તી કોનફ્રંસ.

કરાંચીના પારસીઓનો પ્રોટેસ્ટ.

(કરાંચીના કેટલાક પારસી રહીશો તરફથી નીચલો પ્રોટેસ્ટ સાંજ વર્તમાન ઉપર પ્રગટ કરવા માટે મોકલી આપવામાં આવ્યો હતો જેમાંથી તે એમનો એમ છપાવ્યો છે.)

પારસી કોમની ઉનંતી કરવા પણ અંદરખાનેથી જરથોસ્તી ધર્મની અસલ પવીત્ર રાહરસમો અને ક્રીયાઓને બાતલ કરવાની મતલબ "જરથોસ્તી કોનફ્રંસ" નામનું જે મંડળ આખી કોમને નામે ઉભું કરવામાં આવ્યું છે, તે મંડળની શકમંદ વર્તણુક, આપખુદ વલણ, અને એકતરફી અને ગેરઇનસાફી કામકાજ તરફ હમો નીચે સહી કરનારા કરાંચીના પારસી જરથોસ્તીઓ નીચે જણાવેલાં કારણોસર ધીક્કાર જાહેર કરયે છીએ.

કહેવાતી કોનફ્રંસ (કોમી ફારસ) જ્યાંરથી ઉભી થઇ ત્યારથી તે આજ દીન સુધી તેના કામકાજની તફસીલવાર વીગતો જે છાપાદ્વારે જાહેરમાં આવી છે, તે ઉપરથી એવું જણાય છે કે એ કોનફ્રંસમાં સામેલ થનારાઓનો મોટો ભાગ નીચે જણાવયા પ્રમાણેના આચારવીચાર ધરાવનારો છે.

બીડી સીગરેટ ફુકનારાઓ, આતશબહેરામ, દરેમેહેર કાઢી નાખી દેવળ ઉભું કરવાની હીમાયત કરનારાઓ, દખમા કાઢી નાખી ક્રીમેટોરીઅમની ભઠીમાં લેવટાની માફક ભુંજાઇ ખાક થવા ચાહનારાઓ, ક્રીયા ભણતરની ઠેકડી કરનારાઓ, ખુદાની અમશાસ્પંદોની અને મીનોઈ શકતીનો ઇનકાર કરનારાઓ, આતશબેહેરામપર સુખડમાચી ચહડાવ નારાઓની ઠેકડી કરનારાઓ, ગાહમબારની ચાસણી કરનારાઓની ઠેકડી કરનારાઓ મતલબને ખાતર અવલ ધરમ પોથી" ના ફરમાનોથી ઉલટા ફતવા આપનારાઓ, આપણા ધરમમાં ખ્રીસ્તી રાહરસમ દાખલ કરવાની હીમાયત કરનારાઓ, મતલબ સાંધવા ખોટું કાર્ય અપવાદ તરીકે ચલાવી લેવાની ભલામણ કરનારાઓ, rationalist ના જેવા વીચાર ધરાવનારાઓ, વેલાતી મડમ પરણવાની હીમાયત કરનારાઓ, વગેરે.

ઉપર જણાવેલા આચારવીચારવાળા આપખુદ સત્તા લઇ બેઠેલા કોનફ્રંસ્યાઓની વલણ અને તેઓના ઉપર દર્શાવેલા આચારવીચારો પરથી એવું માલમ પડે છે કે તેઓએ ઉભી કીધેલી કોનફ્રંસ કોઈ કોમના લાભ સાચવવા માટે અને તેની હાલત સુધારવા માટે નથી પણ મુંબઇની એક ચોકસ ખોટા

સુધારા દાખલ કરનારી ટોળી કોમને હંફાવવા સારૂ હુજતને મારી આખી કોમને નામે ખોટા અધર્મી ઠરાવો પસાર કરી પોતાની મતલબ બર લાવવા કોનફરંસનાં ઓઠાં હેઠળ નવેસરથી અને નવાં રૂપમાં બહાર આવી છે, અને હવે એ કહેવાતી “ જરથોસ્તી કોનફરંસ ” ની અંદરખાનેની મતલબ કોઇ છુપી રહી નથી.

એ ટોળી “ જરથોસ્તી કોનફરંસ ” નું નામ ધારણ કરે તે સામે હમો સખત વાંધો ઉઠાવી હમારો ધીક્કાર જાહેર કરયે છીએ.

ધરમની બાબદોમાં કોઈપણ જાતના ફેરફાર યા વધારા ઘટાડા કરવાની કોઇ પણ જરથોસ્તીને યાતો કોઈપણ એવાં મંડળને સત્તા યા હક નથી. ખોટા સુધારાવાળાઓએ સંસારી હાનીકારક સુધારા કરી જે પ્રમાણે સંસારનો નાશ કરયો છે અને જેનાં કડવાં ફળ હાલ કોમ ચાખે છે, તેજ પ્રમાણે હવે આપણા ધરમની અંદર ખ્રીસ્તી રાહરસમો દાખલ કરી જરથોસ્તીઓનો તેમના બુલંદ ધરમપરનો એતેકાદ ડામાડોળ બનાવવાના અલીચારી અને નાશકારક પગલાં ભરવા તેઓ બાહેર પડયા છે.

કોબાદ શેહેનશાહના વખતમાં જરથોસ્તી ધરમની પવીત્ર રાહરસમો નાબુદ કરવા અને નાશકારક રસમો દાખલ કરવા જે મઝદકી ટોળી ઉભી થઈ હતી તેની સામે જેમ શહેનશાહ કોબાદના છોકરા અદલનોશીરવાને અને દીનદાર દસ્તુરો અને એહેદીનોએ સખ્ત લડત ચલાવી તેને શેકસ્ત આપી નાબુદ કીધી હતી તેજ પ્રમાણે હમો પણ હમારા નીઆગાનોને પગલે ચાલી હાલ ઉભી થએલી દીન ડુબાઉ કોનફરંસ તરફ ધીક્કારની નજરથી જોઇ તેની શેકસ્ત થયલી જોવા ઇચ્છીએ છીએ.

મુંબઈના વડા દસ્તુરજી શમશુલ-ઉલમા દારાબજી પે. સંજાણા (બી. એ.), વીદવાન શેઠ જહાંગીરજી જ. વીમાદલાલ, એરવદ મસાની, મી૦ નસરવાનજી બીલીમોરીઆ, મી૦ ફરદુનજી કે. દાદાચાનજી, ડા૦ દાજી, મી૦ માણેકજી પટેલ અને મી૦ બેહેરામશાહ શરાફ વગેરે જે દીનદાર ગ્રહસ્થો, ખોટા અધર્મી સુધારા દાખલ કરનારી કોનફરંસ સામે સખ્ત લડત ચલાવે છે તેને માટે એ દીનચુસ્ત ગ્રહસ્થોને ખરેખર ધન્યવાદ ઘટે છે.

છેવટે હમો દરેક દીનદાર જરથોસ્તીને માનપુર્વક અરજ ગુજારીએ છીએ કે નીચે જણાવેલા ફરવરદીન યસ્તના ફકરા પ્રમાણે ધરમને ખાતર સખ્ત લડત ચલાવી ઉભી થએલી કોનફરંસ સામે ધીક્કાર દેખાડી અશો જરથોસ્ત પેગમબર સાહેબની રૂહને તેઓ ખુશનુદ કરશે, અને આશા રાખયે છીએ કે કોઇ પણ શેહેરના જરથોસ્તીએ કોનફરંસની અંદરખાતેની મતલબ જાણ્યા છતાં એ કોનફરંસમાં પોતાના શેહેરના પ્રતીનીધીઓ મોકલી પોતાના શહેરના નામને

અને ત્યાંના દીનદાર જરથોસ્તીઓને કલંક લગાડશે નહી અને અસલી બુલંદ ધરમની પવીત્ર રાહરસમો અને ક્રીયા કામોને ટેકવી રાખવા પોતાની બનતી કોશેશ કરશે. આમીન આમીન.

ફ્રવરદીન યશ્તનો ફ્કરો ૩૧ મો.

"દીન પ્રમાણે ચાલનારા મરદો અને ઓરતો જેઓ દીનનો બચાવ કરે છે, કરશે, અને કીધો હતો તથા જેઓ સચાઇને માટે લડયા હતા તેઓની જીંદગી એહીનદારી, બુધી, રવાન, અને ફ્રવરશીને હમો ઇજીયે છીએ."

પીરોજશા બમનજી બોટવાલા,
બાપુજી કાવસજી ગાંધી,
જાંહાંગીર બેજનજી કોટવાલ,
અરદેશર બેજનજી કોટવાલ,
પીરોજશાહ રૂસતમજી મેહેતા,
મેહેરવાનજી હોરમસજી દાદાચાનજી,
આરદેસર બેજનજી આગા,
પાલનજી શાપુરજી દાદાચાનજી
એરવદ ખરશેદજી મનચેરજી રબાડી,
એરવદ હોમી બરજોરજી ભરૂચા
મેરવાનજી બેજનજી આગા,
અરદેશર સોરાબજી ઉમરીગર,
બેજનજી નાનાભાઇ ખજોતીઆ,
બરજોરજી જા. રબાડી,
રતનજી નવરોજી પારખ,
માણેકજી સોરાબજી ઉમરીગર,
કેકાઉસ મનચેરજી,
હોરમસજી નસરવાનજી કેનટીનવાળા,
ધનજીશાહ સોરાબજી ફીરોઝપોરવાળા,
હોરમસજી ફરદુનજી તલાટી,
ખરશેદજી માણેકજી પટેલ,
મેહેરવાનજી માણેકજી માખનીઆ,
એદલજી પાલનજી પસ્તાકીઆ,
પેસતનજી રૂસતમજી દીવેચા,
ખરશેદજી ફરામજી માદન,
નવરોજી રૂસતમજી શેઠના,
ધનજીશાહ રૂસતમજી દારૂવાળા
બરજોરજી રૂસતમજી શેઠના,
મનચેરશાહ રૂસતમજી દારૂવાળા,
આદરજી વીરજીભાઇ ખંબાતા
અને બીજાઓ.

પેલી કહેવાતી કોનફરંસ.

તેની સામે મજબુત પ્રોટેસ્ટ.

(નીચલો પ્રોટેસ્ટ સાંજ વરતમાન ઉપર પ્રગટ કરવા માટે મોકલી આપવામાં આવ્યો હતો જેમાંથી તે એમનો એમ છપાવ્યો છે.)

મુંબઈ તા૰ ૫–૭–૧૧.

શેઠ મેરવાનજી મંચેરજી કામા તે પહેલી જરથોસ્તી કોનફરન્સે નીમેલી કમીટીના સરનશીન જોગ:—

સાહેબ,

કોનફરન્સના સેકરેટરીઓએ તારીખ ૧૬ મી જુનનો જે છપાવેલો પત્ર કોનફરન્સના કેટલાક સભાસદો ઉપર મોકલ્યો છે તેના સંબંધમાં નીચલો ખુલાસો કરવાની જરૂર જણાય છે:—

૧. સ્વાગત કમીટીના સભાસદ તરીકે સહી કરવાના ફોર્મ ઉપર કોનફરન્સે નીમેલી કમીટીના એક ભાગે મુકરર કરેલા નેમો કોનફરન્સની "ક્રીડ"–નો સ્વીકાર કરવાનો તથા મજકુર કમીટીના એક ભાગે ઘડેલા કોનફરન્સના કાનુનો પ્રમાણે ચાલવાની ખુશી દેખાડવાનો એકરાર–આવતી કોનફરંસ માટે 'ક્રીડ' તથા નીયમો પસાર થવા પામે તે આગમજ–સભાસદો પાસથી માગવામાં કમીટીના આ ભાગે પોતાની સતા ઉપરાંત કામ કર્યું છે.

૨. આ તો દેખીતુંજ છે કે કમીટીના એક ભાગે ઘડેલો ખરડો કોનફરન્સની બહાલી માટે આવનાર છે અને તેની બહાલી વીના તે અમલમાં આવશે નહી. તે ખરડાને આખો ને આખો રદ કરવાને યા તેમાં તેને લાયક લાગે એવા નાના મોટા ફેરફારો કરવાને આવતી કોનફરંસને પુરતી છુટ રહેશે. વળી કોનફરન્સને લાયક લાગે તો કોઇબી જાતની 'ક્રીડ' ફરજીઆત રાખવાને તે ના પણ પાડે એટલે કેવાં ધોરણ ઉપર કોનફરંસનું જાથુકનું બંધારણ નકકી થશે તે હાલમાં કહી શકાતું નથી અને એવી હાલતમાં કમીટીના એક ભાગને વાજબી લાગેલું બંધારણ તથા તેણે ઘડેલી 'ક્રીડ' અમલમાં મુકવા જવું એ કાંઇ નહી તો કવખતનું તથા ડહાપણ વીનાનું કાર્ય છે.

૩. છેલ્લી કોનફ્રરંસના ઠરાવમાં કમીટીને બીજી પ્રારસીક કોનફ્રરંસ ભરવા સારૂં ઘટતાં પગલાં લેવાને તથા તે માટેની સઘળી તઇયારીઓ કરવાને સત્તા આપી છે તેને આધારે કમીટીનો એક ભાગ પોતે ઘડેલા ખરડાને અમલમાં મેલી પોતાની ઘડેલી "ફીડ" આવતી કોનફ્રરંસમાં ભાગ લેનારાઓ ઉપર ફરજ-યાત નાંખવાની જે તજવીજ કરે છે તેમ કરવાની તેને બીલકુલ સતા નથી.

૪. કોનફ્રરંસની છેલ્લી સભા જે ધોરણપર રચાઇ હતી તેજ ધોરણુ ઉપર તેની આવતી સભા રચાવવી જોઈએ અને તેનીજ સનમુખ કાનુનોનો ખરડો બહાલી માટે રજુ થવો જોઇએ છે. વળી જે ધોરણુ ઉપર ગઈ કોન-ફ્રરંસમાં સભાસદોને આમંત્રણ કરવામાં આવ્યાં હતાં તેજ ધોરણુ ઉપર આવતી કોનફ્રરંસમાં પણ આમંત્રણુ થવા જોઇએ છે. આમ ન થાય તો જે કોનફ્રરનસે કમીટી નીમી તેજ ધોરણુ ઉપર મળેલી કોનફ્રરંસ—એટલે તેજ મંડળ સનમુખ નહી, પણ બીજાજ ધોરણપર મળેલી કોનફ્રરનસ—એટલે એક તદન જુદાંજ મંડળ—સનમુખ આ જાથુકના બંધારણનો ખરડો મંજુરીઆત માટે રજુ થાય જે દેખીતી રીતે ખોટું તથા બેહુંદુ છે. ગઈ વેળા ચોકસ ધોરણની રૂએ મળેલી કોનફ્રરંસે ચોકસ કારયો સારૂં એક કમીટી નીમી તેને કોનફ્રરંસના જાથુકના બંધારણ માટે એક ખરડો ઘડી બીજી કોનફ્રરંસ સનમુખ તે રજુ કરવાને ફરમાવ્યો. કમીટીના ચોકસ સભાસદોએ ગઇ વેળાની કોનફ્રરંસના બંધારણથી જુદીજ ઢબે કોનફ્રરંસનું જાથુકનું બંધારણ કરવાનો એક ખરડો ઘડયો. બીજા બોલોમાં બોલીએ તો એક નવીજ યોજના રચી. આ યોજનાને કોનફ્રરંસની બીજી સભા બહાલી આપે નહીં ત્યાં તુલીક તે એક યોજના માત્રજ છે. તે યોજનામાં પહેલી કોનફ્રરંસનું બંધારણ નાપસંદ કરી કોનફ્રરંસનું જાથુકનું બંધારણ જુદાંજ ધોરણપર કરવાની ભલામણ થઇ છે. આ ભલામણ સ્વીકારવી યા નહીં અને તેની રૂએ કોન્ફ્રરન્સનું જાથુકનું બંધારણ મુકરર કરવું યા નહીં એ કામ કમીટીનું નથી પણ આવતી કોનફ્રરંસનું છે કે જે મંડળ ગઇ કોનફ્રરંસ જેણે આ કમીટી નીમી તેના ધોરણ ઉપરજ જો ન મળે તો પરીણામ આ આવે કે કમીટીના એક ભાગની યોજના બહાલી માટે કમીટી નીમનારા મંડળ આગળ નહીં પણ જુદાંજ ધોરણુ ઉપર રચાયલાં એક નવાજ મંડળ સમક્ષ જાય જે દેખીતી રીતે બેહુંદુ અને ગેરકાયદેસર છે.

૫. કમીટીનો એક ભાગ જે રીતે કામ લેવા માંગે છે તે વીષે આમ કહેવાઇ શકાય કે કમીટી જે ગઇ કોનફ્રરંસનું એક બચ્ચું છે તે પોતાના પીતાની સનમુખ પોતાની યોજના તેના ફરમાવ્યા મુજબ રજુ કરવાને જતી નથી, પણ

પોતાને જન્મ આપનાર પીતાને સમવડથી બાજુએ મેલી પોતાની મરજી મુજબ ઉભા કીધેલા, પોતાની માનીતી યોજના પસાર કરે એવા બનાવટી પીતાની સનમુખ તે પોતાની યોજના લઇ જાય છે. બીજા બોલોમાં બોલીએ તો ગઇ કોનફ્રરંસે મુખી (Principal) તરીકે કમીટીને પોતાના પ્રતીનીધી (agent) તરીકે નેમી, અને તેને ચોકકસ યોજના ઘડી પોતાની સનમુખ રજુ કરવા કહી. આ યોજના પોતાના અસલ મુખી સનમુખ રજુ કરવાને બદલે આ કમીટીરૂપી પ્રતીનીધી પોતાના મુખીને મુંગે મ્હોડે સફાઇથી હમેશ સુધીની રૂખસદ આપે છે અને એક બીજોજ પોતે ઉભો કરેલો બનાવટી મુખી, કે જેને તેણે પોતાની માનીતી યોજના બહાલ રાખે એવો બનાવ્યો છે, તેની સનમુખ તે યોજના રજુ કરવા ધારે છે! આવું કામ દેખાઇતી રીતે સભા વીરૂદ્ધ, ગેરઈનસાફી તથા બેહુદું છે.

૯. ‘ઘટતા પગલાં’ ભરવાના અધીકારમાં જો આવતી કોનફ્રરંસ જેની સનમુખ કમીટીનો ખરડો બહાલી માટે આવનાર છે તેનું બંધારણ ગમે તેમ બનાવવાનો અધીકાર સમાઇ જતો હોય તો દેખીતુંજ છે કે કોનફ્રરંસનું બાથુકનું બંધારણ કોનફ્રરંસની ખુદની મરજીમુવાફીકનું નહી, પણ ખરડો ઘડી કહાડવા તેણે નીમેલી કમીટી અને તેનાથી એક ભાગની મરજી મુવાફીક ઘડવા જેવું થાય. આ તો એવું થયું કે કમીટીનો એક ભાગ કહે છે “હમે યોજના રચી છે, તે યોજના કોનફ્રરંસનું બાથુકનું બંધારણ ચોકસ ધોરણે ગોઠવે છે. આ યોજનાને બહાલી રાખનારૂં કોનફ્રરંસ **આગમચજથીજ**— હમે હમારાં મુકરર કરેલાં ધોરણ ઉપર બનાવ્યે છીએ અને તેની સનમુખજ આ યોજના બહાલી માટે લઈ જાઇએ છીએ, હમુને નીમનારૂં કોનફ્રરંસ તો બીજા ધોરણ ઉપર રચાયું હતું. **તે ધોરણને હમો આગમચથીજ રદ્દ કરીએ છીએ**” જેમ કરવાની કમીટીને કશી સતા નથી. પહેલી કોનફ્રરંસ કમીટીના પીતા તરીકેની હતી, આવતી કોનફ્રરન્સ તેજ કમીટીના પુત્ર તરીકે બહાર પડશે, અને કમીટી રૂપી પોતાના પીતાના ઘડેલા સ્કીમને બહાલી આપશે! બીજા બોલોમાં બોલીએ તો ઘણી સફાઇથી ગઇ કોનફ્રરન્સના ધોરણને હવામાં ઉરાડી મુકવામાં આવે છે અને પોતાનાજ ધોરણ ઉપર કોનફ્રરન્સ મેળવી તેજ ધોરણ બાથુકનું બનાવવાને કમીટીનો એક ભાગ હસવા સરીખી તજવીજ કરી રહયો છે. આ તજવીજ સત્તા વીનાની, બેહુદી, તથા મતલબી છે આમ કહયા વીના ચાલતું નથી.

૭. ગઇ કોનફ્રરન્સ માટે "વેજીટેરીઅન સોસાયટી" "પારસી થીઓસોફીસ્ટો" વીગેરે મંડળોમાંથી પ્રતીનીધીઓ માંગ્યા હતા અને તેઓ કોનફ્રન્સમાં જોડાયા હતા તેઓએ કોનફ્રરન્સના સભાસદો તરીકે બીજા સભાસદો સાથ મળી એક કમીટી નીમી તથા ફરમાવ્યું કે તમારો ખરડો હમારી સનમુખ રજુ કરજો. કમીટી હવે તેઓની સનમુખ ખરડો રજુ કરવાને સાફ ના પાડે છે, તેને બદલે એક બીજીજ બનાવટી સંસ્થા સનમુખ તે ખરડો લઈ જાય છે, કે જેમાં આ મંડળોમાંનાં પ્રતીનીધીઓને જગ્યાજ આપવામાં આવી નથી. એટલે ખુદ પોતાને નેમનાર મંડળમાંનાં કેટલાકોને તે સફાઇથી બહાર કાઢવા માંગે છે! વળી ગઈ કોનફ્રરન્સમાં મળેલા સભાસદોમાં ઘણા એવા સભાસદો હશે, ગઇ કોનફ્રરંસે પ્રતીનીધી માગેલા મંડળોમાં ઘણાં એવાં મંડળો હશે કે જેઓ કમીટીના એક ભાગે મુકરર કરેલી યા બીજી કોઇબી 'ક્રીડ' ફરજયાત કરવા સામે વાંધો ધરાવતાં હોય; તેવાઓની પાસે આગમચથી 'ક્રીડ'ની માગણી થવાથી આવતી કોનફ્રરંસમાંથી તેઓને ફરજયાત બહાર કાઢવામાં આવે છે! આ ગંભીર પરીણામ ઉપજાવનારાં પગલાં ભરવાની સતા ગઈ કોનફ્રરંસનાં કોઇબી સભાસદોએ કમીટીને આપવા ધારી હોય એ કદી બની શકે એવું નથી. જો તેમ કરવાની તેઓની મરજી હતે તો ઠરાવમાં ખુલ્લું કહેતે કે "કમીટી જે ખરડો ઘડે તેવાં ધોરણ ઉપર બીજી કોનફ્રરન્સ ભરવા કમીટીને આ કોન્ફ્રરન્સ સતા આપે છે." અથવા તો કહ્યું હતે કે "બીજી કોનફ્રરન્સ કયા ધોરણપર ભરવી તે ધોરણ મુકરર કરવા કમીટીને સતા આપે છે." એવું કશુંએ કરવામાં આવ્યું નથી. "ઘટતા પગલા ભરવા"ના ખુલ્લા શબ્દોમાંથી આવી આવી અણુઘટતી સત્તા ઉભી કરવાનો કમીટીના ચોક્કસ ભાગને જરાએ હક નથી. આ તો દેખઇતુંજ છે કે ચોક્કસ ગ્રહસ્થો પોતાની મરજી મુવાફેકજ કોનફ્રરન્સને હંકારવાની જીદ લઇ બેઠા છે અને તે વાંધાભરી જીદને અનુસરીનેજ આવી મોટી મોટી સત્તા તેઓ પોતાના હાથમાં ગેરકાયદેસર અને બેહુદી રીતે લેવા માંગે છે.

૮. સેકરેટરીઓ લખે છે કે "સાધારણ રીતે કોનગ્રેસો અને કોનફ્રરંસો મધે શરૂઆતને તબ્બકે આવી રીતે કામ લેવાનો નીયમ છે અને કામ લેવાયલાં છે;" પણ તેઓ ભુલી જાય છે કે કોનફ્રરન્સનો "શરૂઆતનો તબ્બકો" હવે પુરો થઈ ગયો છે. પહેલી કોનફ્રરંસ ભરવાની આગમચ જે કમીટી કોનફરંસના પ્રોમોટર્સ તરીકે કામ કરતી હતી તેણે પોતે એક કોનફ્રરંસ હાલમાં ઘડેલા ધોરણ પર ચલાવવાનો પહેલાંથીજ વાજબી ધારયું હતે તો તે ધોરણ ઉપર કોનફ્રરન્સ ભરવાને હરકત રહેતે નહી, પણ ચોકસ ધોરણ ઉપર એક કોનફરન્સ ભરવા પછી Promotersનું કારય ખતમ થયું.

શરૂઆતનો તબકકો પુરો થયો. ત્યાર બાદ કોનફરન્સનું કારય પ્રોમોટરસના હાથમાંથી કોનફરનસનાં હાથમાં આવ્યું. તે કોનફરન્સે ચોકસ કામ કરવા માટે પોતાની એક કમીટી પોતાના પ્રતીનીધી (agents) તરીકે નીમી, તો તે કમીટી આ પોતાને નેમનાર મંડળનું બંધારણ તે મંડળની સંમતી વીના પોતાની મરજી મુવાફીક બદલી શકે એ કોઇબી રવેશે ધ્યાનમાં ઉતરી શકતું નથી. આ કમીટી હવે Promotors તરીકે કામ કરી શકે નહી, હવે તો જે ધોરણ ઉપર એક વાર કોનફરન્સ મળી તે ધોરણ ઉપરજ મળેલું કોનફરન્સ પોતાના બંધારણમાં ફેરફાર કરી શકે, કે જેમ કરવાના હક તેણે ખુલ્લી રીતે પોતાને સ્વાધીન રાખ્યા છે. જયારે તેણે કમીટીને ફરમાવ્યું છે કે જાથુકના બંધારણનો ખરડો કમીટીએ બીજી કોન્ફરંસ સનમુખ રજુ કરવો. બીજી કોન્ફરંસને પોતાના ફાટા મુવાફીકનું પોતાનું બચ્ચું બનાવવામાં કમીટીનો એક ભાગ ગઈ કોન્ફરંસે પોતાના હાથમાં રાખેલી સતા કશાબી હક વીના તેના હાથમાંથી છીનવી લેવા માંગે છે જેમ કરવું ગેરકાયદેસર તથા આપખુંદીભર્યું છે.

૯. કોન્ફરંસની કમીટીમાં તેણે ઘડેલી 'ક્રીડ' બાબે ઘણો મોટો મતફેર હતો એ તો જાણીતી બીના છે. આવા મતફેર છતાં બહુ મતીના બળવડે કેવા સંજોગો વચ્ચે તે ક્રીડ પસાર કરવામાં આવી તે પણ જાણીતું થઇ ચુકયું છે. પણ આ 'ક્રીડ' આવા ગેરઈન્સાફી સંજોગો વચે પસાર કરીને કમીટીનો એક ભાગ સંતોષ પામયો નથી, તેણે તો પોતાની માનીતી 'ક્રીડ'ને હમણાથીજ અમલમાં મુકવાની તજવીજ કીધી છે. બીજા બોલોમાં કમીટીના જે ઘણા-એક સભાસદો આ 'ક્રીડ'ની વીરૂધ હતા તેઓને કોનફરંસમાં પોતાની દલીલો રજુ કરી, કોનફરંસના જાથુકનાં બંધારણમાંથી આ 'ક્રીડ' કહાડી નખાવવા યા તેમાં ફેરફાર કરાવવાની તક પણ તેઓ પાસથી છીનવી લેવા ધારયું છે! જે 'ક્રીડ'ની તેઓ વીરૂધ તે 'ક્રીડ' તેઓ પાસ કોનફરંસ તેને પસાર કરે તે આગમચ કબુલ કરાવવી, અને તેઓને કહેવું કે તમો તે કબુલ ન કરશો તો આવતી કોનફરંસમાં આવી શકશો નહી—એ કામ સદંતર સભા વીરૂધ બીલકુલ ગેરઇન્સાફી અને ઘણું આપખુંદીભરયું છે. કમીટીનો એક ભાગ ઘટતા પગલાંવાળા શબદોમાંથી જે સત્તા પોતા માટે કશાબી હક વીના ઉભી કરે છે, તે સત્તાનો તે કેવો ઉપયોગ કરે છે, તે આ પરથી જણાઈ આવે છે.

૧૦. સેકરેટરીઓ પોતાના પત્રમાં લખે છે કે "કમીટીના એક ભાગે પસાર કીધેલા કાનુનો ઉપર હાલમાં કમીટીથી અમલ કરી શકાય નહી એ તકરાર જો વાજબી કહેવાય તો પછી બીજી કોનફરંસ માટે કશાં પણ પગલ'

ભરવા અશકત થઇ પડે. દાખલા તરીકે કોનફ્રરંસ મધેનાં પ્રતીનીધીઓ માટે આમંત્રણ કરી શકાય નહી અને કોનફ્રરંસ વટીક મુદલ ભરી શકાય નહી." આ દલીલ હસવા સરખી છે. ગઇ કોનફ્રરંસ જે ધોરણ ઉપર મળી તે ધોરણ ઉપર કમીટી બીજી કોનફ્રરંસ સહેલથી બોલાવી શકે અને તે ધોરણ ઉપરજ બીજી કોનફ્રરંસ બોલાવવાનું ધારવામાં આવ્યું છે, તથા તે બોલાવવી ઘટે છે, તે ઉપર લખેલી દલીલો ઉપરથી સીદ્ધ થાય છે. ટુંકમાં કહીએ તો બીજી કોનફ્રરંસ બોલાવવાના મુળ ધોરણ યા નીયમોમાં ફેરફાર કરવાની યા ફરજયાત 'કીડ' પણ આગલાં ધોરણ ઉપરજ બીજી કોનફ્રરંસ બોલાવવા માટે ફકત ઘટતાં પગલાં ભરવાં તથા સઘળી તઇયારીઓ કરવાની સત્તા આપી છે કે જે સભામાં **પહેલી કોનફરનસનાં ધોરણ ઉપરજ** પ્રતીનીધીઓને આમંત્રણ કરવું, તેઓની સંખ્યા નકી કરવી, વીગેરે વીગતો સમાઇ જાય છે. 'ઘટતાં પગલાં ભરવા' તથા 'સઘળી તઇયારીઓ કરવી' એ શબ્દો દેખાઇતી રીતે executive fauotions ને લાગુ પડે છે, તેમાં કાનુનનો ફેરફાર યા ધોરણનો ફેરફાર કરવાની યા કીડ નાખવાની સતાનો કોઇબી રવેશે સમાવેશ થઇ શકતો નથી.

ઉપલા સબબોસર જે રીતનો ફારમ કોન્ફરન્સના સેકરેટરીઓ આવતી કોન્ફરન્સના સભાસદો પાસ ભરી મંગાવે છે, તેવો ફારમ માંગવાની કમીટીને યા સેકરેટરીઓને સતા નથી એવું મારૂં મત છે, અને તેથી તેવો ફાર્મ ભરવાને હું ના પાડું છું.

લી૦ સેવક,

જેહાંગીર જમશેદજી વીમાદલાલ.

પેલી કહેવાતી જરથોસ્તી કોનફરનસનાં આપખુદ કાંમ શામે સાંજ વરતમાન પત્રનાં અપક્ષપાત વીચારો.

સભા વિરૂધ્ધ, કાયદા વિરૂધ્ધ, કાનુન વિરૂધ્ધ, સામાન્ય અક્કલ વિરૂદ્ધ જે કામ પેલી કહેવાતી જરથોસ્તી કોન્ફરંસ કરે છે તેની સામે એ બહુ ધરખમ અને વજનદાર પ્રોટેસ્ટ કોમના કેળવાયલા અને જરથોસ્તી ધર્મના અભ્યાસીઓ અને બીજા ગ્રહસ્થો તરફથી એ મંડળની કમિટિના સરનશીન ઉપર મોકલી આપવામાં આવ્યા છે. જયારે પેહેલી કોન્ફરંસ મળી ત્યારે સઘળું કામ આપખુંદીથી અને દોડાદોડીમાં કરવામાં આવ્યું હતું, જેનું પરિણામ એ આવ્યું કે કોન્ફરંસવાળાઓનો મોટો ફજેતો એમ્પાયર થીએટરમાં થયો. તે પેહલી બેઠક હોવાથી આપણે ઉમેદ રાખતા હતા કે કરતાકારવતાઓ પોતાને મળેલા અનુભવ ઉપરથી હવે ભવિષ્યમાં ચેતીને ચાલશે, પણ કમનસીબે તે ઉમેદ કરરભુસ થઈ છે અને કોન્ફરન્સની બીજી બેઠક કરવા માટે નેમાયલી કમિટિના કારોબારીઓએ પોતાની આપખુંદી આગલી કોન્ફરન્સને ભુલાવે એવી રીતે ચલાવવા માંડી છે, એટલુંજ નહીં પણ તે આપખુંદી એવી છે કે સુધરેલા દેશમાં કોઈપણ મંડળમાં એવી ગેરકાયદેસર રીતે કામ ચાલ્યું હોય એમ અમો જાણતા નથી. કોન્ફરન્સના અધીકારીઓની મુળ મકસદ એ જણાય છે કે, કોઈબી રીતે વિરૂધ્ધતા ગુંગળાવીને દાબી દેવી અને કોમને એમ બતાવવું કે અમો જે કામ કરીએ છીએ તે તદન સરળતાથી ચાલે છે અને અમારાં કામના સંબંધમાં કોમ તદન એકમત છે. કોન્ફરંસ સામે જે મજબુત વિરૂધ્ધતા આખી કોમમાં છે તેને ઉડાવી દેવાની આ કોશેષ તદન મીથ્યા છે. આ વેળાની જે કોન્ફરંસ મળશે તેનું સઘળું કામકાજ ગેરકાયદાપુર્વક રીતે ચાલશે કારણ કે કોન્ફરંસ બોલાવવા માટે જે કમિટિ નેમવામાં આવી હતી તેણે અસલથીજ સઘળું કામકાજ ગેરકાયદે ચલાવ્યું છે. આ વખતે જે મુળ વાંધો પડયો છે તે કોન્ફરંસના બંધારણ અને કાયદા કાનુનોના સંબંધમાં છે. બંધારણ અને કાયદા કાનુનો ઘડવા માટે એક કમિટિ નેમવામાં આવી હતી અને તેને જે કામ સોંપવામાં આવ્યું હતું તેને લગતો પેહલી કોન્ફરંસમાં પસાર થયલો ઠરાવ નીચે મુજબ છેઃ—

"જરથોસ્તી કોન્ફરંસનું જાથુકનું બંધારણ નકકી કરવાને તથા તેનો **એક ખરડો ઘડી કહાડી તે બીજી કોનફરંસ સનમુખ રજુ કરવાને** નીચલાં બાનુઓ અને ગ્રહસ્થોની એક કમીટી, પોતાની સંખ્યામાં

વધારો કરવાની સતા સાથે, તથા બીજી વાર્ષીક કોન્ફરંસ ભરવા માટે ઘટતાં પગલાં લેવાને તથા તે માટેની સઘળી તઈયારીઓ કરવા માટે તે કમીટીને સતા આપે છે."

હવે આ ઠરાવ તદન સ્પષ્ટ ભાષામાં લખાયો છે અને નિશાળે જતો છોકરો અને છોકરી વટીક તેનો જે એક અર્થ થાય છે તે સિવાય બીજો અર્થ કરી શકે નહીં; પણ આ કોન્ફરંસનું બીજું નામ આપખુંદી છે, એટલે ધુરંધર અધિકારીઓએ તેનો અર્થ ઉથલાવવાની તજવીજ કીધી છે અને એ કારોબારીઓ પોતાની સામાન્ય અકક્લને બજારમાં વેચી કોમને જુદું સમજાવવાની તજવીજ કરે છે. આ ઠરાવમાં જે કમિટિ નેમવામાં આવી છે. અને તે કમિટિને બે તદન જુદા જુદા કામો સોંપવામાં આવ્યાં છે. તે બંને કામો તદન નીરનીરાળાં છે. તે બંને કામોને એક બીજા સાથે કાંઇપણ સંબંધ નથી, તે છતાં સેક્રેટરીઓ અને બીજા આપખુદ કારોબારીઓએ તે બંનેને એક બીજામાં ભેળી નાંખવાની તજવીજ કીધી છે. તે બે કામોમાં પહેલું એ છે કે જરથોસ્તી કોનફરંસનું જાથુકનું બંધારણ (કોન્ફરંસની બીજી બેઠકનું નહિ હો) નકકી કરવું તથા **"તેનો એક ખરડો"** ઘડી કહાડવો અને તે "ખરડો" **બીજી કોનફરંસ સનમુખ રજુ કરવો.** દિવસની રોશની માફક આ ઠરાવ ખુલ્લો છે; પણ જે શખસો આપખુંદીના દોરમાં આંધળા બન્યા હોય તેઓને સુર્યની રોશની માફક ખુલ્લો દેખાતો ઠરાવ વટીક જુદોજ નજરે આવે છે. કમિટિને સોંપવામાં આવેલું પહેલું કામકાજ એ છે કે કોન્ફરન્સના જાથુકના બંધારણ માટે એક ખરડો ઘડી કહાડી તે ખરડો બીજી કોન્ફરન્સ સનમુખ રજુ કરવો. ઠરાવનું પહેલું કામકાજ અહીં આવીને અટકે છે. ઠરાવના બીજા ભાગમાં બીજી કોન્ફરંસ બોલાવવા માટેની સત્તા કમિટિને આપવામાં આવી છે. ઠરાવના આ કામ સાથે ઠરાવના પહેલા ભાગને કાંઇ લાગતુ વળગતું નથી. બંને કામ જુદાં જુદાં સોંપવામાં આવ્યાં છે. ઠરાવના પહેલા ભાગ મુજબ બંધારણનો ખરડો ઘડી કહાડી તે કોન્ફરંસ સનમુખ રજુ કરવા સિવાય કમિટીને જરા પણ વધારે સત્તા આપવામાં આવી નથી. હવે આ ઠરાવ મુજબ એ ખરડો ઘડી કહાડી તે આવતી કોન્ફરંસ ઉપર મોકલી આપવો જોઇએ. તે ખરડો બહાલ રાખવો કે નહીં, તેમાં ફેરફાર કે સુધારો વધારો કરવો કે નહીં તે કોન્ફરંસનું કામ કાજ છે, પણ તેમ કરવાને બદલે કોન્ફરંસના આપખુદ અધિકારીઓએ શું કીધું? પહેલાં તો એ ખરડો ઘડી કહાડવા માટે જે નાની કમિટી નેમાઈ હતી તે તદન એકતરફી હતી. તેમાં વિરોધીઓને બને એટલા દુરજ રાખવામાં આવ્યા હતા. મોટી કમિટી સનમુખ એ ખરડો આવ્યો ત્યારે તેમાં બહોળી અગત ધરાવનારાઓ

ફેરફારો સુચવવામાં આવ્યા, પણ યુકિત વાપરીને તે ફેરફારો ઉડાવી દેવામાં આવ્યા. તે વિષે વિરોધીઓએ પોલ માંગ્યો અને હાજર રહેલા આશરે ૭૦ ગ્રહસ્થોની કમિટીમાં સુધારા યા દરખાસ્તના પરિણામની ગણત્રી ઉપર એક કરતાં વધુ ગ્રહસ્થો તરફથી છડેચોક જાહેરમાં શક નાંખવામાં આવ્યો અને તે શકને આધારે ત્રણ ત્રણવાર લેખીત પોલ માંગવામાં આવ્યો તે છતાં પોલ આપવાની સાફ ના પાડવામાં આવી. હવે જાહેર સભાનો સ્વીકારાયલો કાનુન છે કે મતનું પરિણામ સભાનો સરનશીન જાહેર કરે અને તેના સંબંધમાં એક પણ શખસ વાંધો ઉઠાવે તો પોલ આપવાને સરનશીન બંધાયલો છે. તે માટે અમો મી૦ ફ્રીયુ બેરીસ્ટર–એટ–લો, સર રેજીનાલ્ડ પાલગ્રેવ, કે. બી. સી., મી૦ હેનરી ફ્રીથ, વિગેરેની સતાઓ ટાંકી પોલ નહી આપવાનું પગલું કેટલું આપખુંદી ભરયું છે તે અમો બતાવી ગયા છે અને આજ સુધી કોન્ફરંસનો એક પણ કારોબારી યા કોનફરંસના ઢોલતાસા વગાડનારૂં એક પણ વાજીંત્ર અમારી તે સતાઓ અને તે આધારે કીધેલી દલીલો ખોટી પાડી શકયું નથી. પોલ જયારે આવી આપખુંદ રીતે નહીંજ આપવામાં આવ્યો ત્યારે આશરે ત્રીસ સભાસદો, કે જેઓનો મોટો ભાગ ઉંચી કેળવણી પામેલો છે તે કમિટીની સભા છોડી ગયો અને તેઓની ગેરહાજરીમાં આશરે બાકી રહેલા ૪૦ સભાસદો પોતાને મનગમતા ઠરાવો કરી ઉઠયા કે જે ઠરાવોને કાયદાની કોઈપણ અદાલત ગેરકાયદાપુર્વક, અને ગેરવાજબી ઠેરવ્યા વગર રહે નહી અને વળી જે ૪૦ સભાસદોમાં કેટલાકો એ વળી એક યા બીજી બાજુ મત પણ આપ્યાં હતાં નહી. આ રીતે ૧૫૦ ગ્રહસ્થોમાંથી બાકી રહેલા આશરે ૩૦ થી ૩૫ સભાસદોએ એવો શુરીયાનો ઠરાવ પસાર કીધો કે "કોન્ફરંસના બંધારણ અને કામકાજના કાનુનોનો જે ખરડો આ કમિટીએ બહાલ રાખ્યો છે તે બંધારણ અને કાનુનોને અનુસરીને બીજી જરથોસ્તી કોન્ફરંસના સંબંધમાં પગલાં લેવા". કમિટીનો આ ઠરાવ તદન ગેરકાયદાપુર્વક છે. તેવો ઠરાવ તેનાથી થઈ શકેજ નહીં. કારણકે પહેલી કોન્ફરંસે જે કમિટી નેમી હતી તેને કાંઈ એવી સત્તા આપી હતીજ નહી કે બીજી કોન્ફરંસ કમિટી જે ખરડો ઘડે તેને અનુસરીને બોલાવવી. તે કમિટીને તો ફકત "બંધારણ નકકી કરવા" અને તે બંધારણનો ખરડો "બીજી કોન્ફરંસ સનમુખ રજુ કરવા" ની સત્તા આપવામાં આવી છે અને નહીં કે તે ખરડા મુજબ બીજી કોન્ફરંસ બોલાવવા અને તે ખરડો કોન્ફરંસ પસાર કરે તેની આગમજ તેનો અમલ કરવા કોન્ફરંસનો ઠરાવ આના સંબધમાં તદન ખુલ્લો છે, પણ તકરારને ખાતર કબુલ કર્યો કે ઠરાવ એટલો ખુલ્લો અને ચોકકસ નથી, તોપણ જાહેર સભાના કામકાજના કાનુનોથી આ પગલું સદંતર ખોટું, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી

છે. એક જાહેર સભા એક કમિટી ચોકકસ બંધારણ ઘડવા યા ચોકકસ કામકાજ કરવા નેમે ત્યારે તેની ફરજો તે બંધારણ ઘડી કહાડી અથવા જે કામકાજ સોંપ્યું હોય તે કરી તે વિષે પોતાની નેમણુક કરનાર મંડળને તે વિષે ફકત રીપોરટ કરવાની છે. એ વિષે The Conduct of and Procedure at Public and Company Meetings નામના જાહેર સભાના કામકાજના કાનુનોને લગતાં સતા ધારી પુસ્તકમાં The General conduct of Meeting ના પ્રકરણમાં નીચે મુજબ વિવેચન કરવામાં આવ્યું છેઃ—

The powers of committees should be clearly set forth in their appointment. ***They report to their appointing body and their wishes take the form of recommendations, which if adopted by that body, are termed resolutions.***

(ઇટાલીકસ અમારા છે.)

આ ઉપરથી જોઈ શકાશે કે કમિટિઓ માત્ર "ભલામણ" કરી શકે અને તેની ફરજ ફકત પોતાની ભલામણો યા ઇચ્છાઓ પોતાની નેમણુક કરનાર મંડળ આગળ રજુ કરવાની છે. તેનાથી પોતાની ભલામણો અને ઇચ્છાઓ અમલમાં મુકી શકાયજ નહી અને તેની ભલામણો મોટાં મંડળ સનમુખ રજુ થાય અને તે મંડળ તે ભલામણો બહાલ રાખે ત્યારેજ તે અમલમાં મુકી શકાય. આ ઉપરથી જોઇ શકાશે કે કમિટિએ જે બંધારણ અને કાયદાકાનુનો રચ્યા છે તે તો હજી માત્ર "ખરડા" ના રૂપે છે અને તે ખરડો પાકકો કરી આપવાની સત્તા કોનફરંસની છે, પણ કમિટિએ આપખુદીથી તે સત્તા ખુંચવી લઈ જે મંડળે તેની નેમણુંક કીધી હતી તેનું અપમાન કીધું છે.

આ બંધારણ ઉપર સહી આપો અને બંધારણના કાયદા મુજબ ચાલો તોજ તમો જરથોસ્તી કોન્ફરન્સમાં હાજરી આપી શકો એવો વાહીટવે બીલ્ડીંગસના કીલ્લામાંથી એક ચુકાસ આપખુદીનો પરવાનો ધરાવનારા સાહેબોએ બહાર પાડયો છે. તેઓનો આ હુકમ સભા વિરૂધ, કાયદા વિરૂધ, તરીકા વિરૂધ, રીવાજ વિરૂધ, અકકલ વિરૂધ છે અને જયારે અમોએ તેમજ કોનફરંસના કેટલાક સ્વતંત્ર સભાસદોએ તેની સામે વાંધો ઉઠાવ્યો ત્યારે કોન્ફરંસનાં સેકરેટરી સાહેબોએ પોતાનો બચાવ બહાર પાડયો, કે જે અમો તા૦ ૨૫ મી જુનના અંકમાં પ્રસીધ કરી ગયા છીએ આ બચાવ તદ્દન કચ્ચા

સહી, હરવાસરખો અને સામાન્ય બુધ્ધીની ઠેકડી કરવા સમાન છે. તેઓનો ફરમાસુ બચાવ એવો છે કે પેહલી કોન્ફરંસે જે કમીટી બંધારણ ઘડવા નેમી હતી તેના ઠરાવમાં તેઓને આ પ્રમાણે વરતવાને સતા આપવામાં આવી હતી અને પોતાના એ બચાવના આધારમાં તે દરખાસ્તનો બીજો ભાગ લે છે. તે બીજો ભાગ નીચે મુજબ છેઃ-

"તથા બીજી વાર્ષીક કોન્ફરંસ ભરવા માટે ઘટતાં પગલાં લેવાને તથા તે માટેની સઘળી તઈયારીઓ કરવા માટે તે કમિટીને સત્તા આપે છે."

ઠરાવના આ બીજા ભાગમાં "ઘટતાં પગલાં લેવાને" એવા જે શબ્દો આવ્યા છે તેની ઉપર સેકરેટરીઓ પોતાની મદારત બાંધે છે, કારણ કે તેઓ કહે છે કે એ "ઘટતાં પગલાં" માં તેઓએ "બંધારણ કબુલ" ની સહી લેવાનું પગલું ભરયું છે તે સમાઇ જાય છે. તે છતાં આ સેકરેટરીઓ કબુલ રાખે છે કે "અલબતાં આ કાયદાઓ પહેલી કોન્ફરંસમાં થયલા ઉપલા ઠરાવની રૂએ, ઘટતે પ્રસંગે, બીજી કોન્ફરંસ સનમુખ રજુ કરવામાં આવશે." શું કામ રજુ કરવાની એટલી બી તસ્દી લેવો છો? એ કાયદાનો તમોએ તમારા ઘરની સતા કહાડી અમલમાં મુકી બી દીધા, ત્યારે કોન્ફરંસ સનમુખ તે રજુ કરવાનો ફારસ શું કામ કરો છો? "ઘટતાં પગલાં" ભરવાને જે સતા આ કમિટીને આપવામાં આવી છે અને આવાં ઘટતાં પગલાં "કોઇપણ કાયદા-ઓને અનુસરીને લેવાં જોઇએ" તેથી સેકરેટરીઓએ ઘેરનો કાયદો કહાડયો! જે આસામીઓ કોનફરંસના દરેક કામકાજમાં કાયદા અને કાનુનોનું ઉલંઘન કરે, કમિટિની સભાઓમાં જેઓ સભાસદ નહીં હોય તેવા ભલતાજ આસામીઓ બેસે અને તેઓ વળી મત પણ આપે અને તેજ આસામીઓ "કાયદાને અનુ-સરીને" પગલાં લેવા નીકલ્યા છે! કહે છે કે એ પ્રમાણે અમે બંધારણ અમારી સતા ચલાવીને અમલમાં મુકીએ નહીં તો અમારાથી બીજી કોન્ફરંસ કેમ બોલવાય. આફ્રીન આ બચાવના કરનારાઓને! શાબાશ! ભાઇઓ તમારાથી એવા બંધારણ વગર કોન્ફરંસ બોલાવી શકાય નહીં તો પછી પહેલી કોન્ફરંસ તમોએ કયાં બંધારણ અને કાયદાઓ મુજબ બોલાવી? તમારાથી બીજી કોન્ફરંસ બોલાવાય નહી, ત્યારે તમુને બીજી કોન્ફ-રંસ બોલાવવા માટે જે સત્તા આપી છે તે કયાં ગઈ? તે સત્તા તમુને આમંત્રણ કરવા, સભાસદો ચુંટવા, લવાજમ વસુલ કરવા, નીબંધો નકકી કરવા વિગેરે માટેજ આપવામાં આવી હતી. જો કાયદા અને કાનુન વગર કોન્ફરંસ બોલાવી શકાતી નહી હોય તો સુરત ખાતે ઇન્ડીઅન નેશનલ

કોંગ્રેસ પડી ભાંગી ત્યાં સુધી એટલે બાવીસ વર્ષ સુધી કોનગ્રેસ કેમ મળી ! એ બાવીસ વર્ષ સુધી તો કોનગ્રેસનું "ક્રીડ" કે કાનુનો કાંઈ નક્કી કરવામાં આવ્યા હતાજ નહીં. આ ઉપરથી જણાશે કે સેક્રેટરીઓનો બચાવ તદન લુલો લંગડો છે. તે એક પળવાર પણ ટકી શકે એવો નથી અને તેવો બચાવ કરીને સેક્રેટરીઓએ પોતાની હસી કરાવી છે. કોનફ્રરંસે જે કમીટી નેમી હતી તેની નેમ ઉંધી વાળનારૂ પગલું સેક્રેટરીઓએ ભરયું છે. કમીટીને ખરડો ઘડવા હુકમ થયો ત્યારે કમીટીએ તે પોતેજ અમલમાં મુકી દીધો ! શું કોન્ફ્રરંસના કારોબારીઓ ઝારના મુલકમાં વસે છે ?

કમિટી અને સેક્રેટરીઓનાં આ આપખુદ પગલાંની સામે બે ધરખમ પ્રોટેસ્ટો મોકલવામાં આવ્યા છે, જેમાંનો એક મી૦ જેહાંગીર વીમાદલાલનો છે, જે એક સોલીસીટર તરીકે તેઓએ કાયદાની નજરે બહુ બાહોશીથી લખ્યો છે, જ્યારે બીજો પ્રોટેસ્ટ આશરે ૩૦ ગ્રહસ્થોનો છે, કે જેઓમાં ઘણાઓ ઉંચી કેળવણી પામેલા છે. આ બંને પ્રોટેસ્ટ ઉપર વિચાર ચલાવવા કોન્ફ્રરંસની કમિટીની એક તાકીદની સભા બોલાવવી જોઇએ અને જે સઘળું ગેરકાયદેસર કામ થયું છે તે રદ કરી કાયદેસર રીતે આગળ વધવું જોઇએ.

પેલી કહેવાતી "જરથોશતી કોનફરંસ" સામે બે વધુ પ્રોટેસટ—એક મી૦ વીમાદલાલનો અને બીજો સતાવીશ મેમબરોનો!

(જે પ્રોટેસ્ટો ઉપર "અખબારે સોડાગર" પત્રનાં સવંત્રંટ વીચારો)

પેલી કેહેવાતી "જરથોશતી કોનફરંસ" વીરૂધ પારસી કોમમાં ચાલતા સામાનય અવીશવાસ ઉપ્રાંત ખુદ એ મંડળના મેમબરો તરફથી થયલા સંખયાબંધ પ્રોટેસટોમાં હાલ બે વધુ મહતવ તથા અચુક પ્રતીના પ્રોટેસટોનો ઉમેરો થયો છે. બંને પ્રોટેસટો અણધારેલી રીતે તથા અસાધારણપ્રમાણે લંબાણ છે; એક મી૦ જેહાંગીર જમશેદજી વીમાદલાલ એકલાના છે, જયારે બીજો ડાં૦ દાજી, મી૦ વીમાદલાલ, મી૦ પટેલ, મી૦ પાંડે વગેરે એજ મંડળના એકંદર સતાવીસ મેમબરો તરફનો સામટો છે. બંનેની નેમ એ મંડલના સુકાનીઓની આપખુદ, પક્ષપાટ તથા બેકાયદે કામ કરવાની રૂઢી ઉઘાડી પાડવાની છે. મી૦ વીમાદલાલે માત્ર એકજ આપખુદી હાથ ધરી છે, જે કોનફરંસના બંધારણની "કમીટી" એ પસાર કરેલી "ફીડ" ઉપર ખુદ કોનફરંસની બાહાલી મેળવયા પેહેલાં અમલ કરી નોત્રાના ફોરમમાં મેમબરોને તે માટે બાંધી લેવા સંબંધી છે. બીજા,—૨૭ મેમબરોના સામટા પ્રોટેસટમાં કમીટીની તા૦ ૩ જી મે ૧૯૧૧ ને દીને મળેલી મીટીંગમાં જે ગેરરીતી, પક્ષપાટ તથા ગેરઈનસાફથી કામ લેવામાં આવયું, અને તેથી અંતે સબુરી ખોહીને લગભગ ત્રીસ સભાસદોને સભા છોડી જવાની ફરજ પડી, તે બાબત ઉઘાડી પાડવામાં આવી છે. તેમાં એટલી તો બારીકી તથા વીગત સાથે કોનફરંસના સુકાનીઓ, પ્રમુખ તથા તેઓના મલતયાઓની આપખુદી દેખાડવામાં આવી છે કે તેની સચાઇ વીશે સવારથથી દોરાયલા કોનફરંસયાઓ સીવાય કોઇ પણ અપક્ષપાત વાંચક શક લઇ જઇ શકે. એ મીટીંગમાં ચાલેલી આપખુદી તથા અવયવસથા અતયાર પહેલાથીજ આપણે જાણયે છીએ; પણ તેનું જે સીલ સીલાબંદ તથા સવભાવીક ચીત્ર આ પ્રોટેસટમાં દોરવામાં આવયું છે, તે જેટલું ખાતરી પુરવક તેટલુંજ ભયંકર દીસે છે, અને તે ચીત્ર જયારે કોનફરંસના મેમબરો, એક બે ત્રણ ચાર નહી પણ એકંદર સતાવીસ માન તથા કેળવણી પામેલા ઉપરાંત મોભાવાલા અહસથો દોરે છે, કે જે અહસથો પોતે તે મીટીંગમાં હાજર હતા, તયારે તેને માટે બીજી સાબેતી શું જોઇએ? કોનફરંસયાઓ અને તેમના વાજીંત્રો ભલે પોતાની ઉઘાડી પડેલી તથા સાબુત થઇ ચુકેલી આપખુદ વરતણુક છુપાવવાને ઢીંગડ ઢાગડ કરે, પણ આંખે પાટા બાંધયાથી કંઇ સુરજની હસતી યા રોશનીનો ઇનકાર થઈ શકતો નથી. મી૦ વીમાદલાલનો પ્રોટેસટ પણ એટલોજ મજબુત, તથા એ બાહોશ અહસથની

કાબેલયત માટે ઉંચો છાપ બેસાડનારો છે, અને કોનફ્રરંસની 'ક્રીડ' ખુદ કોનફ્રરંસની બાહાલી મલવા અગાઉ અમલમાં મુકવાની તેના સુકાનીઓની આપખુદી તથા તે આપખુદીના તેઓ તરફથી થયલા હસવા જોગ બચાવનું પોકલ, તેવણે એક ખરેજ ધારા ધુરંધર સોલીસીટરને છાજતી કાબેલયત તથા કુનેહથી બતાવી આપયું છે, તે માંહેલી અસંખયા તકરારો યા દલીલોમાંની માત્ર એકજ હમો નમુના તરીકે રજુ કરયે છીયે.

કમીટીનો એક ભાગ જે રીતે કામ લેવા માંગે છે તે વીષે આમ કહેવાઇ શકાય કે, કમીટી જે ગઇ કોનફ્રરનસનું એક બચચું છે, તે પોતાના પીતાની સનમુખ પોતાની યોજના તેના ફરમાવયાં મુજબ રજુ કરવાને જતું નથી, પણ પોતાના જનમ આપનાર પીતાને સગવડથી બાજુએ મેલી પોતાની મરજી મુજબ ઉભા કીધેલા, પોતાની માનીતી યોજના પસાર કરે એવા બનાવટી પીતાની સનમુખ, તે પોતાની યોજના લઈ જાય છે. બીજા બોલોમાં બોલીએ તો, ગઇ કોનફ્રરંસે મુખી (Principal) તરીકે કમીટીને પોતાના પ્રતીનીધી (agent) તરીકે નેમી, અને તેને ચોકકસ યોજના ઘડી પોતાની સનમુખ રજુ કરવા કહી. આ યોજના પોતાના અસલ મુખી સનમુખ રજુ કરવાને બદલે આ કમીટીરૂપી પ્રતીનીધી પોતાના મુખીને મુંગે મહોડે સફાઇથી હમેશ સુધીની રૂખસદ આપે છે અને એક બીજોજ પોતે ઉભો કરેલો બનાવટી મુખી, કે જેને તેણે પોતાની માનીતી યોજના બહાલ રાખે એવો બનાવયો છે, તેની સનમુખ તે યોજના રજુ કરવા ધારે છે! આવું કામ દેખીતી રીતે સભા વીરૂધ, ગેરઈનસાફી તથા બેહુદું છે.

"ધટતા પગલાં" ભરવાના અધીકારમાં જો આવતી કોનફ્રરંસ, જેની સનમુખ કમીટીનો ખરડો બહાલી માટે આવનાર છે, તેનું બંધારણ ગમે તેમ બનાવવાનો અધીકાર સમાઇ જતો હોય, તો દેખીતુંજ છે કે, કોનફ્રરંનું જાયુકનું બંધારણ કોનફ્રરંસની ખુદની મરજી મુવાફીકનું નહી, પણ ખરડો ઘડી કહાડવા તેણે નીચલી કમીટી અને તેનાબી એક ભાગની મરજી મુવાફેક ઘડવા જેવું થાય.

બંને પ્રોટેસટોમાં કોનફ્રરંસના સુકાનીઓ સાથે પ્રમુખ શેઠ મેરવાનજી મંચેરજી કામા ઉપર આપખુદ રીતે તથા ગેરસીરેસતે કામ કરવાના ખુલ્લા તોહોમતો મુકાયામાં આવયાં છે, જે એ માનવંત ભલા અહસથ માટે બહુ દલગીર થવા જોગ છે. શેઠ મેરવાનજી કામા લાંબા વખતથી કોમ તથા કોમીઓનો સંપુરણ ચાહ તથા વીશવાસ મેલવતા આવયા છે; પણ આ પ્રોટેસટો ઉપરથી તેઓ સાહેબ જોઈ લેશે કે, તેમના તરફનો તે ચાહ તથા વીશવાસ હવે લગભગ કમ થયો છે, અને તેમની દરમીઆનગીરી વડે કોનફ્રરંસ તથા કોમ વચે સુલેહ થવાની આશા ભાંગી પડી છે. કોમ સાથે અમે પોતે પણ ચાહીએ છીએ કે, શેઠ કામાજી આ કઢંગી સથીતીમાંથી જેમ વહેલા મોકલા

થાય તેમ બેહેતર. તે માટે તેઓ સનમુખ બેજ રસતા ખુલ્લા છે; એક એકે પોતાના વગ તથા વડપણ વડે કોનફરંસયાઓને તેમની વરતણુક સુધારવાની ફરજ પાડવી, અને બીજો એ કે પેહલો મારગ ન લેવાય તો પોતે એ "બલતા ધર" થી છુટા થઈ જાય.

પણ તે દીગર વાત છે. હાલ ને કાજ તો આપણને આ સવભાવીક પ્રશનો ઉતપન થાય છે કે, એ બધાનું પરીણામ શું? સદરહુ પ્રોટેસટોનો શો ફેજ? આગલા બધા પોટેસટો કશી પણ અસર નીપજાવયા વગર કોનફરંસે કચરાની ટોપલીને સવાધીન કીધા છે; શું પાછલા બે પ્રોટેસટોને તે તેથી જુદો આવકાર દેશે? અમે તેમ ધારતા નથી. જો આ પ્રોટેસટોથી તે પોતાની આપખુદ વરતણુકમાં સુધારો કરે, તો તે એક મોજેજોજ ગણાય. જો મી૦ વીમાદલાલના પ્રોટેસટથી તે "ક્રીડ" ખુદ કોનફરંસથી બહાલી પામયા અગાઉ અમલમાં મુકવાનો પોતાનો નીશચય ફેરવે, તો તે પણ એક ચમતકારજ ગણાય. ઘણુામાં ઘણું એ થાય કે, બંને પ્રોટેસટોને કદાચ કોનફરંસનાં સભા હજુર રજુ કરવામાં આવે; પણ તેથીબી શું વલયું? કોનફરંસના સુકાનીઓ જેમ કમીટીમાં તેમ કોનફરંસમાં પણ બહુમતી કરટીમ રીતે પોતાનીજ કરી બેઠા છે, અને તે બહુમતીના પ્રબલ વડે કોનફરંસની સભામાં પણ એ પ્રોટેસટો, વગર ફળ નીપજાવવે અધર ઉડી જાય એ તદન બનવા જોગ છે. અરથાત, કોનફરંસનો ચસકેલો મામલો સુધરે એવી આશા હતી નહી, અને હવે છે પણ નહી. કોમને તથા પ્રોટેસટ કરનારા સાહેબોને એ મંડલનો તેમના પાસામાં કાંટા પેરે ખુંચતુંજ હોય—ખુંચ છેજ તો—તેમને માટે ખરો કારયસાધક રસતો, અમે અતયાર અગાઉ ફરી સુચવતા આવયા છીએ તેમ, તેનાથી સદંતર છુટા છેડા કરવાનોજ છે. પ્રોટેસટ કરનારાઓએ તેનાથી અલગ થઈ જવું. કોમનો ધારમીક મંડળોએ તેમાં શામેલ ગીરી આપવી નહીં, દેશાવરની પારસી જરથોસતી અંજુમનોએ તેનાં નોત્રાં સવીકારવાં નહીં અને તે સરવથી વીશેષ અથોરનાન ટોળાંએ એકત્ર થઈ તેના સામે પોતાનો અણગમો જાહેર કરવો. આમાના છેલ્લા વરગની હીલચાલની જરૂર પહેલી છે, અને તેના કારણો અમે સવીસતર બતાવી ચુકા છીએ. પ્રોટેસટ કરનારાઓએ કોનફરંસથી છુટા પડવા સાથે તેની સામેના એક વેહેવારૂ પ્રોટેસટ તરીકે, તેના કામોનું ખંડન કરનારૂ એક સામું મંડળ બરપા કરવું, અને પોતાનો કીમતી વખત તથા શકતી પ્રોટેસટો ઉપર નાહક ગુમાવયા કરતાં તે કામ પાછળ વાપરવા. બાકી હાલની પેઠે ફકત કાગજયા પ્રોટેસટો કરયા કરવા એ તો, અમારા માનવા પ્રમાણે "પથર સાથ માથું ફોડીને લોહી કાઢવા" સમાનજ છે.

વીક્ટોરીઆ ગારડનસ ભાયખલા,
મુંબઇ, તા૦ ૨ જી જુલાઈ ૧૯૧૧.

પેલી કેહવાતી કોનફરંસને

મી૦ કાવસજી ધ. માહાલક્ષમીવાળાનો

દુરઅંદેશીભરેલો પ્રોટેસ્ટ.

શેઠજી સાહેબો,

જરથોસ્તી કોનફરંસનાં જોડયા ઓનરરી સેકરેટરીઓ.

સાહેબો,

તા૦ ૧૬ મી જુન ૧૯૧૧ નો તમારો પત્ર મળયો છે જી; પણ હું **દલગીર** છું કે તેમાં કીધેલા ખુલાસા છતાં બીજી કોન્ફરસમાં ભાગ લેવા **ઇચ્છતા** કોઈપણ સભાસદ પાસે કોનફરનસની નેમ અને કાયદાઓનો લેખીત **સ્વીકાર** તેની મરજી વીરૂધ માંગવાને હાલને પ્રસંગે કમીટીને અખતીયાર છે **એમ** હું માનય કરી શકતો નથી અને તેથી ઉપલાં કારણોને લીધે તમોએ **મોકલેલા ફોરમ** ઉપર હજીપણ સહી કરવાને હું અશકત છું.

૨. પહેલી કોનપરનસનાં ઠરાવ મુજબ 'બીજી કોનફરનસ ભરવા **માટે ઘટતા** પગલાં લેવાને' કમીટીને સતા આપવામાં આવી છે; ખરી પણ તે ઠરાવનાં **ભાવાર્થ** મુજબ ઘટતાં પગલાં કેવાં હોવા જોઇએ તે સમજવાની જરૂર છે. **મારા નાકેશ** વીચાર મુજબ તે "ઘટતાં પગલાં" એવા હોવા જોઇએ કે જેથી **કમીટીએ** ઘડી કાઢેલાં જાથુકનાં બંધારણ અને કાયદા કાનુનોને બીજી કોનફર**નસમાં** બહાલી મળે તે આગમચ તે બંધનકરતા થઈ કમીટીમાંનાં તેમજ કોનફરનસમાં ભાગ લેવાની લાયકાત ધરાવતા અને તેમ કરવા ચાહતા કમીટીના **બાહેરના** કોઇપણ ગ્રહસ્થને તેવાં પગલાથી બીજી કોનફરનસમાં ભાગ લેવાને **અટકાવ** રૂપ થઇ પડે નહી એમ કોઈપણ સમજુ માણસ કબુલ કરશે.

૩. કોનફરનસનાં બંધારણની પહેલી કલમમાં જણાવેલી નેમો વીશે **કમીટી** સારી રીતે જાણે છે તેમ ઘણો મતફેર છે અને એ મતફેરને લીધે તો **કમીટીનાં ૨૮ સભાસદોને** પ્રોટેસ્ટ કરી સભા છોડી જવાની ફરજ પડી **હતી અને** તે સભાસદોના મોટા ભાગે તેથી ત્યાર પછીની કમીટીની સભાઓમાં

હાજરી પણ આપી હતી નહીં એ વાંધા વીશે બીજી કોનફરન્સમાં પોતાના વીચારો દરશાવવાની તેમને તક મળે અને કોનફરન્સમાં તે કલમ પસાર થાય તે આગમચ તે વાંધાભરી કલમ વીશે તેમને બાંધી લેવાની તજવીજ કરી. કોનફરન્સમાં હાજર થતાં અટકાવવા જેવું પગલું લેવું કાયદેસર છે કે નહી તે વાત બાજુ રાખતા સાધારણ ઈનસાફની નજરે જોતાં પણ તે વાજબી તો ગણાયજ નહી.

૪. વળી તમો જાણો છો તેમ ઉપર જણાવેલા પ્રોટેસ્ટો કરનારા કમીટીનાં સભાસદોજ નહી, પણ કમીટીનાં બીજા સભાસદો તેમજ કમીટીના બાહેરનાં બીજા ઘણાકોને પહેલી કલમ વીષે વાંધો નહી હોવા છતાં તે વીશેનો લેખીત એકરાર કરવા માટે સખત વાંધો છે તો તેઓ સઘળા પણ કમીટીએ લેવા ધારેલાં પગલાંથી કોનફરન્સમાં સામેલ થવાને અશકત થઈ પડે અને તેમનો તે વાંધો કોનફરન્સમાં રજુ થઇ શકે નહી. બંધારણ તથા કાયદા કાનુનોને બીજી કોનફરન્સમાં બહાલી મળ્યા પછી તેની કોઇ કલમ વીશેના વાંધાને લીધે જો કોઇ એ સંસ્થામાં જોડાતા અટકે તો તે જુદીજ વાત છે, પણ બહાલી મળયા આગમચ તેવી રીતે કોઇને પણ સામેલ થતા અટકાવવાનો કમીટીને કાંઈપણ અધીકાર નથી. પહેલી કોનફ્રન્સનાં ઠરાવની મતલબ એવી તો હોયજ નહીં કે—બંધારણ અને કાનુનોને બહાલીમળયા આગમચ કમીટીએ પોતેજ તેમને બંધનકરતાં કરી નાખવા, તે ઠરાવની મતલબ એટલીજ હોઇ શકે કે, હાલ તુરત તો પહેલી કોનફરનસ વેળાની રૂઢી મુજબ અથવા તો તેમાં કાંઈ એવા ઘટતા થોડાક ફેરફાર સાથ બીજી કોનફરન્સ બોલાવવાનાં કામચલાઉ પગલાં લેવા કે જે વીશે સભાસદોની એક સારી સંખ્યાને વાંધો હોય નહી, તેમજ તેવા પગલાંથી પહેલી કોનફરંસમાં સામેલ થયલા કોઇપણ સભાસદ કે મંડળને બીજી કોનફરંસમાં સામેલ થતાં અટકાવ થાય નહીં.

૫. તમો લખો છો કે કમીટીની છેલ્લી બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે કમીટીએ બહાલ રાખેલા બંધારણ અને કાયદાને "અનુસરી"ને બીજી કોનફરંસનાં સંબંધે પગલાં ભરવા, પણ તમો ભુલી તો નહીજ ગયા હો કે તે ઠરાવ તદન એકતરફી હતો, કારણ કે કમીટીની પહેલી બેઠક વેળા જે સભાસદો પ્રોટેસ્ટ કરી સભા છોડી ગયા હતા તેનો મોટો ભાગ ત્યાર પછીની બેઠકોમાં હાજર રહેતો હતો નહી, અને તેથી એકજ પક્ષના વીચારો મુજબ ત્યાં ઠરાવો થતા હતા.

૬. ઉપર જણાવેલા વાંધાઓને લીધે તમે મોકલેલા ફોરમ ઉપર હું સહી કરી શકતો નથી, પણ તે ઉપરાંત એક બીજા મુસ્તકીમ કારણસર આ સંસ્થામાં હવે પછી ભાગ લેવો કે નહી તે એક વીચાર કરવાજોગ સવાલ થઈ પડયો છે.

૭. ગઇ કોનફરંસ અને તેની "સબ જેકટસ" કમીટીમાં તેમજ ત્યાર પછીની કમીટીની સભાઓમાં ભાગ લેતી વેળા મળેલા અનુભવને આધારે જણાઈ આવયું છે કે કોનફરંસ સ્થાપનારાઓ, આગેવાનો, અને સુકાનીઓના કેટલાક આચાર વીચારો–સંસારીક વગેરે બીજી પણ તેમાં ખાસ કરી ધરમને લગતી બાબદોમાં–કોમના મધ્યમ વીચાર ધરાવનારા બીજા ઘણા કેળવાયલા અને સમજદાર ગ્રહસ્થોનાં આચાર વીચારોથી એટલા તો જુદા પડે છે કે તેવી બાબદોમાં સાથે મળી કામ લેવાને અશકય જણાય છે. વળી કોનફરન્સને લગતી સઘળી મીટીંગોમાં તેઓ જે રૂઢી અને વલણથી કામ લે છે તે ઉપરથી સ્પષ્ટ જણાઇ આવ્યું છે કે સમજીસુજીને આપ લેના નીયમ ઉપર કોમના સરવે વરગો અને મંડળોના સામાન્ય આચારવીચાર મુજબ મંડળીનું કામકાજ કરવાની તેમની નેમ નથી; પણ આ સંસ્થા સ્થાપવામાં તથા તેની આગેવાની લેવાની જે કેટલીક દેખાઇતી સરસાદ અને જોગવાઈઓ તેમને મળી છે તેનો લાભ લઇ પોતાનાજ વીચારો મુજબ સઘળું કામકાજ કરવાની તેઓ બનતી તજવીજ કરે છે અને તેથી નાહકનો અવીશવાસ, કડવાસ, અને કચવાટની લાગણીઓ ઉતપંન થવાનું કારણ મળે છે. એ કારણસર જેઓ તેમના વીચારો અને રૂઢી સાથે મળતા થતા નહી હોય તેઓ માટે બેહેતર રસ્તો તો એજ જણાય છે કે તેઓએ એમાંથી અલગા થઇ એવી લાગણીઓ ઉતપંન થતી અટકાવવી. વળી જેમ આગળ ઘણી વેળા જાહેર રીતે કોનફરન્સનાં આગેવાનોને appeal કરવામાં આવી છે. તેમ એકવાર ફરી કરવાની જરૂર જણાય છે કે તેઓ માટે વધારે સીધો પ્રમાણીક અને વાજબી મારગ તો એજ છે કે, કોમનાં સઘળાં મંડળોના પ્રતીનીધીઓની સામેલગીરીના ખાલી ઓઠાં હેઠળ પોતાનાજ આચારવીચારો ફેલાવવાની ફોકટની તજવીજ કરવાને બદલે જેઓ તેમના વીચારો સાથ મળતા થતા હોય તેઓનેજ સામેલ કરી પોતાનું એક જુદું મંડળ સ્થાપવુ કે જેથી કોઇને પણ કાંઈ વાંધો ઉઠાવવાને કારણ રહે નહી અને તેમનું કામ સલાહ સંપથી ચાલુ રહે.

લા૦ દુવાગીર સેવક,

કાવસજી ધ. મહાલક્ષમીવાળા.

વેલીંગતન સ્ટ્રીટ ધોબીતલાવ

મુંબઇ તા૦ ૧૩ મી જુલાઇ ૧૯૧૧.

એરવદ જામાસ્પજી બીલીમોરીયાએ ખોલાશા વાર મોકલેલો

ધરખમ પ્રોટેસ્ટ.

મેહેરબાંન સાહેબ

શેઠ મેરવાનજી મનચેરજી કામા

તે પહેલી જરથોસ્તી કોન્ફરન્સની નેમીલી

કમીટીના શરનશીન સાહેબ જોગ.

જત તમારી માંનીતી કોન્ફરન્સનાં માનીતા સેક્રેટરીઓ મારફતે તા૦ ૨૪ મી મે ૧૯૧૧ ને દીને એક ચોપડી સાથ એક ફોર્મ મારી ઉપર મોકલાવામાં આવ્યો હતો, જે ચોપડીમાં તમો સાથ બીજા આશરે બે દજન સભાસદો મલી, તમારી ધારેલી નેમોમાં ફાવવા માટે, અને તમારા લોકોની સવાર્થ સાંધવા માટે, ઘડી કાઢેલા કાયદા કાનુનનો એક ખરડો હતો. અને સાથે જે ફોર્મ હતો કે જેમા મને સવાગત કમીટીના સભાસદ થયલા જણાંવી, તેવું ખોટું માહભારત માંન આપવાની લાલચ દેખાડી, અંદર ખાનેથી મારી પાશ ગોલામી (તાબે રહેવાનુ) ખત જેવો ફોર્મ ભરી માગ્યો હતો, અને તેમાં આડકટરી રીતે તમારી પક્ષનાં (સુરીઆણાં) વીચારો માનવા, અને મનાવવાની એક ફરજ્યાતપણાની યુક્તિનું ખટકુ માડેલું મને જણાંયું હતુ. જે માટે તમોએ મજકુર ફોર્મમાં છપાવેલી એક **નીચલી કલમ** ખુલ્લી રીતે મારા ઉપલા વીચારોનું વાસ્તવિકપણુ બતાવી આપે છે.

“ **જરથોસ્તી** કોન્ફરન્સનાં બંધારણની પહેલી કલમમાં મુકરર કરવામાં **આવેલી નેમ** હું સ્વિકારૂછુ, તથા કોન્ફરન્સનાં કાનુંનો પ્રમાણે ચાલવાને હું **ખુશી છુ.** ”

આ કલમમાંજ એક એવી વર્તણુંક દેખાડવામાં આવી હતી, કે જે માર-ફતે મારા જેવા વીચારવાલાઓનાં મોઢાં ભવિસ્યમાં સહેલાઇથી બંધ કરી લેવાની અને ગુંગલાવી તમારી મરજી પ્રમાણેનું પાકીંયું કાંમ કરી જવાની અનઘટતી કોશેશો સમાયલી મને માલુંમ પડી હતી. પણ એવાં તરખીબથી ગોઠવેલાં છટકાંમાં શપડાઈ નહિ જતાં ભવિસ્યમા મને મારા વિચારો ખોલ્લી રીતે જણાંવવાની, તથા તમારી પક્ષનાં આપખુંદી ભરેલા વિચારો સામે વાજબી રીતે લડત ચલાવવાની પુંરેપુંરી ટક મલે, એટલા માટેજ મજકુર ફોર્મની ઉપર જણાંવેલી કલમ કે જે ભવિસ્યમાં મને નડતલ કર્તા થઇ પડતે, તે મેં છેકી નાખી છે, અને તદન કાયદાશર છેકી નાંખી તેની નીચે આ પ્રમાણેનો એક શેરો (remark) મેં કર્યો હતો, અને ત્યાર બાદ માંરી સહી કરી મજકુંર ફોર્મ તમારી માંનીતી કોન્ફરન્સનાં સેક્રેટરીઓ ઉપર મોકલાવાને મેં વાજબી વિચારયું હતું, મજકુર શેરો (remark) નીચે પ્રમાણે હતોઃ—

"આ ફોર્મ ઉપર જે ફકરો (કલમ) ભુલથી (આગલી કોન્ફરન્સનાં કાયદાઓથી ઉલતા જાઈ) છપાવ્યો છે, જે મેં વાજબી રીતે છેકી નાંખ્યો છે, અને એ છેકવાનાં કારણો જો તમે જાણુવા માગશો તો હું સત્તાવાર રીતે તમોને જણાવી શકીશ, છતાં જો કાંઈ મારી નેમ છેકવા માટેની ગેરવાજબી છે એમ જો તમોને જણાંય તો મને લખી જણાંવશોજી."

એનાં જવાબમાં બીજો એક તા૦ ૧૬ મી જુન ૧૯૧૧ ને દીને છાપેલો પત્ર અને જે ફોર્મ મેં છેકીને મોકલ્યો હતો તેમાંનોજ એક બીજો ફોર્મ તમારા સેક્રેટરીઓએ મોકલેલો મને મળ્યો છેજી. મજકુંર તા૦ ૧૬ મી નાં પત્રમાં તમારી કોન્ફરન્સનાં સેક્રેટરીઓ મને જણાવે છે કે, તમોએ છેકીને મોકલેલા ફોર્મ માટે તમારી ગેરશમજુતી થઇ છે, એમ જણાંવી એ સેક્રેટરીઓ પોતાની થયેલી ભુંલ કબુંલ નહિ કરતાં, હમેશ મુંવાફક પોતાનોજ કકો ખરો કરવાને પાછા નીકલી પડયા છે, અને બંચાવમાં તા૦ ૧૮ મી એપ્રેલ ૧૯૧૦ ને સોમવાર ને દીને મલેલી કોન્ફરન્સની છેલ્લી બેઠકમાં થયલાં ૧૭ માં ઠરાવની અંદરનો એક વાકય તાંકી તેની સાહદતથી પુંરવાર કરવા માગે છે, કે "હમોએ જે પગલું ભર્યું છે તે માટે હમોને ૧૭ માં ઠરાવમાં સત્તા આપવામાં આવી છે." પણ મારે હવે જણાંવવું અગત્યનું થઈ પડશે કે મજકુર ૧૭ માં ઠરાવનાં જે તમો જણાંવો છો તે વાકયોમાંથી તમારો બંચાવ થઈ શકતો નથી. કોઇ પણ દાનેશમંદ ગ્રહસ્થ તે ૧૭ મો ઠરાવ સમપુંર્ણું વાચ્યા પછી ઘણી સહેલાઈથી બાપોકાર કહી શકશે કે એ સેક્રેટરીઓનો બચાવ તદન લુંલો

પાયા વગરનો અને હસવા સરીખો છે, કારણ કે તે ૧૭ માં ઠરાવમાં ખોલ્લે ખોલ્લું, દીવાની જોટ જેવુ, અને તદન સાદી ભાષામાં તમારા બંચાવની અને તમારા આપખુંદ કાંમની વીરૂધ જતુંજ દેખાડી આપે છે, પણ હું ધારૂ છું કે એમાં ફકત તમારી પક્ષની નોંક જાલવવાને ખાતર અને થયલી ભુંલ નહિ કબુંલ કરવાને ખાતર સગલી તજવીજ કરવાની કોશેશ કરી છે, પણ તે સમજદાર વર્ગ કેમ કબુલ કરી શકે ? એ હાલનાં જમાંનામાં બનવા જોગ નથી.

મારા મહેરબાંન શરનશીન સાહેબ હવે આપણે નીચલા સત્તાવાર ખોલાશા પછી સહેલાઇથી જોઈ શકીશું કે ગેરશમજુતી કોણુ તરફથી થવા પામી છે, તમારી માનીતી કમીટી અને સેક્રેટરીઓ તરફથી કે મારી તરફથી, તે માટે આ ૧૭ મો ઠરાવ સમપુંર્ણ રીતે હું નીચે ટાંકુંછું, અને મારી અદનાં સકિત મુંજબ, તમોને ખોલ્લી રીતે શમજાવું છુ, કે જ્યારે તમારી પુરેપુરી ખાતરી થશે, પહેલી કોન્ફરન્સે પસાર કરેલો ૧૭ મો ઠરાવ નીચે મુજબ છેજી.

“જરથોસ્તી કોન્ફરન્સનુ જાથુંકનું બંધારણ નકકી કરવાને તથા તેનો **એક ખર્ડો ઘડી કહાડી તે બીજી કોન્ફરન્સ સનમુંખ રજુ કરવાને** નીચલા ગ્રહસ્થોની કમીટી પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે આ કોન્ફરન્સ નેમે છે. × તથા **બીજી વાર્ષીક કોન્ફરન્સ ભરવા માટે** ઘટટાં પગલાં લેવાને તથા **તે માટેની સગલી તૈયારીઓ કરવા માટે** તે કમીટીને સત્તા આપે છે.”

હવે તમો સાહેબ ઉપલા સંમપુંર્ણ લખેલા ઠરાવ ઉપરથી જોશો કે એ ઠરાવને બે તક્કામાં ગોઠવેલો જણાંય છે. પહેલો તક્કો કોન્ફરન્સનું જાથુંકનું બંધારણ નકકી કરવાને **અને ખર્ડો ઘડી કહાડી તે ખર્ડો બીજી કોન્ફ્રન્સ સનમુંખ રજુ કરવા** અને કમીટીની સંખ્યામા વધારો કરવાને કોન્ફરન્સ કહે છે. × આ ચોકડી મેં મુકી છે તે આગલ એક તક્કો પુરો થાય છે, જે મેં બતલાવ્યું છે. હવે એની અંદરનાં વાકયોનીજ આપણુ તપાશ લઇશું, એમાં જણાય છે કે પહેલી કોન્ફરન્સ એક કમીટી નેમે છે, અને તે કમીટીને જાથુકનાં બંધારણનો એક ખર્ડો ઘડી કહાડી બીજી કોન્ફરન્સ સનમુંખ લાવવા કહે છે, એમા કોઈ પણ રીતે એ ખર્ડાના કાયદાનો અમલ ચલાવવાને અને તે ખર્ડાનું બંધારણ સભાસદો ઉપર અમલમાં મુંકવાને પહેલી કોન્ફરન્સ કહેતી નથી, યાતો ખર્ડાનાં કાયદાઓનો જેમ ગમે તેમ કમીટીની મરજીમાં આવે તેવો ઉપ્યોગ કરીને ઘટટાં પગલાં લેવાને સત્તા આપી નથી, જ્યારે હાલમાં તો તમો મજકુંર ખર્ડાનો અને તેની કલમોનો જેમ ગમે તેમ સભાસદો ઉપર

ઉપ્યોગ કરવાને મંડીગ્યા છો, અને દબાણથી તે ખર્ડાની કલમ અમલમાં મુંકાવાને સત્તા ચલાવો છો અને પછી જેઓ તે કલમો શાથ મારી માફક મલતા થતા નહિ હોય તેઓને ગેરકાયદાશર દુર કરી તે પરીણામ બીજી કોન્ફરન્સ આગલ રજુ કરવાને માગો છો, એ કેમ બની શકે? એ તો પેલી કહેવટ વાલો ઘાટ બની જાય છે કે "આંધલો કહે છે ભીત અને બહેરો કહે કે મસજીદ." તમારી પાસે કોન્ફરન્સે કાંમ શું કરી માગ્યું, અને તમે આપોછો શું? તે જરા વીચાર કરો, કે મજકુર ઠરાવમાં તો ખોલ્લું દેખાડે છે કે **ખર્ડો ઘડી અને તે બીજી કોન્ફરન્સ આગલ લાવવો,** નહિ કે તે ખર્ડાનું પરીણાંમ લાવો? જ્યારે કોન્ફરન્સે તમારી પાશ ખર્ડો ઘડી માગ્યો છે, છતાં પણ શા માટે તમો બીજી કોન્ફરન્સ આગલ તે ખર્ડાનું **પરીણાંમ** લઇ જવા માગો છો? શું એ બોલનો તફાવત તમોને નહિ માલુંમ પડતો હશે?

મુરબીજી સાહેબ જ્યાં સુધી મજકુર ખર્ડા બીજી કોન્ફરન્સ સનમુંખ પશાર થાય નહિ, ત્યા સુંધી તેનો એક પણ કાયદો કોઇની પણ સત્તાથી સભાસદો ઉપર લાગું પાડી શકાય નહિ. "દાખલા તરીકે ધારો કે મજકુંર તકરારી ફોર્મ ઉપર મેં તકરારી ફકરો છેકી ને સહી કરી છે તે ફોર્મથી મને સવાગત કમીટીનાં સભાસદ તરીકે તમે નહિ સવિકારયો, હવે બીજી કોન્ફરન્સે મજકુંર કમીટીનો મજકુંર ખર્ડો નહિ સ્વિકારયો, તો પાછલથી શું મને તમે જણાંવશો કે તમોને સવાગત કમીટીનાં સભાસદ તરીકે પાછા સ્વિકારીયે છેયે? કારણ કે મજકુંર ખર્ડો કમીટીએ સ્વિકારયો નથી." જ્યારે એમજ બનવા જોગ છે તો પછી આવું અકકલથી દુંર, સાદી સમજણથી દુર, ઈનશાફથી દુંર, બુજતાઇ ભરેલું પગલું ભરવાને શાને માટે કોશેશ કરોછો?

મજકુંર ૧૭ માં ઠરાવ ઉપરનાં ખોલાશા ઉપરથી એમ નથી ઠરતુ કે તમારે મજકુંર ખર્ડા ઉપર અમલ ચલાવવો, એ વાકયોનો અભ્યાસ કર્યા પછી જણાય છે કે, તમોને કોઇ પણ રીતે કમીટીમાં બાંજ ફેરફાર કરવા કે લાયક સભાસદોને અપમાન કરી તેઓને તમારી પક્ષનાં રસ્તામાથી બાજુ કરવાની સત્તા ચલાવવાને હોકમ આપ્યો નથી. અને જ્યારે એમ સત્તા નથીજ તો પછી તમે મારી ઉપર મજકુંર ફોર્મ મોકલી મજકુંર ખર્ડાની પહેલી કલમનાં કાયદા ઉપર અમલ કરવાને કહો છો અને તે ઉપર સહી માગો છો. એ શું, આધારે તમે એમ કરવાને માગો છો? જે મહેરબાનીની રાહે મને જણાંવવાને તસ્દી લેવીજી. ઉપલા ૧૭ માં ઠરાવનાં પહેલ્લા તબ્કકામાં તમોને કોઇ પણ રીતે સત્તા આપવામાં આવી નથી, છતાં પણ આવુ આપખુંદ પગલું તમોએ

બન્યુંછે, જેનું કારણ શું ? તે મને વીગતવાર જણાંવાને કૃપા કરશોજી. કારણ કે મને તો વગર શક લાગે છે કે એ ગુંલામી ખત લખી માગવાનું કાંમ તદન ગેરવાજબી છે અને એ ઉપર સહી માગવામા હમારી નહિ પણ તમારી પક્ષનાં સાહેબોની ઘણીજ ગંભીર ગેરશમજુતી થઇ છે. પણ હું આશા રાખું છું કે આ મારા ખોલાશામા જણાવેલા ૧૭ મા ઠરાવનો પહેલ્લો તફકો અને તેનો ખોલાશો વાંચ્યા પછી સન્તોષ પકડી લઇ, તમારા ઠરેલ અને કરેલ વીચારથી એ કમીટીએ અને સેક્રેટરીઓએ કીધેલી ગંભીર ગેરશમજુતીનો ફેશલો કરી નાંખી એ ગ્રહસ્થોને નેક રાહ ઉપર લાવી મુંકશોજી.

મેહેરબાંન શરનશીન સાહેબ, હવે જે વાકયો ઉપર તમોએ મોટી આશા બાંધી તમારા લોકોનો બચાવ કર્યો છે, તે વાકયો ઉપર આપણે તપાસ ચલાવીશું. મજકુંર સમપુંર્ણ તાકેલા ૧૭ માં ઠરાવની વચમા એક × ચોકડી મુંકી છે, ત્યાંથી આપણ આગલ ચાલીશુ તેમા "વાર્ષીક કોન્ફરન્સ **ભરવા માટે**" ("ભરવા માટે" એટલા બોલો ઘણાંજ અર્થ સુંચક છે માટે એ ઉપર ખુંબ દરીયાફ્ત કરવો) ઘટતાં પગલાં લેવાને તથા **તે માટેની** (એ બોલ ઉપર પણ આપમાનવંતે મનનકરવુ) **સઘલી તૈયારીઓ** કરવાની કમીટીને સત્તા આપે છે."

હવે આ બીજો તફકો દીવાની જોત જેવું ખોલ્લું આપણુને દેખાડી આપે છે, અને તેમાં ઘણી સાદી અને સહેલી ભાષામાં ચોકસ વાકયો મુંકયાં છે. કે કમીટીને બીજી વારસીક કોન્ફરન્સ **ભરવા માટે** (નહિ કે કમીટીમાં બાજફેદ કરવા માટે) ઘટટાં પગલાં લેવાને જણાંવ્યું છે, અને **ભરવા માટે-નીજ** સઘલી તૈયારીઓ કરવાની સત્તા (અને નહિ કે વગર સત્તાએ કરાર નાંમું લખાવી લઇ શભાસદોને નશાડવાની સત્તા) આપે છે.

હવે મજકુંર ફકરો અને તેનો ભાવાર્થ ત્રીજા ધોરણનું એક નાનું બાલક પણ શમજાવી શકે, એટલો સહેલી અને સપષ્ટ ભાષામાં લખાયલો દેખાય છે.

એ વાકયોમાં કમીટીને **બીજી કોન્ફરન્સ ભરવા માટે** ઘટટા પગલાં લેવા અને તેનેજ લગતી બીજી સઘળી તૈયારીઓ કરવાને પહેલી કોન્ફરન્સ સત્તા આપે છે. તે સીવાય બીજી કોઈ પણ સત્તા આપેલી અહીયા દેખાતી નથી, અને ખર્ડાને લગતી કાંઇ પણ બાબદનો ઈસારો અત્રે કર્યો નથી, છતાં પણ એ વાકયો ઉપર તમો મદાર બાંધી કહોછો કે હમોને સત્તાછે, પણ સત્તા શાને માટે આપી છે, ફકત બીજી કોન્ફરન્સ **ભરવા માટેજ** ઘટટાં પગલાં અને **તેમાટે સઘલી**

તૈયારીઓ કરવાની સત્તા આપે છે, અહીઆ તમોને એ ઉપરાંત બીજો કંઇ હક આપ્યો નથી, યાતો ખર્ડાનાં કાયદાઓ ઉપર અમલ કરવાની સત્તા આપી નથી, છતાં પણ એ વાકયોથી તમારો બંચાવ કરોછો એ તદન અનઘટતું અને ઠપકાને પાત્ર તમારૂ પગલુ ભરેલું કહી શકાશે.

ઉપલા વાકયોમાં તમોને કોન્ફરન્સ ભરવાને સત્તા આપી છે, તે તદન વાજબી અને અકલ પંશદ છે. એ ભરવાનાં બોલોમાં નીચલુ કામકાજ આપણે લેખી શકીશુ, કે કોન્ફરન્સ કઇ જગામાં ભરવી, ભરવા માટે કયું મકાંન લેવું અને તે મકાંન ખોદાબક્ષ (મુફ્ત) લેવું કે પૈસા ખર્ચવા, કોન્ફરન્સ ભરવા માટે કેટલા કાર્ડો છપાવવા, અને તે કાર્ડો યા ઠરાવો પારસી પ્રેસ કે, રાસ્ત પ્રેસ, કે કયેશર પ્રેસમાં છપાવવા, તેમાં પૈસા શું ખર્ચવા, શરનશીન તરીકે એક અપ-ટુ-દેત દસ્તુરને દખણથી લાવવા, કે પંજાબથી લાવવા, કે અરબસ્તાનથી લાવવા, અને બીજી કોન્ફરન્સ ભરવાનેજ લગતી શુ શું તૈયારીઓ કરવી, વીગેરે વીગેરેની સત્તા આપેલી છે અને તે આપણે વાજબી લેખી શકીશું.

અને કોન્ફરન્સ કમીટીને અને સેક્રેટરીઓને જો ઘટટી સત્તા ભરવા માટેની તૈયારી કરવાને ઘટટાં પગલાં લેવાને, નહિ કહે તો પછી બીજી કોન્ફરન્સ ભરીજ કેમ શકાય, ? અને તે માટે મેં ઉપર જણાંવેલું કાર્ય પુરતુ ગણી શકાશે, પણ જેમ બીજા તબ્કકામાં કમીટીને કોન્ફરન્સ ભરવાની સત્તા આપી છે, તે મજ જો પહેલ્લા તબ્કકામાં ખર્ડો બીજી કોન્ફરન્સ આગલ લાવવા આગમજ કાયદા કાનુનોમાં ફેરફાર કરી તે કાયદાને આધારે અમલ ચલાવવાને કાંઈ પણ સત્તા આપેલી હતે અને જો પછી તે કાયદાનાં આધારે મારી પાસે તમો સહી માગતે તો હું તે કાંમને વાજબી ગણતે, પણ અહીયાંતો તેમ કશું લખ્યું નથી અને અહીયાં દેખાઇતી રીતે એક ઠરાવનાં બે તબ્કકા પોતાનું કાંમ જુદી જુદી રીતે કરે છે, છતાં પણ તમો સાહેબો એ બેઉ કાંમને ભેલી નાખી તમારી મતલબ સાંધવાને ઇચ્છોછોય, એ તદન અનઘટતું પગલું ગણી શકાશે. કારણકે મજકુર ઠરાવ પશાર થયો તે વખતે પણ મારા જેવા બીજા ઘણાં ગ્રહસ્થોએ એજ પ્રમાણે અરથ ઉઠાવી બે કામોને છુટા પાડયાં હતાં, અને કોન્ફરન્સ ભરવાને લગતાંજ કાંમની સત્તા આપી છે એમ જાનતા હતા, અને એ સત્તા તદન વાજબી અને બરહક છે. પણ હવે પાછલથી જયારે આવી એક જાતની યુકિત થવા પામે તો પછી કાં નહિ હમોને તમારી કોન્ફરન્સનાં દરેક કાર્યો તરફ શકની નજરે જોવું પડે. તેનું મને કારણ જણાંવવું. જયારે એક ખરા વાકયોને- તમારી પક્ષની મતલબને ખાતર, ખરૂ બોલનાંરા, વાજબી લડત ચલાવનારા,

તમારા આપખુંદ કામને તોડનારા, તમારી પક્ષના વિચારોને નહિ પંસપાલી તે તરફ અનગમો દેખાડનારા, તમારા વીચારોને નહિ રૂચતા વીચાર ધરાવનારાઓને દુર કરવાને ખાતર—ખોટાં રૂપમાં ફેરવી નાખી તમારી મરજી મુંવાફેક ખોટાં મીનીંગ ઉઠાવાની તજવીજ કરોછો એ તદન અનઘટતું પગલું ગણી શકાશે.

મહેરબાંન સાહેબ જયારે તમારી પાસે કોન્ફરન્સે ખર્ડો ઘડી માગ્યો છે, ત્યારે તમો તો તે ખર્ડાનાં કાયદાઓનો અમલ ચલાવી તેનું પરીણાંમ બીજી કોન્ફરન્સ આગલ દેખાડવા માગોછો, એ કેમ બની શકે ? ઉપલા સત્તાવાર ખુલાસા પછી તમો જોઈ શકશો કે તમારૂ એ પગલુ તદન નાંફરમાંન, ઉલટુ, અને ઠપકાને પાત્ર છે. કારણ કે આપણે આગલી કોન્ફન્સને વચન આપયો છે કે હમો ખર્ડો ઘડી "તેનાં કાયદા કાંઈ પણ અમલમાં મુંકયા વગર" બીજી કોન્ફરન્સ આગલ રજુ કરીશું. પણ મેં ઉપર જણાંવે ા તમારા આપખુંદી કાંમોથી આપણો વચન તુંટી જાય છે, તો પછી એ નાફરમાંની કાંમ ખરા જરથોસ્તીનાં ફરમાંનથી ઉલટુ જવા પામેછે, એમ જાની સમજીનેજ મેં મજકુર ફોર્મ ઉપર એક વાંધા ભરેલો ફકરો જે મારા વિચારોથી ઉલટો જાય છે, તે છેકી અને પછી મારી સહી કરી તમો ઉપર મોકલવાને સાચ્ચા જરથોસ્તી તરીકે વાજબી વીચાર્યું છે, હવે તમોએ મોકલેલો બીજો ફોર્મ છે, તે ઉપર હવે મારી સહી કરવાની હું જરૂર જોતો નથી, જે મેં પગલું ભર્યુ તે તદન વાજબી અને કાયદાશર છે એમ હું ધારૂછું.

ઉપલો ખોલાશો વાંચ્યા બાદ તમો તમારા સાચ્ચા અંતકરણને પુંછશો તો તેનો જંવાબ મારા વીચારને એકમલતોજ મલી શકશે.

પણ આટલો ખોલાશો આપ્યા પછી મને ઘણી દલગીરી અને અફ-શોશ સાથ જણાંવવું પડે છે કે આવા તમારા માની લીધેલા વીચારો મુજબ "બાહોશ મંડલનાં બાહોશ સેકરેટરીઓ અને કમીટી (!) તરફથી પણ આવો એક દુઃખ દાયક વીચીત્ર પ્રકારનો ગંભીર ગોટાલો કેમ થવા પામ્યો છે જે હું હજું સુંધી શમજી શકતો નથી, જયારે કોન્ફરન્સ સનમુંખ રજુ થયલા એક ઠરાવના એવા વાકયોની અંદરથી બીજાઓને અંધારામાં રાખી પોતાની મતલબને ખાતર ખોટા મીનીંગો ઉઠાવવામાં આવે છે, તો કાં નહિ ભવિસ્યમાં પણ કોઈ બીજા વધુ અગત્સના ઠરાવોમાં કોઈ વાકયો ગોઠવી પોતાની મતલબ સારવાની તજવીજ કરવામાં આવે, અને પાછલથી બીજાઓને હમારી મુંવાફેક મુશકેલી અને મુંશીબતમા કાં નહિ ઉતરવું પડે ?

મહેરબાંન સરનશીન સાહેબ, હમારા જેવા સાથે મલી કાંમ કરવાને ઇચ્છતાં સભાસદો સાથ એવી અનઘટટી વરતણુંક ચલાવવી, અને તેઓને દુર કરવા માટે ખોટી તજવીજ કરવી એ શું આપમતલબી, આપખુંદી, આપ સવાર્થી કાંમ નહિ કહી શકાય ? જયારે પહેલાંથીજ તમારી પક્ષની નેમ એવી હતી તો હમોને કહી દેવુ હતું કે સાહેબો હમો તો પાંચ પંદર સાહેબોજ કહેવાતો સુધારો કરવા ઇચ્છીયેચ, હમોને કોઈપણ પ્રમાણીક હમારા વીચારોની વીરૂધ વીચાર ધરાવનારાઓ જોઈતા નથી, તો પછી તમારાં કાંમની વચમાં હમોને બોલવાને હક હતોજ નહિ, પણ તમો કહેવાતો સુધારો કરનારાઓ તો એક બાજુંએ સાયો પહેરી દેખાડવા માગોછો કે હમો તો આખી કોમનાં પ્રતીનીધી મેલવી એક કોમનું (Body) મંડલ કરવા માગીયેચ, અને બીજી બાજુંથી બાપોકાર કહોછો કે " આવજો લીલું નારીએલ ને સુંકો ગોલ હમોને જોઈતું હતું તેવુંજ થયું " પછી હું બાવા અને મંગલદાસ કરી ઘરનાં ઘર જમણુ કરીશું. એ શું કહેવાય, નાફ્‌રમાંની કે નાફ્‌રમાંનીનો દાદો ? એ એક લાયક મંડલને છાજતું કાંમ કોઈ પણ સમજુ ગ્રહસ્થ કદીબી કહી શકશે નહિ.

જયારે તમે એમજ કરવા ચાહોછો તો બાપોકાર હમોને કહીદો કે આ એક કહેવાતો સુધારો (કુંધારો) કરનારૂ મંડલ છે, અને જેઓ હમારા વીચારો શાથ એકમતલતા થતા હોવ તેઓએજ આ મંડલમાં સામેલ થવું તો પછી હમો મોટી ખુશાથી દુર થઇ જઇશું. પણ હાલ જયાં સુધી બીજી કોન્ફરન્સ ભરાય નહિ, અને ત્યાં મજકુર ખર્ડો પશાર થાય નહી, ત્યાં સુધી એ તમારો વીચાર મુંલતવી રાખજોજી, કારણકે એ અમલ ચલાવાને અને હમોને દુર કરવાને તમોને બીજી કોન્ફરન્સ સુધી થોભવું પડશે. કારણકે દરેક કાંમ વચન પ્રમાણે અને કાયદાસર થવું જોઈએ, સીવાય કે તમો આપ ખુદ સત્તા ચલાવશો નહિ ત્યાં સુધી મને એમાંથી દુર થવાની ફરજ પડશે નહિજી.

મારા મેહેરબાંન શરનશીન સાહેબ, જયારે તમારા જેવા ઠરેલ અને કરેલ જરથોસ્તી થઈ, આવાં આપખુંદ કાંમોમાં આગેવાની લઇ ઉતેજણ આપોછો, તો પછી બીજા કેવા અને કયા જરથોસ્તી ગ્રહસ્થ ઉપર હમો બરોશો રાખી શકીયે ? જે માટે વીચાર કરવાનું કામ હમારે માટે બહુજ બીકટ અને દુખદાયક થઇ પડયું છે. આવાં આપખુંદ કામોથી હુ નારાજ થઇશ એટલું નહિ, પણ યાદ રાખજો મારા મુરબીજી સાહેબ કે એ આપખુંદ કાંમોથી આખી જરથોસ્તી કોમનો મોટો ભાગ નારાજ થયા વીનાં રહેશે નહિ. અને જયારે કોમનાં મોટા ભાગની લાગણી વીરૂધ અનઘટટી રીતે એક મંડલ ઉભું,

થાય તો તેની હૈયાતી અને જાહોજલાલી કેટલા વખત માટે હોય છે, જે વીચાર કરવો હું તમારીજ મુનશફી ઉપર શોપું છું. શરનશીન સાહેબ દુન્યાનાં માણસોમાં કેટલાકો એવા હોય છે કે, જેઓને કોઇક બીજા શખ્સથી ઉસકેરની કરે છે તો તે ઉસકેરાયલી હાલતમાં વધું અને વધું બગાડો કરે છે, પણ એમ લોકોનાં વાજબી અને સાચ્ચા લખાણોથી અને વીચારોથી ઉસકેરાઇ જાઇ બગાડો નહિ કરી નાખતાં સુલેહ અને સાન્તીનો ઉમદા તોર સોધી સાન્તી અને એક દીલી ફેલાવે તેજ ડાહયો પુરૂપ કહેવાય, તેજ બાહોશ, દાનેશમંદ અને કુન્હેબાજ નર કહી શકાય, તેજ ખરો સુલેહનો મદદગાર ફરેસ્તો કહેવાય છે, અને તેવીજ સુલેહ અને એક દીલીની આશા, હું તમારા જેવા ઠરેલ કરેલ અને ભલા પુરૂષથી રાખવાને તે ફીરતાર પાશ ઇચ્છું છું.

મુરબીજી સાહેબ તમારા સેક્રેટરીઓએ મોકલેલા એક પત્રનાં જવાબમાં આ પ્રોટેસ્ટ કરવાની મને જરૂર પડી છે, અને ઉપલાં લખાણ ઉપરથી જોશો કે મજકુર તકરારી ફોર્મ ઉપરની કલમ છેકવામાં મેં તદન વાજબી પગલું ભરયું છે. એમ લખી માંગવાની તમારી પક્ષને સત્તા નથી. માટેજ મેં એવા ગોલામી ખત ઉપર સહી નહિ આપવામાં દહાપણ વીચારયું છેજી. જે ઉપલા વીગતવાર દરશાવેલા પ્રોટેસ્ત ઉપરથી તમો માંનવંત ઘણી શહેલાઈથી જોઈ શકશો. અને આ મારા પ્રોટેસ્તની નોંધ લેશોજી. ખોદા તમુને ભલી બુધ્ધી વધુ બક્ષે એવી દુવા ચાહતો હું છું તમારી પક્ષની આપ ખુંદી અને ગેર રીતીથી દુ:ખી થયલો

લા૦ તમારો સેવક,

એરવદ જામાસ્પજી મોટાભાઇ બીલીમોરીયા

ની દુવા બંદગી આમીન.

અરદેશર દલાલનો ટુંકો અને દમામદાર પ્રોટેસ્ટ.

મુંબઈ તા૦ ૪ થી જુલાઇ ૧૯૧૧.

શેઠજી સાહેબો,

જરથોસ્તી કોનફરનસનાં જોડીઆ ઓનરરી સેકરેટરીઓ જોગ.

સાહેબો,

તમારાં તા૦ ૧૬ મી જુનનાં સરકયુલર પત્રનાં જવાબમાં મારે ફરીથી જણાવવું જોઇએ કે પેહેલી કોનફરંનસમાં નેમાયલી કમીટીએ ઘડેલા બંધારણ અને કાયદાકાનુનોને જ્યાં સુધી બીજી કોનફરંનસ પોતાની બાહાલી આપે ત્યાં સુધી કમીટીને બંધારણ અને કાયદાકાનુનોને અનુસરીને કાંઇ પણ ઠરાવ કરવાનો અધીકાર નથી અને જયારે કમીટીનો તે ઠરાવ કાયદા પુર્વક નથી તો તે ઠરાવની રૂએ કોઇ પણ જાતનો સ્વીકાર પત્ર લેવાનો હક પણ કોઈ ધરાવી શકે નહી.

એક મોટાં મંડળે પોતાનામાંનાં નાનાં મંડળને ઠરાવની મારફતે જે સત્તા આપી હોય તે ઠરાવની ચાર દીસાની હદમાંજ તે નાનાં મંડળથી કામ થઇ શકે, અને તે નાનાં મંડળે કીધેલાં કામ ઉપર મોટા મંડળની બાહાલી મેલવ્યા વગર પોતે કીધેલાં કામને અનુસરીને કાંઈ ઠરાવ થઈ શકેજ નહી, તેથી કાનુન ચોથો જ્યાં સુધી કોનફરનસમાં તેને કાનુંન તરીકે સ્વીકારવામાં આવ્યો નથી ત્યાં સુધી તે કોઇને લાગુ પાડી શકાય નહી એમ તમો કબુલ કરશો.

બીજી કોનફરનસ ભરવા માટે ઘટતાં પગલાં લેવા સારૂ પેહેલી કોનફરનસે જે ઠરાવ કરી કમીટીને સત્તા આપી છે તેની મતલબ એટલીજ છે કે જેવી રીતે પેહેલી કોનફરનસ ભરવામાં આવી હતી તેજ ધોરણ ઉપર બંધારણ નકકી થાય ત્યાં સુધી બીજી કોનફરનસ ભરવા માટે ઘટતાં પગલાં લેવાં. કોનપરનસનાં કીધેલાં તે ઠરાવમાં (દરખારત ૧૭ મી) કમીટીને પોતે ઘડેલાં બંધારણ અને કાનુનો જે અનુસરીને પગલાં ભરવાની સત્તા આપેલી નહી હોવાથી કમીટીનો પોતાનો કીધેલો તેવો ઠરાવ કાયદા પુર્વક હોઇ શકે નહી તે સેહેજ સમજી શકાશે.

કોનફરનસમાં નેમાયલી કમીટીનાં એક સભાસદ માટે કમીટીનાં બીજા સભાસદોને કોઇ પણ જાતનો અટકાવ નાખવાની સત્તા નથી તેવા મારા મતની નોંધ લેશોજી. પણ કોનફરંનસમાં ભાગ લેવો કે નહી તે મારા પોતાની મુનસફી ઉપરજ રહેશે.

લા૦ દુવાગીર અરદેશર એદલજી દલાલ

ફરેદુન કે. દાદાચાનજી સોલીસીટરનો
કાયદાશરનો પ્રોટેસ્ટ.

પેલી કહેવાતી જરથોસ્તી કોનફ્રંસનું આપખુદ કામ પારસી કોમમાં કેટલું બધું અળખામણું થઇ પડયું છે તે હમણા સુધી એ મંડળની સામે થયલા પ્રોટેસ્ટો ઉપરથી જોવામાં આવશે. એ પ્રોટેસ્ટોનું ધરખમપણું જોઇ કોનફ્રંસના વાજીંત્રો એટલાં ગભરાતમાં પડયાં છે કે આજ સુધી થયલા પ્રોટેસ્ટોમાંથી એક પણ તેઓ છાપવાની હીંમત બતલાવી શકયા નથી. હમણા સુધી જે પ્રોટેસ્ટો ગયા છે તેમાં નીચલો પાંચમો ઉમેરાયો છે:—(સાંજ વર્તમાન-માંથી ઉતારો કર્યો છે.)

"જરથોસ્તી કોન્ફરન્સ" ના સેક્રેટરીઓ,

સાહેબો,

તમારો તારીખ ૧૯–૯–૧૯૧૧ નો બચાવ પત્ર વાંચયા છતાં જે ફોર્મ ઉપર તમે સહી મંગાવો છો તે ગેરકાયદાસર છપાવયો છે તેમ ફરી જાહેર કરવાની રજા લઉં છું. પહેલી કોનફ્રંસના અમુક અધીકારોજ સ્ટેનડીંગ કમીટીને મળયા છે તે અધીકારો આવા ફોર્મ ઉપર સહી લેવાના અને જાથુકના બંધારણને હાલથીજ બંધનકર્તા કરવાના નથી "ખરડો ઘડી કાઢવો" એ એક વાત છે અને તે ખરડો આપખુદીથી રચી કોનફ્રંસ બહાલ રાખે તે પહેલાં અમલમાં મુકવો એ જુદીજ વાત છે. આમ થાય તો ૨ જી કોનફ્રંસને કાયદાઓનો ખરડો સુધારવાની તકજ ન મળે. વળી પહેલી કોનફ્રંસમાં બેઠેલા સઘળા સભાસદોની હજુરમાં આ ખરડો પાસ થાય ત્યાં તુલીક બેસવાનો પુરેપુરો હક છે, જે તે ખરડો હાલમાં બંધન કરવાથી છીનવી લેવાશે. સ્ટેન્ડીંગ કમીટી, પહેલી કોનફ્રંસ જેનું તે બાળક છે, તેને કાઢી મુકે છે, અને પોતાને મનમાનતી, પોતાનો ખરડો પાસ કરે એવીજ કોનફ્રંસ બોલવવા તઇયાર થઇ છે જે હસવા સરખું અને કાયદા અને અકકલથી ઉંધું છે. પહેલી કોનફ્રંસમાં જે જે આ સામીઓ સભાસદો હતા તેઓને ફરીથી આવવાનો હક છે જે તેઓ કાયદા મારફતે ભોગવી શકશે; અને કાયદાની મદદ લઇ સ્ટેનડીંગ

કમીટીના ખોટાં પગલાંને તેઓ સુધારી શકશે "ઘટતાં પગલાં લેવા" એમ અધીકાર મળયો છે તે **બંધારણના** સવાલથી દેખઇતો અલગ રાખ્યો છે તેવાં પગલાં કયાં અને કયારે કોનફરંસ ભરવી, કયે કયે કલાકે બોલાવવી, ઇજનો કેમ મોકલવા એવી બાબદો આવી ગઇ એમ ન હોત તો સ્ટેનડીંગ કમીટીને "ખરડો" ઘડવા અને માત્ર ૨ જી કોન્ફરન્સ આગળ રજુ કરવાનેજ હક ન આપ્યા હોત, પણ તે બંધારણ પ્રમાણે ૨ જી કોન્ફરન્સ ભરવાનો હક આપ્યો હોત.

સ્ટેનડીંગ કમીટીના કહેવાતા એ કાનુનોને અનુસરીને બીજી કોનફરંનસ ભરવાના ઠરાવ બીલકુલ ગેરકાયદાસર છે. સેકરેટરીઓને હવે તે બાબદ સ્ટેનડીંગ કમીટી-આગળ પાછી લઇ આવવી જોઇએ, અને જો એવો ઠરાવ થયો હોય તો તે સત્તાની ઉપરાંત (ultra vires) હોવાથી, તે ખેંચી લેવા માટે સભા મેળવવાની ગોઠવણ કરવી જોઇએ. આ કરવાને સેકરેટરીઓ બંધાયલા છે અને હું લેખીત માંગણી કરૂં છું કે તમો સાહેબોએ તે પ્રમાણે કરવું, નહી તો જે પગલા ઘટશે તે હું લઇશ.

લા૦ સેવક,

ફરેદુન કે. દાદાચાનજી.

ડાકટર દાજીનો ટુંકો અને દાંનેશમંદી ભરેલો પ્રોટેસ્ટ.

૧૧૭, કાલબાદેવી.

મુંબઇ, તા૦ ૧૮ મી જુલાઈ ૧૯૧૧.

જરથોસ્તી કોનફરનસના જોડયા સેક્રેટરીઓ જોગ,

જત-તમારો તા૦ ૧૬ મી જુનનો પત્ર પુગો છેજી.

બીજી કોનફરનસ સનમુખ કાયદાકાનુનોનો ખરડો રજુ થાય તે વેળા ત્યાં હાજર રહીને તેમાં ઘટતો સુધારો કરવવાની જેઓની ખાહેશ હોય તેઓને ત્યાં હાજર રહેતા અટકાવવા માટે એકરારનામું લખાવી લેવાની જે યુકતી રચવામાં આવી છે, તે યુકતીને કોનફરનસ ભરવા માટેનાં 'એક ઘટતાં પગલાં' તરીકે ઓળખાવવાની તમારી કોશેશ કેવળ હસવા સરખી છે. તમારી તકરારનું પોકળ મી૦ પીમાદલાલે તથા બીજા અનેક કમીટીના સભાસદોએ તેઓના પ્રોટેસ્ટમાં વીગતવારે દરશાવેલું હોવાથી હું તે ફરીથી દરશાવીને લંબાણ કરવાની જરૂર જોતો નથી.

લા૦ સેવક,

જહાંગીર ખરશેદજી દાજી.

૧૪. પ્રોકટર સ્ત્રીટ, ગ્રાંટરોડ.

મુંબાઇ, તા૦ ૨૪ મી જુલાઇ ૧૯૧૧.

મી૦ માણેકજી કાવશજી પટેલનો સુચનારૂપી પ્રોટેસ્ટ.

જરથોસ્તી કોનફરંસ કમીટીના સરનશીન શેઠ મેરવાનજી મનચેરજી કામા જોગ.

સાહેબ,

કહેવાતી જરથોસ્તી કોનફરંસના જોડીઆ ઓનરરી સેકરેટરીઓએ જે "કોનફરંસ ફંડ" ઉપર પોતાનીજ આપખુદ સત્તાથી અને ગેરકાએદેસર સ્વાગત કમીટીના બધા સભાસદોની સહી લેવાની બજીહાઈ કરે છે, તેના સંબંધમાં તેઓએ "ખુલાસો" ગયા મહિનાની તા૦ ૧૬ મી એ બાહેર પાડયો હતો. અને જેની એક નકલ મારી ઉપર મોકલી આપવામાં આવી હતી તેના જવાબમાં જણાવવાની રજા લઉંછું કે મજકુર કહેવાતા ખુલાસામાં દર્શાવેલી દલીલો એટલી બેહુદી, હસવા સરખી અને બચ્ચા રમાડવા જેવી છે કે એવી હેમાકત ભરેલી દલીલો બાહેર પાડી તમારા સેકરેટરીઓએ સ્વાગત કમીટીના સભાસદોની બલકે આખી પારસી કોમની સમજ શક્તિને નહી માફ થઇ શકે એવું અપમાન કીધું છે. મજકુર દલીલોનું તકલીદીપણું મી૦ વીમાદલાલ, ડા૦ દાજી અને મેશર્સ મહાલક્ષમીવાલા, બીલીમોરીઆ અને દાદાચાનજીએ એટલું તો લંબાણથી અને વિગતવાર રીતે દેખાડી આપ્યું છે કે હું મારા વિચારો ટુંકમાંજ દર્શાવીશ.

પેહેલી કોનફરંસના જે ઠરાવની રૂએ બંધારણ ઘડી કાઢનારી કમીટી નેમવામાં આવી હતી તે ઠરાવમાં ખુલ્લું જણાવવામાં આવ્યું હતું કે જે બંધારણનો ખરડો ઘડી કાઢવામાં આવે "તે બીજી કોનફરંસ સનમુખ રજુ કરવો." આ શબ્દો એટલા ખુલ્લા છે કે તે ઉપરથી એક બચ્ચું પણ સમજી શકે કે બંધારણનો ખરડો જ્યાં લગીન આવતી કોનફરંસ સનમુખ રજુ કરવામાં આવે નહિ ત્યાં લગીન તેની ઉપર અમલ થઈ શકે નહિ. તમારા સેકરેટરીઓ હસવા સરખી અને બચ્ચા રમાડનારી દલીલ રજુ કરે છે કે જો કમીટીએ પસાર કરેલો બંધારણને લગતો ખરડો કોનફરંસ બહાલ રાખે તે અગાઉ તેની કોઇપણ કલમ

ઉપર કમીટીથી અમલ કરી શકાય નહી તો બીજી કોન્ફરંસ ભરીજ કેમ શકાય? આના જવાબમાં હું એ સાહેબોને એટલુંજ પુછીશ કે ત્યારે પેહેલી કોનફરંસ તેઓએ કેમ ભરી હતી? અને જો પેહેલી કોનફરંસ બંધારણના ખરડા વગર ભરી શકાઈ તો તેજ રીતે બીજી કોનફરંસ કેમ ન ભરી શકાય? તમારા સેક-રેટરીઓ કાંગલા કુંગલા થઈને પુછે છે કે બંધારણના ખરડા ઉપર અમલ કરવામાં ન આવે તો પ્રતિનીધીઓ માટે આમંત્રણ કેમ થાય, તેઓની સંખ્યા કેમ મોટી કરાય, સભાસદોની ચુંટણી કેમ થઈ શકે, તેઓ સોડેથી લવાજમ કેમ માગી શકાય? એ સાહેબો હજીપણુ જરા વધારે કાંગના કુંગલા થઈને એમ પણ પુછતે કે બંધારણના ખરડા ઉપર અમલ કર્યા વગર નોવેલટી નાટક-શાળાની ઝાડુ કેમ કઢાય, ઇંડુ, પાંડુ અને દાંડુ સભાસદો સોડેથી લવાજમ કેમ લાવી શકે, સોરાબદારૂ અને દોરાબદારૂ આમંત્રણના કારડો સભાસદોને કેમ પોહોંચાડે તો એ સાહેબોની ઉપલી ફડધસ દલીલ હજીપણુ વધુ મજબુત થતે.

સાહેબ, તમારા સેકરેટરીઓ શું પોતાના વિરોધીઓને માહીમના કોલીઓ સમજે છે? અથવા શું એમ સમજે છે કે પારસી કોમ ગમાડોની બનેલી છે? બચ્ચા રમાડવા જેવી દલીલો રજુ કરી તમારા સેકરેટરીઓ પોતાની હસી કરાવે છે એટલુંજ નહી, પણ જે કામ તેઓએ માથે ઉઠાવ્યું છે તેને માટે તેઓ બિલકુલ નાલાયક છે તેનો પુરાવો તેઓ પોતેજ જગતને પુરો પાડે છે. સાહેબ, મને ઘણી દિલગીરી સાથે જણાવવાની ફરજ પડે છે કે તમારા સેકરેટરીઓ જેમ તમને ચલાવે છે તેમ તમે ચાલો છો અને પરિણામમાં તમો સાહેબ ઘણુંએક આપખુદ અને કાએદા વિરૂધ કામો કરો છો. તેના સર્વથી અસરકારક દાખલો કમીટીની એક બેઠક વેળા "પોલ" ની વારંવારની માગણી થવા છતાં તમે તે નહી આપ્યો હતો તે છે. એક સરનશીન તરીકે જે અપક્ષપાતપણું અને મજબુતાઇ જોઇએ તે આપ સાહેબમાં કેવળ ગેરહાજર છે. એવા સંજોગો વચ્ચે તમારા સેકરેટરીઓ પોતાની મરજી પડે તેવાં આપખુદ અને ગેરકાએદેસરનાં કામો કરે છે, પણ જે દીનચુસ્ત જરથોસ્તીઓ પોતાનાં અંત-કરણના અવાજ પ્રમાણે ચાલી બુલંદ અને પવિત્ર જરથોસ્તી ધર્મનાં રક્ષણને ખાતર સ્વારથ રહિત લડત ચલાવે છે તેઓ ઉપર દર્શાવેલી આપખુદીઓ અને ગેરરીતીઓ કદીબી સાંખી શકશે નહી. ભલે તમારી કોનફરંસના મદદગારોમાંના કોઇએક જેઓ બહેરથાઇનો તરીકો ભુલી ગયા હોય તેઓ પોતાનાં માનીતાં અઠવાડિક વાજીંત્રોમાં પોતાના વિરોધીઓને મોં ભાવતી ગાળો ભાંડે અને હલકાં વેણો ઉચ્ચારી અને એવીજ બીજી નીચ યુકિતઓ વાપરી તેઓ જે પ્રમાણિક અને બીન-સ્વાર્થી લડત દોલત, દરજા અને લાગવગની સામે ચલાવી રહયા છે,

તેમાંથી તેઓને નસાડી મેલવાની મિથ્યા કોશેસ કરે, પણ જે દીનચુસ્ત જરથોસ્તીઓનાં દિલમાં પોતાના બુલંદ અને પવિત્ર ધર્મને માટે સાચી દાઝ હશે અને જેઓ કાંઇપણ જાતના દુનિયાઈ લાભને ખાતર નહીં પણ પોતાના પ્યારા પયગામબર અશો જરથોસ્ત સાહેબના બુલંદ ધર્મ તરફના સાચાં ઇમાન અને એકીનને ખાતર લડત ચલાવતા હશે તેઓ કસાથી પણ ડરી જવાના નથી અને કદીપણ પાછું પાણી કરશે નહીં. સાહેબ તમારા સેક્રેટરીઓ ગમે એટલી આપખુદી અને ગેરરીતીઓ વાપરે પણ એ બધી ઢાકાના ગાઉ સો વાલી વાત છે એમાં પરડા પાછળ ભરાયલા પેલા કહેવાતા સુધારાવાલાઓ જેઓ સુધારાનાં ઓઠાં હેઠળ પોતાની બાતેનની મતલબ કાઢી લેવા માગે છે, કે જે કાંઈ નહી પણ જુદ્દીનોને જરથોસ્તી કોમમાં ઠસાવવાની છે, તે સાહેબો પોતાની ધારેલી નેમમાં કદીપણ પાર પડી શકશે નહી, કોર્ટ દરબારમાં હારી આવેલા હોવાથી એ સાહેબો કોનફરંસનું ધતીંગ ઉભું કરી પોતાની નેમ પાર પાડવા માગે છે, પણ એ તદબીરનો ભેદ હવે ખુલ્લો થઇ જવાથી પોતાની નેમમાં ફતેહ મેળવવાની આશા રાખવી મિથ્યા છે. તેઓ ઘણામા ઘણું એટલુંજ કરી શકશે કે કોમમાં મતફેરી ઉભી કરીને તડાં પડાવશે અને કડવાસની લાગણીનો ફેલાવો કરશે, માટે હું આપ સાહેબને નમનતાઈ પૂર્વક સુચના કરવાની રજા લઉછું કે જેમ ગુજરાતીમા કહેવત છે કે "ભુલ્યા ત્યાથી ફરીથી ગણો" તે ડાહપણ ભરી કહેવત પ્રમાણે ચાલી હાલ થોડાક માસ કોનફરંસ ભરવાનું માંડી વાળી તે અરસામા કોમના ખરા અકાબરો, અગ્રેસરો, અને આગેવાનો, જેઓ પોતાની ઉમર, દાનાઈ વગેરેને માટે જાણીતા થયલા છે તેઓ સર્વને એકઠા કરી અને તેઓની દિલસોજી મેળવી જરથોસ્તી કોનફરંસને લગતી એક નવીજ વ્યવહારૂ યોજના ઘડી કાઢી તે ઉપર અમલ કરવાને પારસી પંચાયતના માનવંત ટ્રસ્ટી સાહેબો મારફતે એક અંજુમનની સભા બોલાવવી અને મજકુર યોજના ઉપર અંજુમનની બહાલી મેળવી તે ઉપર અમલ કરવાને ઘટતાં પગલાં લેવાં. થોડાક મહીના કોન્ફરંસ મુલતવી રાખવાથી હાલની ઉસ્કેરાયલી લાગણી ઠંડી પડશે અને સઘળી પક્ષવાલા એકાદ નવી યોજના ઘડી કાઢવાનાં કામમાં દિલસોજીથી શામેલગીરી આપશે.

લા૦ દુઆગીર સેવક,

માણેકજી કાવસજી પટેલ.

કહેવાતી જરથોસ્તી કોનફરંસ સામે જામે જમશેદ પત્રની નેક સુચના સાથના વીચારો.

બાપુઓ—કાં અમસથા પછાડા મારોછો.

નવા સુધારકોની ગણત્રી એવી છે કે હમાણુ પારસી ટાકો tansition stage—એટલે જે કુદકે ને ભુસકે બદલાતો જમાનો—દેખાડ છે અને તે વખતેજ ચાંપતા ઉપાયો લઇ ફેરફારો કરી નાખવા જોઇએ. પણ શેમાં કુદકાને ભુસકા મરાય છે? પાઘડી જતી રહીને ફેંટા અમલમાં આવ્યા અને ફેંટા ખસતા જઇને ઈંગ્રેજી ટોપીઓ રજુ થવા લાગી એ સઘળા ફેરફાર થયા છે ખરા છતાં પારસી બચ્ચાએ એવા ઉપર ટપકેના ફેરફાર કયા જમાનામાં કરયા નથી? અગાઉ કલીઆણીમાં પારસી લાલ પાઘડી અને ધોતીઆં વટીક પહેરતા હતા, ચાંસના જોડા પહેરતા હતા અને લાંબી કલ્લીની બાંહેવાળી ડગલી સજતા હતા; તે પરથી બદલાઇને ડગલા પાટલુનપર આવ્યા—તે શું કુદકેને ભુસકે સુધારો થયલો કહેવાય? પારસી સ્ત્રીઓમાં એથીબી વધારે ઝડપથી ફેરફારો થયા છે. તે વખતમાં અને આજનામાં એટલો બધો તે શું ફેરફાર થઈ ગયો? પારસી ધારમીક લાગણી તો હજી જેવીને તેવી ઓસ્તવાર છે. તે વાત વીસારી મેલીને નવા સુધારકોએ જે દોડાદોડી કરી મુકી છે તેમાં તેઓ ગણત્રીમાં ભુલ્યા છે. સંસારી ખામીઓ અને વહેવારૂ નબળાઇઓને પહેલાં હાથ ધરીને આસ્તે આસ્તે રસ્તો મોકળો કરવાને બદલે ધરમને લગતા સવાલોની અંદર દેખું નાખવામાં તેઓએ ઉતાવળ કરીને પોતાનો તરાપો ડુબાડયો છે. ખરો પારસી બચ્ચો તમારી બીજી ત્રીજી શીખામણ સાંભળવાને તયાર થશે—પણ તેઓની જડ લાગણીઓમાં નાક ખોસ્યું કે તેઓ લડવા તૈયાર થશે. તેમાં મુખ્ય કરી એવો ફેરફાર કરાવનારાઓની વીદયા, અનુભવ, ઉમર, સંસારી સ્થીતી, ડાહપણ, દુરઅંદેશી પોતા કરતાં કોઇબી રીતે ચહડતી ન જોશે તો છેનહાર પારસી કોમ તમારી લગામને શરણ થવા કબુલ થશે નહી.

પારસીઓને બરમુછીયા ટીંકુજી સુધારકો જોઈતા નથી.

આ સઘલી નાસીપાસીના ડાંહોવણમાં એક બીજુ નાપસંદ તત્વ એ આમેજ થવા પામ્યું કે નાના નાના ટીકુંજી લખનારાઓ જેઓના મોહ ઉપર પુરી પાધરી મુછ ઉગી નથી, જેઓમાં હજી તો પોતાના પેટનો ખાડો પુરવા જેટલી મવસર નથી—તેઓ પણ ખાંડણીયામાં માથું ઘાલવા પડી ગયા, અને

વધારે ક્બુંબર કરી મેલી. આ નાવાકેફ લખનારાઓએ એટલી પણ પરવાહ ન રાખી કે અમે કેવા પાકટ અને વજનદાર અહસથોની આગળ અમારા દાણા વેરી દઈયે છીયે. આ બધાં કારણોને લીધે ત્યારે આ નવાં ધટીંગનું નામ સાંભળતાંજ સમજુઓ હસી પડે છે અને ધર્મીઓ કચવાય છે તેમાં કાંઈ નવાઈ છે ? નામ મોહોડું ભરાઇ જાય એવું છે "કોનફરંસ !" પણ બાતેનમાં તપાસતાં એક સાધારણ "સુધારક મંડળ" જેવું કાંઇ છે—જેની સાથે કામ પાડવાને કોમનો મોટો ભાગ ધસીને ના પાડે છે. એ આપણી પુરાણી રાહનુમાય સભાનું બીજું સવરૂપ છે એમ કહયે તો ચાલે. આ છેલ્લી સભા તો મહાનજોદ્ધાઓ અને બોઝોરગોની ઝેહેમતનું પરીણામ હતું અને તેણે દાયકાઓ સુધી અનેક ફાંફાંઓ મારયાં અને નહી જેવું પરીણામ નીપજાવી હમણા ધરટલાની અણીપર અવાચક પડી છે-તો પછી આ નવા બરમુછીયા સુધારકો શું વધુ કરી શકવાના હતા?

પણ કરવા માગો છો શું ?

હવે આ પુરાણી તકરાર હાલ તુરત આપણે ખતમ કરયે. એના વીસવાર એકવીસ ઠેકાણેથી સવાલ પુછાયા છે માટે હવે ચુંથાને ચાંલ્લો કરવા જેટલા નીરદય અમે થઇશું નહી. હા શેઠજીઓ, તમે કાનફરંસમાં વરસમાં બે દહાડા મલ્યા અને ચાર પાંચ રસાલા ગણગણ વાંચયા અને ઠરાવો પસાર કીધા—પણ પછી શું? શું તમે એમ ધારો છો-એમ કેહવા માગોછો કે આવા રેસાલાઓ સાંભળવાને લોક દાંતમાં આંગળાં ધાલીને બેસી રહયું છે ? અથવા આવા ઠરાવે ની કોઇને રતી બારબી પરવા છે ? તમે એક નાટકશાળામાં સો પચાસ તમારાં ધરના માણસો ભેગાં કરી ને પાંચસો ઠરાવ પસાર કરી ને ખુશી થાઓ તો તમને કોણ અટકાવે છે ? પણ તેથી કોમ કાંઇ વટલી જવાની છે ? તેઓ તો પેહેલાં આવા રેસાલાઓના પાણા ફેરવવાબી ના પાડશે અને ચશમો ચહડાવીને પુછશે કે 'બા એ વાંચનારા કોણ છે કે અમને શીખાવવા નીકળયા છે?' એ રેસાલાથી રીમના રીમ ભરશો—ખાણી પીણી કરીને ભાષાણો ઉપર સલામતીઓ લેશો-અને તાલીઓ પાડીને હાથ લાલ કરશો પણ તેથી તમારા નાના અંગત મંડળ સીવાય એકબી જરથોસતીને વટલાવી શકશો ? ભણનાર ગણનાર અને આતશની સનમુખ પરસતેશ કરનાર તથા દોખમા ઉપર એતેકાદ રાખનાર એકબી પારસી તમારા રેસાલાઓથી ગભરાઇને પોતાના બાપદાદાનો એતેકાદ મુકી દેશે ? કાનફરન્સના સાગેરદો કહે છે કે અમારાં મતને મળતા હોય તેઓએજ અમારી સાથ સામેલ થાવું. પણ એ મળતા વીશેકો તો અત્યારથીજ સુધરી ગયલા છે ત્યારે પોત પોતામાં રેસાલા વાંચીને કરવાના શું છો ? ભાઇઓ, જરા દરીઆફત કરો. શું ફોકટનો ઉપયોગી વેળ ગુમાવવા જેવું આ નથી ?

કાંઈ બીજી નેમ તો નથી?

કેટલેક ઠેકાણે એમ અનુમાન થાય છે કે આ નવા સુધારકો આસતે આસતે જુદદીન સ્ત્રી પરણવાનો અને દોખમા તારાજ કરવાનો સવાલ પાછો તાજો કરવા માંગતા હશે અને આસતે આસતે હાઇ કોરટ આગળ જઇ કહેવાની ધારણા રાખતા હશે કે 'જુઓ અમારી કોમ આ ફેરફાર માંગે છે—જુઓ અમારી કોમના મોટા સમજુ ભાગે આ ઠરાવો પસાર કરયા છે!!' જરથોસતી કોનફરંસ' આવું ભુલાવો ખવાડનારૂં નામજ પહેલાં તો વાંધાભરયું છે. પણ આ અનુમાન હસવા સરીખું છે. હાઇ કોરટ કાંઇ બચ્ચાં બાલાની સકુલ નથી. હાઇ કોરટની આંખ ઉઘાડનારા અને લખોના ખરચ કરીને પોતાના અસલ મહજબ ઉપર ખડા રહેનારા જરથોશતીઓ કાંઈ હજી મુવા પડયા નથી. બુજોરગ સાહેબોને અને દીનદાર જરથોસ્તીઓને યાહોમ સુધારી નાખવાનું કામ કાંઇ આજકાલના પુરશોનું અને નવાસવા રીપોરટરો અને બીજા ગડબડીયાઓનું નથી. એવાં કામ માટે તો તો મરહુમ શોરાબજી શાપુરજી, નવરોજજી ફરદુનજી અને દાદાભાઈ નવરોજજી જેવા જોઇતા હતા. પણ તેઓનુંબી ઝાઝું વળયું નથી તો આજ કાલના સુધારકો શું ધોળીને ધચ કરનાર હતા.

પણ જરા આઘી ધોબીશું. અમારૂં બોલવું હજી પુરૂં થયું નથી.

કહેવાતી જરથોસ્તી કોનફરન્સ.

મી૰ માણેકજી પટેલને ઉખેડી નાંખવાની થયલી કોશેશ.

તેઓને મળેલા કડવા અનુભવનું બયાન.

અખબારે સોદાગરના અધીપતી જોગ.

સાહેબ,

પેલી કહેવાતી જરથોસ્તી કોનફરંસની છેલ્લી સભા પછી જાહેરમાં આવેલા એરવદ ફીરોજ શાપુરજી મસાની ઉપર ગુજરેલાં વીટંબણા ઉપરથી, કોમને લગતા જાહેર સવાલોના બાબમાં ઉઠતી મતફેરીને સબબે, પોતાનીજ જીદ પુરી પાડવાની ધુંઈમાં શુધારાવાલા બળવાન પક્ષના કેટલાક આસામીઓ પોતાની શકતી નો ગેર-લાભ લેવાની કેવી નાલાયક હદ ઉપર ધસડાઈ જાય છે તેના એક બીજા દાખલા તરીકે મને પોતાને મળેલા કડવા અનુભવો આજ રોજે રજુ કરવાની રજા લઉં છુ કે જે ઉપરથી તમારા સુરા પારસી વાંચકો પોતાની કોમ માહેલા કેટલાક કહેવાતા આગેવાનોની જાહેર જીંદગીની નીતી રીતીનું ખરૂં પોગલ જોઇ શકે.

સાહેબ, આજ દશ વરસ થયાં હું જાહેર સવાલોમાં મારી નાકેશ શકતી પ્રમાણે કાંઇ સેહજસાજ ભાગ લેતો રહયો છું. પણ હું જોતો આવયો છું કે તમામ હીંદ વચે કેલવણી અને સુધારામાં આગેવાન ગણાતી પારસી કોમના કેટલાક જાહેર પુરૂષો, અકસર કરીને કોમને લગતા સવાલોમાં માત્ર મતફેરીને સબબે વીરૂધ પક્ષમાં મુખય ભાગ લેનારા કોઇ પણ શખશના ગોયા દુશમનજ બની જઈને તેને વાજબી યા ગેરવાજબી ઇલાજોથી કચડી નાખવાની કોશેસ કરવામાં કાંઇબી કચાશ રાખતા નથી. આ દશ વરસ દરમીઆન મને મલેલા જુદા જુદા કડવા અનુભવોનું વીગતવાર બેયાન કરવા જતા તમારા અમુલય પત્રનો મોટો વીસ્તાર રોકાઇ જવાના ભયથી માત્ર એક બે બનાવોજ અતરે રજુ કરવાને દરસ્ત ધારૂં છું.

આપણી કોમને લગતા યા ધરમને લગતા સવાલોમાં અંતઃકરણની ખરી લાગણીથી દરશાવેલા મારા કેટલાક અભીપ્રાયો કહેવાતા પારસી ધરમ સુધારકોને ગળે નહી ઉતરવાથી તેઓ પ્રથમથીજ મારા ખીલા ઉપાડવાની કોશેશ કરતા રહયા છે, પણ ગમે એવું નુકશાન ખમવા છતાં, તે વીશે જાહેરમાં ફરીયાદ કરવાની મેં આજ સુધી કોશેશ કરી નહી હતી પરંતુ કોનફરંસની છેલ્લી બેઠક પછી એ સાહેબો માહેલા કેટલાકોએ ચલાવવા માંડેલા હદ બાહેરના ગુપત અતેરાંથી હાલમાં જાહેર પબ્લીકને વાકેફ કરવાની હું ફરજ સમજુ છું, કારણ કે એ જાહેર નીતીનો એક સવાલ થઈ પડયો છે.

તમારા સુજ્ઞ વાંચકોને યાદ હશે કે કોનફરંસનો ખીયાલ હસતીમાં આવવાની થોડાંક વરસ આગમજ કહેવાતી ધરમ સુધારક રાહનુમાયે મજદયશ્નાન સભા તરફથી જરથોશતી કોમની બંદગી કરવાની હજારો વરશોથી ચાલતી આવેલી રૂઢીમાં એકદમ ફેરફાર કરી તેને વાજીંતરોનાં "તોમ તોમ" સાથ ગુજરાતી ભાષામાં ગાયનમાં બંદગી કરવાનો જે સવાલ ઉડાવવામાં આવયો હતો તે કોમના મોટા સમજુ ભાગને પસંદ નહી પડવાથી તે બાબે જબરી જુમબેસ ઉઠી હતી, કારણ કે તે ફેરફાર યુરોપયન રીતીની એક વાંદર નકલજ માત્ર હતી તે જુમબેશમાં મેં જુના ચાલતા આવેલા રેવાજની પક્ષ લેવા ઉપરથી સુધારાવાલા ચોકસ સાહેબોએ મારી ઉપર તે માટે ઘણુંજ નાપસંદ કરવા જોગ વેર લીધું મરહુમ શેઠ કાવસજી મેરવાનજી સરાફના ગુજરવાથી પ્રાણીઓ ઉપર ઘાતકીપણું અટકાવનારી સભાના સેક્રેટરીના ખાલી પડેલા ઓધા માટે મેં ઉમેદવારી કીધી હતી અને તે ઓધો મને મળે એવું નજદીક ચોકસ થયું હતું. પણ એક કહેવાતા સુધારાવાલા પારસી શેઠીયા જેવણુને ગાયન રૂપી બંદગીની મજકુર જુમબેશમાં મેં મહાત કીધા હતા, તેવણુ મેમબરોમાં ફરી વલ્યા અને મજકુર ઓધો મને મલતો અટકાવયો અને તે બાબે ઘણીજ ઉકમાઇથી તેવણે પોતેજ મને વાકેફ કીધો તયારબાદ એક પારસી ગ્રહસ્થ જેવણ સાથ હું કમીશન એજંટનો ધંધો કરતો હતો, તેવણુથી મને છુટા પાડવાનું કપટી કામ એક બીજા સુધારાવાલા પારસી સાહેબે બજાવયું આ સગળી બીનાઓ જાહેર પ્રજા આગળ રજુ કરવાને મેં તે વેળાએ નામુનાસેબ ધારયું હતું પણ હાલમાં એ સાહેબો કીનાકપટમાં એટલા તો આગળ વધયા છે કે છેલી કોનફરંસ પછી ગોયા અવધીજ કરી રહયા છે અને એક નીરદોશ માણસની આબરૂ હોરમતપર જુઠો અલાપ લેવાને પણ અચકાયા નથી માટે તે બીજી બીના જાહેર પ્રજા આગળ ધરવાની હવે હું ફરજ સમજુ છું છેલી કોનફરંસ મળયા પછી થોડેક દીવસે મારા એક જાહેર વીરોધીઓ કેળવણીખાતાંના એક મોટા અમલદાર આગળ મારી જુઠી ગીબંત કરીને યંગ લેડીઝ હાઇ સ્કુલ કે જયાં શીક્ષકના ધંધા માટેના મારા શોખને લીધે પંદર વરસ સુધી હું દરરોજ બે કલાક ઇંગ્રેજી અને તવારીખનું શીક્ષણ આપતો આવયો હતો તયાંથી મને રૂખસત અપાવી. થોડાક માસ જવા બાદ ઘણા વીચીત્ર સંજોગો વચે, મારા વીરોધીએ મારી પીઠ પાછળ મારી ઉપર જે હુમલો કીધો હતો તેના દસતાવેજી પુરાવા મારા હાથમાં આવયા મેં તુરત સરકાર સાથે એ બાબદમાં પત્રવહેવાર ચલાવયો અને તારીખ ૨૨ મી એપ્રેલ ૧૯૧૧ ને દીવસે સરકારના સેકરેટરી મી० રોબરટસને એક યાદી મારફતે મારી ઉપર તેમજ મજકુર સ્કુલના અધીકારીઓ ઉપર લખી જણાવયું કે

મારી સામે મેલાયલાં તોહમતો વીષે સરકારે તેહકીક કીધી હતી અને તે તોહમતો બીલકુલ વજુદ વીનાનાં માલુમ પડયા હતા. સરકારની મજકુર યાદી હું નીચે બોલેબોલ ટાંકી બતાવું છું :—

No. 816 of 1911.
Educational Dept.,
Bombay Castle,
22nd April 1911.

Memorandum.

In reply to his letter dated the 27th March 1911, Mr. M. K. Patel is informed that it is being conveyed to the managers of Young Ladies' High School that Mr. Prior's letter dated 15th May 1910 was written under a misapprehension, that the charges against him have been investigated and found to be groundless and that therefore he may be reinstated in his appointment if the managers have no objection.

(Sd.) ROBERTSON,
Secretary to Government.

ઉપલી યાદી ઉપરથી વાંચનાર આલમ જોઇ શકશે કે માત્ર મતફેરીનોજ કડવાસ દીલમાં રાખી મારા વીરોધીઓ મને કચડી નાખવા માટે છેક સરકાર સુધી પહોંચી વળવા તથા તેને આડે મારગે દોરવાને પણ ચુકયા નથી. પણ "અંતે ધરમો જય" એ કહેવત પ્રમાણે આખરે નામદાર સરકાર તરફ મને ઇનસાફ મળયો છે. અધીપતી સાહેબ, મેં ઉપર રજુ કીધેલી બીનાઓ ઉપરથી પારસી જાહેર જીંદગીનો કેવો સફો આપણી આગળ રજુ થાય છે ? કોમને બલકે કોમના ધરમને સુધારી નાખવાનો ફાંકો રાખનારા સાહેબો પોતેજ પોતાના વીરોધીઓને કચડી નાખવા માટે પોતાની દોલત, દરજજા અને લાગવગ વગેરે શકતીઓનો આવો શુભ (?) ઉપયોગ કરી બતાવે છે, તો તેવા સુધારકોથી કોમનું દરીદર ફીટી, પારસી કોમ હવે થોડાજ વખતમાં ફેરવાઇ જઇને સુધરેલો વીલાયતી ટોળો બની જશે એ વાત નથી જાણવી.

લા૦ માણેકજી કાવસજી પટેલ.

૧૮-૮-૧૧.

*** મી૦ માણેકજી પટેલ જયારે જાહેરમાં ખુલાસો કરવા બાહેર પડયા છે તયારે તેઓએ એવા સાહેબોનાં નામ ઠામ છાપવાની ખાસ જરૂર હતી. કે જેથી બીજાઓ ભવીશમાં એવાં કામો કરતા અટકે, અને ગરીબોનાં પેટપર લાત પડવાનો સંભવ ઓછો રહે. અધીપતી અખબારે સોદાગર.

મી० ફરેદુન દાદાચાનજીએ

કેહેવાતી જરથોસતી કોનફરંસના

સેકરેટરીઓ ઉપર લખેલો કાગળ.

બેલવીલ, ખંબાલાહીલ ૫ મી સપટેંબર.

જરથોસતી કોનફરનસના સેક્રેટરીઓ.

ફરેદુન કે. દાદાચાનજીનો કાયદાસરનો પ્રોટેસ્ત.

સાહેબો,—તમારો તારીખ પેહેલીનો પત્ર પહોંચયો છે. તમને વખતો વખત વહાઇતવે બીલડીંગસ કોટ'માંથી લાંબા લચક કાગળો લખી મોકલવાની કોણું સલાહ આપે છે, અને કોણે અધીકાર આપયો છે તે જાણુવાની હું માંગણી કરૂં છું. તમારી ફરજ જે સાદી છે તે તમે બજાવતા નથી. તમારે સટેનડીંગ કમીટી આગળ સઘળાં બીકટ સવાલો લેઈ આવવા જોઇએ. તમારેથી કોઇ પણુ જાતના કહેવાતા ખુલાસાઓ "કમીટી"ના અધીકાર સીવાય બહાર પાડી શકાય નહી અમારી કમીટીને તમે આવાં પગલાંઓથી હશીમાં લાવો છો તમને સાતમી સપટેમબર સુધીમાં અમુકચીજ કરી દેવાની માંગણી કરવાની કોણે સતા આપી છે. તે તમારે જણાવવી જોઇતી હતી.

તમે તમારા કાગળના બીજા ફકરામાં જે બાબત રજુ કરો છો તે કોઈ અનુભવી કાયદા શાસતરીની આગલ મેલયા પછી કમીટીની પરવાનગી લઈને કરવા ચાહતે તો તમારી ભુલ જણાઈ જતે તમે 'કામચલાઉ' (provisi onal) નો અરથ શુ છે તેની તપાસ કરશો તો જણાશે કે બીજી કોનફરનસમાં સરવથી પેહેલું કામતો કાયદાકાનુનોના ખરડા ઉપર વીચાર ચલાવવાનું છે તેની આગળ કોઇપણુ ચલાઉ કામ બીજી કોનફરનસ હાથ ધરી શકશેજ નહી તયારે "કામચલાઉ" સવીકાર કરવા અને તેની વીરૂધ બોલવાની વચમાં એક મીનીટનો પણુ અરસો રેહેનાર નથી તયારે 'કામચલાઉ' શબદ કેવો અનરથ છે તે જણાઇ જાય છે. એટલે કામ કાંઇ ચાલવાનું છેજ નહી, તયારે "તેટલા જે

પણુ કામકાજ કોનફરંસના સંબંધમાં ચાલે તે સંબંધાંત કોમ્યુનાઉ કાયદા કાનુ-નોને અનુસરીને થવા જોઈએ" એવું તમારૂં કહેવું બચાં સહી ડોગડ ડાગડ કરવા જેવું અને ફોડના કાગળગને અરથ વીનાના એપોથી ટેકો આપવા જેવું છે. વળી કમીટીને શું અધીકાર છે કે "જે પણુ કામકાજ કોનફરંસના સંબંધમાં ચાલે' તે માટે ફીડ ઉપર સહી માગે એવું તો કમીટીએ પણુ કદી દીયરવાન હીમત કરી નથી 'કમેટી પોતે એકલીજ કોનફ્રરનસ સંબધમાં કામકાજ ચલાવી શકે અને અમુક સભાસદની ફીડ ઉપર સહી થાય તેથી આવા કામકાજને સું મદદ મલે? વલી 'ઠરાવમાં જે બોલ્લો ન હતા તે ઉમેરવા અને 'કમીટી'ની સતાની હદ બાંધવા તેમને કસો અધીકાર નથી. સેકરેટરીઓ આવું ભલતું ભલતું લખવાથી જરથોશતી કોમમાં પોતા માટે હલકો મત બેસાડે છે તે અફસોસ કારક બીના છે.

તમે કોનફ્રરનસ અથવા સવાગત કમીટીમાં, દરેક સટેનડીંગ કમીટીના મેમબરથી ફીડ ઉપર સહી કરયા વીના જોડાઈ શકાશે નહીં એવું જે લખો છો અને ફીડ ફોરમ ઉપર સહી ન થાય તો કોનફ્રરનસ અથવા સવાગત કમીટીમાં સામેલ થવાની અમારી મરજી નથી એવું સમજશો એમ જણાવો છો તે બદલ આટલુંજ કહેવા માંગું છું કે કોઇ પણ રવેશે 'કમીટી'ના ગેરકાયદાસર ઠરાવ અને તે નહી સુધારાવવા માટે તમે લીધેલી હઠને હું કદી ઉતેજન આપીશ નહી. મારા સાંભળવા મુજબ કમીટીના અને તમારાં ઉપલાં પગલાંથી પારસી કોમમા એટલો કચવાટ અને બોફ ઉતપન થયો છે કે તમારી સાથે જોડાઇ બીજી કોન-ફ્રરનસમાં કામ કરવા હાલ સુધી ભાગ્યે ૭૦–૮૦ જણે તમારી ઉપર ફીડ સહી કરીને મોકલ્યો છે. એમ પણ સંભલાય છે કે 'ફીડ' બદલ જેઓ આગળ તમારી તરફ હતા તેઓ પણુ તમારેથી છુટા પડયા છે. તમે છુપી સભા બોલાવી હતી તેમાં પણુ તમને ત્રણુ ચાર ખુમ્મત ચહસયોએ 'ફીડ' નું ધતીંગ કાયદાથી ઉલટુ છે એવી સલાહ આપી છે એવું સંભળાય છે. આ સલાહકારોમાં એક જુના કાયદા શાસ્ત્રી હતા, અને બીજા તમારામાના એક સેકરેટરી સાહેબ હતા એવુ જણાય છે. કોનફ્રરનસને આવાં ગેર કાયદેસર કામોથી કેટલા તીરસકારમાં લાવી મુકી છે. એ તેમાં શામેલ થનારની જુજ સંખયા પુરવાર કરી આપે છે. જો તમે સમજી શકતા હો તો તમારી ભુલી ગયલી ફરજને તમે યાદ કરી શકસો વળી

કોઇ પણ સનમાનવાલો ગ્રહસથ જયાં તુલીક સઘલી ભુલો શુધારી તમે અને કમીટીનો અમુક ભાગ પોતાની દલગીરી જાહેર ન કરશો તયાં સુધી કોનફરનસમાં જોડાય એ અસંભવીત છે. મુંબઇના ૪૬૦૧૦ પારસીઓમાંથી ૭૦-૮૦ કદાચ તમારી તરફદારી કરતા હશે અને તેમાં કેટલાક છાપાઓ પણ તમને ખાંધ આપતા હોય તો તમે જરથોસતી કોનફરસનું નામ કયે આધારે બીજા કોનફર-નસને અપાવશો તે સાદી સમજમાં ઉતરી શકતું નથી છેવટે તમને ચેતવણી આપવામાં આવે છે કે બીજી કોનફરંસ નીષફળ થશે તેમાં જનારાઓને કડવાં ફળો ચાખવાં પડશે અને જો તે ભરાશે તો તેમાં ભાઇ બાપુ કરીને હાથે પગે લાગીને એકઠા કરેલા કદાચ ૫૦-૬૦ ગ્રહસથો અને બાનુઓજ બીરાજશે વધુ શું થશે અને કેવાં ભડકા ફુટશે તે હાલ જણાવવાનું ટાંકણું નથી. સાવચેત રહેશો.

તમારો ખેરખાહ સેવક,

ફરેદુન કે. દાદાચાનજી.